કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક · વર્ષ ૫૩મું · અંક ૪થો

એપ્રિલ ૧૯૭૬ · સળંગ અંક ૬૨૮

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત

પ્રિયદર્શિની [ફોટો · બાલમુકુંદ શાહ]
અમદાવાદની 'નિહારિકા' ક્લબે તાજેતરમાં યોજેલા એમના આઠમા અખિલ ભારતીય ફોટોપ્રદર્શનમાંની એક કૃતિ. વિશેષ હવે પ...





સંદેશ
ચિત્રકાર: નાગજીભાઈ ચૌહાણ

સવારના પહોરમાં ઘરને આંગણે કાગડો બોલે
એ મહેમાન આવવાની એંધાણી.
મોટેરાંને મન વહાલાં સગાં આવવાની અને
ઘરની દીકરીને મન વહાલાના આગમનની એ વધામણી.
ઘરની ડેલીએ એ વધામણીના બોલ સાંભળવા
થંભી ગએલી અને મીઠો રોમાંચ અનુભવતી
ગ્રામયુવતીના આ ચિત્રમાં કલાકારે
એ માન્યતાના રસમધુર ભાવને
તાદૃશ કર્યો છે.

(કલાકારનો પરિચય 'કલાવાર્તા'માં)

સનાતન યુગ્મ
શિલ્પી • નાગજીભાઈ ચૌહાણ



કુમાર

એપ્રિલ ૧૯૭૬ · અંક ૬૨૮

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

હવે મૃદુલ / ભાનુપ્રસાદ પંડ્યા

• પૃથ્વી •

વ્યતીત સદીઓ તણા હૃદયની થીજી વાદને
મુખે ધરબી ચૂપ એ ? દિસતી કોઈ કરુકાબરા
મહા અજગરે તજી જિરણ અંગથી કાંચળી
સમી, મ્યુઝિયમે અહીં નીરખું તોપ તાતિંગ આ !

વછૂટી વકરી હશે મુઘલની જયેચ્છા થઈ
ઘણું ગરજતી હશે ધ્રૂજવી ધાર. પાણીપત !
ગળી અગણ માછલાં મકરી કો પડી રેતમાં
રહે અચલ, તેમ આ સમયને કિનારે પડી !

લહું અજબ ખેલ ત્યાં: નજરમાં ભરી વિસ્મય
અરે શિશુક એહને! ઊડતી એક ચલ્લી ધસી
ઉપાડી તૃણ ચાંચમાં મૂકતી નાળચે લોહના!
જતાં સમય ત્યાં હશે કુમળું ચીંચતું શૈશવ?

ધસેલ જ્યહીંથી હતી ધધકતી ધુંવાધાર ત્યાં
રહ્યા સળવળી હવે મૃદુલ કૈંક રોમાંચ શા !

હિસાબ / મહેન્દ્ર 'સમીર'

• ગઝલ •

એમ થાતું'તું કે તારો રહી જશે કાચો હિસાબ;
માનવી પેદા કરીને તેં કર્યો પાકો હિસાબ!

એ જ પ્યાસી આંખમાં જાદુભરી છલના બધે,
કોઈએ આપ્યો નહિ અહિંયાં કદી સાચો હિસાબ!

મેં ગણ્યું જે પુણ્ય તારે ચોપડે તે પાપ છે.
એ ખબર ન્હોતી કે થાશે સ્વર્ગમાં આવો હિસાબ!

એક-બે તારી નમાઝો, એક-બે મારા ગુનાહ,
સે ઉતાવળ કર ખુદા! મારો નથી ઝાઝો હિસાબ.

એક ભવની વાત છે, કૈં ફર્ક પણ આવે 'સમીર',
જે હશે તે બોલશે ચાલો ફરી માંડો હિસાબ.

આજ એ નથી / 'ચાતક'

• નઝમ •

કેવા એ દિવસો હતા – ને કેવી એ રાતો હતી!
હર પળે જ્યાં મોતની સાથે મુલાકાતો હતી!
માત્ર ફૂલોથી સજાવેલા જનાઝા એ ન'તા—
પણ શહીદોને વરેલાઓની બારાતો હતી!
આજ એ દિવસો નથી – કે આજ એ રાતો નથી,
આજને એ કાલ સાથે જાણે કૈં નાતો નથી!

ખાંધ પર ખાંપણ લઈ ફરતી જવાની જોઈ'તી,
મોતની સામે ય ડગ ભરતી જવાની જોઈ'તી;
આંખમાં અગ્નિ અને દિલ પર સિતમના લૈ ઝખમ–
મેં શહાદતને હસી વરતી જવાની જોઈ'તી!
એ જવાની પણ નથી—કે એ કહાની પણ નથી!
આજ જાણે દેશમાં એની નિશાની પણ નથી!

હાથમાં જંજીર—પગે પોલાદની બેડી હતી,
ડગલે પગલે ડંખતા કાંટાભરી કેડી હતી;
ક્યાં ય આશાનું કિરણ ન્હોતું છતાં શ્રદ્ધા-બળે
એ સફર ખેડી હતી—એ રાતને ફેડી હતી.
એ શહાદતની સફરનાં કારવાં આજે નથી!
એ જિગર, એ જોમ કે એ નવજવાં આજે નથી!

આવી આઝાદી ખરી, પણ એ ખુમારી ના રહી!
સરફરોશીની તમન્ના, જાન્નિસારી ના રહી!
એ જવાંમર્દી કે એ ઝિન્દાદિલી પણ ના રહી–
ના રહી યારો!—હવે યારોમાં યારી ના રહી!
ક્યાંય પણ ઈન્સાનિયત–ઈમાનદારી ના રહી!
મંઝિલે પ્હોંચ્યા તો મંઝિલ અમને પ્યારી ના રહી!

વિજ્ઞાનનું દાન

ફાધર વાલેસ

આપણો યુગ વિજ્ઞાનનો યુગ છે. વિજ્ઞાનના સંસ્કારો આજે નાના છોકરાઓને પણ વહેલાવહેલા મળે છે. નિશાળમાં વિજ્ઞાનના વર્ગો ચાલે, પ્રયોગો થાય, પરીક્ષા લેવાય; વિજ્ઞાનની મોટી સિદ્ધિઓનો ખયાલ આવે; પ્રખ્યાત વૈજ્ઞાનિકોનાં જીવનચરિત્રો વંચાય. એ રીતે બાળકોનું મન ઘડાય ને વૈજ્ઞાનિકવૃત્તિ કેળવાય.

હવે વિજ્ઞાનમાં ઉત્કૃષ્ટ જીવનમૂલ્યો છે. એ આપણે ઓળખીએ અને સાચાં મૂલ્યો તરીકે અપનાવીએ તો એ સમાજની નવરચનાનો ઉત્તમ પાયો બની શકે.

વિજ્ઞાનમાં સત્ય છે. સત્યની કસોટી, ચોકસાઈ, આવશ્યકતા. એમાં બાંધછોડ નહિ ને ભેળસેળ નહિ. કુદરત નહિ છોડે. આટલો નિયમ ને આટલું પ્રમાણ. એમાં ભૂલ કરી તો માથે પડશે. માણસોને છેતરી શકાય, પણ કુદરતને ન છેતરી શકાય. બ્રહ્માંડનાં સમીકરણો છે. પ્રકૃતિનાં સૂત્રો છે. જેવો 'સત્યાગ્રહ' કુદરતમાં છે એવો બીજે ક્યાંય નથી.

ધર્મમાં અને વ્યવહારમાં સત્યની ભાવના મોળી થતી જાય છે એ સૌની ફરિયાદ છે. તો વિજ્ઞાનની પાસેથી એ હવે મેળવીએ: પ્રયોગશાળામાં કેટલી બધી મહેનત કરવી પડે, કેટલો સમય ગાળવો પડે! બરાબર યંત્ર ન ગોઠવાય, માપ ન લેવાય, ઘડો ન થાય તો ખોટું જ પરિણામ આવે. અને ખોટું એટલે ખોટું. કુદરત એમાં દયા કરતી નથી. ચોક્કસ પ્રયોગ ન કર્યો તો એનું પરિણામ આવવા દેતી નથી. આ બે દ્રવ્યો મેળવતાં લાલ રંગનું મિશ્રણ આવવું જ જોઈએ. પછી યોગ્ય પ્રમાણમાં ન મેળવીએ તો ભૂરો રંગ પણ આવે. આટલા તાર જોડવાથી આ છેડે છેવટે પ્રકાશ થવો જ જોઈએ. પણ એમાં જો એક પણ તાર બરાબર ન જોડાયો તો પ્રકાશ નહિ આવે. ચોકસાઈ જોઈએ ને પ્રામાણિકતા જોઈએ. વિજ્ઞાન એટલે વિજ્ઞાન. સત્ય એટલે સત્ય.

હવે પ્રયોગશાળામાં જે વલણ શીખીએ છીએ તે જીવનમાં પણ અપનાવીએ એટલું જ જોઈએ. વિજ્ઞાનના સંસ્કારો ચોકસાઈનો આગ્રહ. સત્યની દીક્ષા. એ તાલીમ અને એ ટેવ. વર્ગમાં શીખ્યા તે સમાજમાં કરવાનું. વૈજ્ઞાનિક હોય તે કાયમ માટે હોય. વૈજ્ઞાનિક મનોવૃત્તિ આવે તે કાયમ માટે રહે. માણસ દિવસમાં છ કલાક વૈજ્ઞાનિક હોય અને બાકીનો સમય વૈજ્ઞાનિક મટી જાય એવું નહિ બને. મન એક જ છે અને વ્યક્તિત્વ એક જ છે. એક વાર ટેવ પડે તે રહે. એક તરફ દૃષ્ટિ બંધાય તે બંધાય. પ્રયોગમાં આપણે શીખ્યા કે ખોટાં માપ લેવાથી ખોટું પરિણામ આવે, તો વેપારમાં પણ શીખીએ કે ખોટાં માપ વાપરવાથી ખોટું જ પરિણામ આવે. ખોટું મિશ્રણ કરવાથી ખોટો રંગ આવે એ પ્રયોગશાળામાં પણ બને ને જીવનશાળામાં પણ બને. નજર સામે જોયું છે એ નજર સામે જોવાશે. એકમાં ન ચાલે તે બીજામાં પણ ન ચાલે. બંનેનો પ્રભુ એક જ છે બ્રહ્માંડનો પ્રભુ એ હૃદયનો પ્રભુ. કુદરતનો સ્વામી એ માનવીનો સ્વામી. એક જ સિદ્ધાંત છે, એક જ શાસન છે.

સાચા વૈજ્ઞાનિકો મહેનતુ, પ્રામાણિક, નમ્ર હોય છે. તેઓ એ સદ્‌ગુણો પોતાના વ્યવસાયમાં કેળવે છે, ને પછી પોતાના જીવનમાં પ્રસરવા દે છે. મહેનત વગર કામ ન થાય. ચોકસાઈ વગર પરિણામ ન આવે. ને આપણી મર્યાદાનો સતત ખયાલ રહે એટલે નમ્ર પણ થવાય. સાચા વૈજ્ઞાનિકમાં એ ગુણો ઊંચી કક્ષાએ હોય, તો જેણે વિજ્ઞાનનું શિક્ષણ લીધું હોય એનામાં પણ એ સારે અંશે જોઈએ. વિજ્ઞાનના પાઠ સ્કૂલમાં શિખાય એની સાથે વિજ્ઞાનની છાપ મન ઉપર પડે એ વિશેષ મહત્ત્વનું છે.

વિજ્ઞાનમાં સત્યની ઉપાસના છે, એટલે દરેક વાતની પૂરી ચકાસણી કરવાનો આગ્રહ તે રાખે છે. વિજ્ઞાનનું એ એક ઉત્કૃષ્ટ મૂલ્ય છે, અને એ આપણા યુગને માટે ખાસ જરૂરી છે. લોકોમાં કેટલા ખોટા વહેમ, માન્યતાઓ, અફવાઓ હોય છે! બસ, છાપામાં આવ્યું એટલે સાચું હશે, પાડોશીએ કહ્યું એટલે પૂરું મનાય, બધા એમ કહે છે એટલે આપણે પણ એમ કહીએ. કોઈ વિવેક નહિ, ચકાસણી નહિ, ખાતરી નહિ. બસ, સાંભળીએ તેવું કહીએ, વાંચીએ તેવું માનીએ. એ એક જીવલેણ કુટેવ છે, અને એનો સાચો ઉપાય વિજ્ઞાન જ છે.

વિજ્ઞાન તપાસ કરે છે. એને સત્યની પૂજા કરવી છે. એટલે જ એ સત્ય છે કે કેમ એ પ્રથમ બરાબર જોઈ લે છે. છાપેલું એટલું સાચું એમ નથી હોતું. અને સાંભળેલું એટલે સાચું એમ પણ નથી હોતું વાત સાંભળી. ભલે. પણ કોણે કહી? અને શા ઉપરથી કહી? ખાલી અણે પણ એ વાત સાંભળી હતી એટલે કહી, અને આપણે એની પાસેથી સાંભળી એટલે સાચી માની અને આગળ ચલાવી? તો એ વાતનો પાયો નથી. ભલે બધા એ કહે અને ભલે બધા એ માને. અનુમાન હશે, અટકળ હશે, અફવા હશે. એનો વિશ્વાસ ન કરાય. એનો આધાર ન રખાય. વિજ્ઞાનની આગળ જે કોઈ વાત આવશે તે એ એમ ને એમ નહિ માને, તે એ માપે, તપાસે, તોળે, પ્રયોગો ચલાવે, કસોટીએ ચડાવે, ખાતરી કરે. ખાલી આમ 'હશે', 'હોવું જોઈએ' એમ નહિ; પણ ખરેખર આમ છે જ એ પુરવાર થાય ત્યારે વિજ્ઞાન પાયો શોધે, સાબિતી માગે, તાળો મેળવી લે. અને પૂરો વિશ્વાસ બેસે કે આ ખરેખર સત્ય છે ત્યારે જ એ દુનિયાની આગળ મૂકે.

એ વલણ બહુ કીમતી છે, અને વ્યક્તિના તેમ જ સમાજના જીવનમાં ખૂબ જરૂરી છે. જાગ્રત મન, વિવેકની દૃષ્ટિ, પ્રમાણનો આગ્રહ. બધું સાંભળવાનું, પણ બધું માનવાનું નહિ. બધું જોવાનું, બધું સ્વીકારવાનું નહિ. બુદ્ધિની કસોટી અને અનુભવનો ન્યાય. સત્યની પ્રતિષ્ઠા છે. માટે જ એને સત્ય તરીકે સ્વીકારતાં પહેલાં એની પૂરી ચકાસણી કરવી જોઈએ.

સત્યનો આગ્રહ, સત્યની કસોટી, સત્યની સાચી ને વ્યવહારુ આરાધના—એ ઉત્તમ મૂલ્યો વિજ્ઞાનમાં છે. વિજ્ઞાનના શિક્ષણ દ્વારા એ આખા સમાજમાં આવશે તો સમાજનું કલ્યાણ થશે.


જીવનનો પૂરેપૂરો લાભ લેવા

- લોકો સાથે બોલો. સલામીના બેચાર શબ્દો જેટલી મીઠાશ શેમાં ય નથી.
- હસતું મોં રાખો. ચિડાવામાં ચહેરાની ૭૪ માંસપેશીઓ વપરાય છે. પણ સ્મિત કરવામાં માત્ર ૧૪ જ જરૂરી છે.
- લોકોને એમનાં નામથી સંબોધો. કોઈ પણ માણસને પોતાનો નામોચ્ચાર સંગીતમય લાગે છે.
- સહકારી વલણ રાખો. જે કંઈ બોલો કે કરો એમાં તમારો આનંદ વ્યક્ત કરો. બીજાને માટે કંઈ પણ કરો એનું જીવનમાં મોટું મહત્ત્વ છે.
- લોકોમાં ખરેખરો રસ કેળવો. પ્રયત્ન કરશો તો સૌ તમને ગમવા લાગશે.
- બીજાની લાગણીઓને માન આપો. એની કદર થશે જ.
- અન્યના અભિપ્રાયો પણ વિચારી જુઓ. મતભેદની ત્રણ બાજુઓ હોય છે: એક તમારી પોતાની, બીજી સામા પક્ષની અને ત્રીજી જે ખરી હોય તે.

સતેજ કલ્પના શક્તિથી તરવરતો
મુફલિસ યુવાન
મિસિસિપી નદી પરનો નાવિક
સમૃદ્ધિની શોધમાં ભટકતો
તેજીલી આંખોવાળો આશાવાદી
તેજાબી જબાનવાળો
વક્રદ્રષ્ટા સંભાષણકાર
અબ્રાહમ લિંકન જેટલો જ
ખ્યાતનામ અમેરિકન
હાસ્યલેખક

સૅમ્યુઅલ લૅન્ગહૉર્ન ક્લેમન્સ

માર્ક ટ્વેઇન



જીવનની અનેક કડવી-મીઠી ગળી જઈ એણે પોતાની તેજીલી તીખી વક્ર બાનીમાં પોતાના દેશવાસીઓને એમની અનેકવિધ લાક્ષણિક વિવિધતા સાથે સાહિત્યમાં અજબ સચોટતાથી રજૂ કર્યા છે.

લેખક
પ્રો. વસંત જોષી

અમેરિકામાં લિંકનનું નામ જેટલું જાણીતું છે એટલું જ માર્ક ટ્વેઈનનું પણ છે. સાહિત્યરસિકો માર્ક ટ્વેઈનના પુસ્તકોથી પરિચિત હોય છે, એટલે તેઓ એનું નામ જાણે એ સ્વાભાવિક છે; પણ અમેરિકામાં એવા કેટલા યે લોકો હોય છે જેમણે ટ્વેઈનનાં પુસ્તકો વાંચ્યાં હોતાં નથી. ટ્વેઈનનાં પુસ્તકોમાં જે મહાનતા દેખાય છે તે જ અથવા તેનાથી વધુ 'ટ્વેઈન' એ વ્યક્તિમાં અમેરિકનોને દેખાઈ, અને એમણે ટ્વેઈનની વિભૂતિપૂજા શરૂ કરી.

ટ્વેઈન વિષે ઘણાં પુસ્તકો લખાયાં છે. એણે પોતાની આત્મકથા પણ લખી છે. એની પ્રસ્તાવનામાં એ લખે છે: 'આ આત્મચરિત્ર લખવા બેઠો છું તે એવા ખયાલ સાથે કે હું મારી ઘોરમાંથી બોલી રહ્યો છું. ખરે-ખર, હું મારી ઘોરમાંથી બોલી રહ્યો છું, કારણ કે આ પુસ્તક મારી હયાતી દરમિયાન પ્રકટ થવાનું નથી. માણસ જીવતો હોય ત્યારે એ પોતાના વિષેનું બધું સત્ય કહી શકતો નથી. આ પુસ્તકમાં હું પૂરી પ્રામાણિકતાથી સત્ય લખી શકું છું કારણ કે હું જાણું છું કે લોકોના હાથમાં આ પુસ્તક આવે ત્યાર પહેલાં હું મરી ગયો હોઈશ'.—તો માર્ક ટ્વેઈન એ વ્યક્તિને સમજવા એ આત્મચરિત્રની જ મદદ લઈએ.

ઈ. ૧૮૩૫નો નવેમ્બર મહિનો. આકાશમાં હેલીનો ધૂમકેતુ ઘૂમી રહ્યો હતો. એ જ મહિનાની ૩૦મી તારીખે સૅમ્યુએલ લૅંગહૉર્ન ક્લે-મન્સ, જે ભવિષ્યમાં માર્ક ટ્વેઈન એવા તખલ્લુસથી દુનિયામાં જાણીતો થવાનો હતો તેનો જન્મ થયો. ઈશ્વરના મનમાં કોણ જાણે કેમ એવો વિચાર સ્ફૂર્યો હશે: 'આ વખતે દુનિયામાં બે ઉત્પાત મચાવી દઉં! એક તે ધૂમકેતુ અને બીજો તે ક્લેમન્સ! દુનિયામાં બંનેને સાથે જ મોકલીશ. અને સાથે જ એમને પાછા બોલાવી લઈશ!' . . .

અમેરિકાના મિસૂરી રાજ્યમાં આવેલા મનરો પ્રદેશના, નકશામાં નરી આંખે કદાચ દેખાય પણ નહિ એવા ફ્લૉરિડા નામના નાનકડા ગામમાં ટ્વેઈનનો જન્મ થયો. ગામની વસ્તી સોએક માણસ જેટલી હશે: 'મારા જન્મથી ગામની વસ્તીમાં એક ટકાનો વધારો થયો. જગતના કેટલા મહાપુરુષોએ પોતાના જન્મથી જન્મસ્થાનની સમૃદ્ધિ-માં આવો વધારો કર્યો હશે? હું આમ બોલું એ અવિનય જેવું લાગે, પણ સત્ય તો કહેવું જ પડે ને?' જન્મ સમયે એ ખૂબ જ દૂબળો હતો. મિસૂરીની કડકડતી ઠંડીમાં એ જીવ્યો એની જ બધાંને નવાઈ લાગી.

નાનપણથી જ ક્લેમેન્સની કલ્પનાશક્તિ તેજ હતી. એ મોટીમોટી




△ ઈ. ૧૮૫૯માં જ્યારે સામ ક્લૅમન્સની મહેચ્છા પાર પડી અને એને નદીપ્રવાહમાં જહાજ ચલાવવાનો પરવાનો મળ્યો ત્યારે, ૨૩ વર્ષની વયે. (જમણી બાજુ) યુવાનીમાં મુફલિસી વેઠ્યા પછી જ્યારે એની સ્થિતિ સુધરી ત્યારે 'માર્ક ટ્વેઈન' છૂટથી ખર્ચ કરવા લાગ્યો. બૉસ્ટનમાં વ્યાખ્યાન આપવા ગયો ત્યારે સીલની ખાલના એના આ રુવાંદાર કોટે પણ એને સારી એવી ખ્યાતિ અપાવી હતી. સમૃદ્ધિ પામવાની તૃષ્ણાથી પ્રેરાઈ એણે હજારોનું અર્થહીન રોકાણ કરેલું. ને આવી જ આશામાં એણે લાંબા-ટૂંકા થતા કમરપટાની રચના પણ વિચારેલી. △

વાતો કરતો. એની વાતો સાંભળી એક પાડોશીએ ટ્વેઈનની માને પૂછ્યું: 'છોકરો બોલે છે એમાંનો એક શબ્દ તમને સાચો નહિ લાગતો હોય, ખરું ને?' માએ જવાબ આપ્યો: 'એવું હોતું હશે? દીકરાને હું બરાબર ઓળખું છું. એ બોલે છે એમાંનું નેવું ટકા હું સાંભળતી જ નથી. બાકીનું દસ ટકા સો ટચનું સોનું હોય છે!'

ટ્વેઈન ચાર વર્ષનો થયો ત્યારે એના પિતા જૉન ક્લેમન્સ એમના મૂળ ગામથી ત્રીસેક માઈલ દૂર આવેલા હૅનિબાલ ગામમાં વસવા ગયા અને ઉધાર મેળવેલા માલ સાથે એમણે ત્યાં એક દુકાન ઉઘાડી. મોટો દીકરો દુકાનમાં ગુમાસ્તાનું કામ કરતો. દીકરી પૅમેલા, અને સાત વર્ષનો બેન્જામિન આજ્ઞાધારક બાળકો હતાં. સૌથી નાનો હેન્રી પણ કુટુંબના ગૌરવ જેવો હતો. ચિંતા હતી માત્ર આપણા સૅમ્યુઅલની જ! બધાં બાળકો મળી માને હેરાન કરતાં તેનાથી વધુ એ એને પજવતો. એ ઘરમાં હોય ત્યારે મા એનાથી ત્રાસી ઊઠતી અને વિચાર કરતી કે આ ક્યાંક ઘર બહાર રમવા જાય તો શાંત રહે! પણ દીકરો બહાર જતો ત્યારે દર મિનિટે એના મનમાં આશંકા જાગતી કે રખેને અધમૂઆ જેવા કંગાલ દીકરાને કોઈ રસ્તે જતો માણસ ઊંચકી ઘરમાં લાવશે, અને એ વિચારથી એ વ્યાકુળ થઈ જતી! એમાં દીકરાને તરતાં શીખવાનો શોખ જાગ્યો! એટલે બધાને રોજની ચિંતા! એક બપોરના કોઈએ એને નદીમાં ડૂબી જતો જોયો અને એ ભાઈ એને પાણીમાંથી બહાર કાઢી ઘેર લઈ આવ્યા ત્યારે તો એને જોઈને સૌએ એના જીવનની આશા છોડી દીધેલી. મહામહેનતે એ ભાનમાં આવ્યો ત્યારે મા બોલ્યાં: 'એનો જાન જોખમમાં હતો એનું મને જરાય લાગ્યું ન હતું. ફાંસીને માચડે લટકવા સર્જાએલા લોકો પાણીમાં સલામત હોય છે!'

એની ઉમર પાંચ વર્ષની થઈ ત્યારે માએ એને નિશાળે મૂકવાનું નક્કી કર્યું. નિશાળનો પહેલા દિવસનો અનુભવ ટ્વેઈન કોઈ દિવસ ભૂલ્યો નહિ. લાકડાની એક કૅબિનમાં નિશાળના વર્ગો લેવાતા. સૅમ્યુઅલથી કોઈ નિયમનો ભંગ થયો એટલે શિક્ષિકાબહેન ચિડાયાં. ફરીથી કોઈ નિયમનો ભંગ થશે તો તડી પડશે એવી ધમકી એમણે આપી. સૅમ્યુએલે ધમકી સાંભળી અને થોડી જ વાર પછી નિયમનો બીજી વાર ભંગ કર્યો! શિક્ષિકાએ એને સોટીનો પ્રસાદ આપવા સોટી શોધી, પણ નિશાળમાં જડી નહિ એટલે એમણે સૅમ્યુએલને સોટી શોધી લાવવા નિશાળની બહાર મોકલ્યો. દારૂના પીપ બનાવનાર કોઈ કારીગરે રંદા વતી લાકડું છોલ્યું હતું એનું એક લાંબું છોલું રસ્તામાં પડ્યું હતું. એ લઈ વટથી સૅમ્યુએલ વર્ગમાં આવ્યો અને છોલું શિક્ષિકાના હાથમાં આપી, થાય તે સજા સહન કરવા એ વિનયથી ઊભો રહ્યો—એવી અપેક્ષા સાથે કે બધાની સહાનુભૂતિ એની તરફ ઢળશે. એવું કંઈ બન્યું નહિ. શિક્ષિકા રોષે ભરાયાં, ને સોટી લઈ આવવા બીજા કોઈને મોકલવાનું ઠરાવ્યું. સ્વયંસેવક થવા જોઈએ એટલા છોકરા તૈયાર હતા! અલબત્ત, છોકરાઓના આવા કાર્ય માટેનો ઉત્સાહ જોઈ સૅમ્યુએલને ઘણું દુઃખ થયું. પણ કરે શું? એક છોકરાને બહાર મોકલવામાં આવ્યો અને એ જ્યારે સારી સોટી પસંદ કરી લાવ્યો ત્યારે એની નિષ્ણાતતા ટ્વેઈને જોઈ --અને અનુભવી પણ ખરી! તે જ દિવસથી ભણવામાંથી એનો રસ ઊડી ગયો. પણ મા અડગ હતી. ન છૂટકે નિશાળે જવાનું ચાલુ રાખવું પડ્યું. ભણવામાં રસ રહ્યો ન હતો, એટલે આ નિશાળમાં કે ત્યાર પછી એ જેમાં જોડાયો એ બધી નિશાળોમાં પોતાની જગ્યા પર બેસી એ બારી બહાર જોયા કરતો. સૂર્યનાં દર્શન થતાં, ટેકરીઓ દેખાતી, નજીકમાં નદીનો પ્રવાહ પણ દેખાતો, અને બહારના આવા સૌન્દર્યને છોડી નિશાળમાં હાથમાં ચોપડી લઈ ગોંધાઈ રહેવું એને જરા ગમતું નહિ.

ઉમર વધતી ચાલી તેમ સૅમ્યુએલની તબિયત સુધરતી ગઈ. હવે શરીર પહેલાંના જેવું દૂબળું રહ્યું ન હતું. ઉમરના પ્રમાણમાં એ ઠીંગણો હતો, પણ શરીર ભરાવા માંડ્યું હતું. એની બોલવાની રીત રમૂજી હતી અને એની ઉમરના છોકરાઓનો એ નેતા બની ચૂક્યો હતો. એની વાતો સાંભળવામાં શ્રોતાઓને રસ પડતો. તોફાન–મસ્તી કરતા છોકરાઓ સાથે એ આખા ગામમાં ફરી વળતો. આઠ-નવ વર્ષની ઉમર થતાં જે કિશોરાવસ્થા શરૂ થઈ એમાં ટ્વેઇને કરેલાં પરાક્રમોનું વર્ણન એણે પોતાનાં 'ટૉમ સૉયર' અને 'હકલબરી ફિન' નામનાં પુસ્તકોમાં કર્યું છે. એ પુસ્તકોમાંના પ્રસંગો તેમજ પાત્રો સત્ય ઉપર આધારિત છે.

ઈ. ૧૮૪૯માં કૉલેરા ફાટી નીકળતાં મિસિસિપી નદીને કિનારે વસતા લોકો બીકના માર્યા નાસી જવા માંડ્યા. જે લોકો નાસી શકતા ન હતા એમણે દવાઓનો ઉપયોગ કરી કૉલેરાને દૂર રાખવાના પ્રયત્નો આદર્યા. શરીર ઉપર કૉલેરા-પ્રતિબંધક કે વિનાશક દવા છાંટવી એવો પણ અખતરો કરવામાં આવતો. ટ્વેઈનની માની પસંદગી પેરી ડેવિસની દર્દનાશક દવા પર ઊતરી અને દરરોજ એક ચમચો ભરીને એ દવા લેવી એવું માનું ફરમાન નીકળ્યું. દીકરાએ આજ્ઞાપાલન કરવાનું વચન આપ્યું ત્યારે એણે એ દવાનો સ્વાદ ચાખ્યો ન હતો. પહેલા ઘૂંટડા પછી દવાનો અનુભવ થયો. ભોંય પર શેતરંજીઓ પાથરેલી ન હતી, અને જમીનમાં ઘણી તડો પડી ગઈ હતી. તેથી ભૂમાતાને તડોમાંથી દવા પાવાનો સફળ પ્રયોગ ટ્વેઇને કર્યો—સફળ એટલા ખાતર કે જમીનની અંદર કોઈને કૉલેરા થયાના સમાચાર આવ્યા નહિ! એક વાર આમ દવા પાવાનો અખતરો ચાલુ હતો ત્યાં એક બિલાડું મિત્રભાવે અંદર આવ્યું, અને પૂંછડી હલાવતાં એણે ટ્વેઈન પાસે કંઈક ખોરાકની માગણી કરી. ટ્વેઇને પ્રેમથી એને દવા પાઈ! બિલાડું થોડી જ વારમાં એટલું ઉત્તેજિત થયું કે ફર્નિચરની દરેક વસ્તુ સાથે અથડાતું તે ખુલ્લી બારી તરફ ગયું અને ફૂલઝાડવાળા કૂંડા સાથે નીચે પડવાની અણી પર હતું ત્યાં ટ્વેઈનની મા ઓરડામાં દાખલ થઈ. ચશ્માં ઉપરથી એમણે બધું જોયું ને એ વિચારમાં પડી: 'બિલાડાને આજે વળી શું થયું હશે?' ત્યાં બિલાડા સાથે કૂંડાએ ભૂસકો માર્યો!—આ પ્રસંગનું વર્ણન 'ટૉમ સૉયર'માં આવે છે.

ફ્લૉરિડાથી ચારેક માઈલ દૂર આવેલા એક નાના ગામડામાં સૅમ્યુએલ-

‘ધંધાના પોતાના નિયમો હોય છે એ ખરું, પણ સાહિત્યકારની પ્રતિષ્ઠા એ એના પ્રાણ છે. ધનની દૃષ્ટિએ એ કંગાળ હોય તો ચાલે, પણ ચારિત્ર્યની દૃષ્ટિએ જોતાં એ સો ટકા શુદ્ધ હોવો જોઈએ.’

ના મામા ખેતી કરતા. આઠમા વર્ષથી લગભગ બારમા વર્ષ સુધી, સૅમ્યુએલ દર વર્ષે ત્યાં જતો અને બિત્રણ માસ ત્યાં રહેતો. નજીકમાં જ એક સરસ ઝરણું હતું. એમાં નાહવા-તરવાની મજા આવતી. પણ છોકરાની આબરૂ ખરાબ હતી તેથી તરવાની મના કરવામાં આવી હતી. બાળપણમાં જ ટ્વેઈન શીખ્યો હતો કે વસ્તુ નિષિદ્ધ હોય ત્યારે એનું મૂલ્ય ઘણું હોય! દાખલા તરીકે પેલું બાઈબલમાં આવે છે એ જ્ઞાનવૃક્ષનું ફળ. આજ્ઞાભંગ કરવાથી જ માનવજાતિનો વિકાસ થાય છે એ ધર્મે શીખવાડેલું સત્ય હતું! એનો અનાદર કરવા જેટલું અજ્ઞાન એની પાસે હતું જ નહિ! ધર્મનું ચુસ્ત પાલન એટલે આજ્ઞાભંગ એવી શ્રદ્ધા એ ધરાવતો હતો!

મામાને ત્યાંનો એક અનુભવ એને જિંદગીભર યાદ રહ્યો. ત્યાં એક ઘરડી હબસી ગુલામ સ્ત્રી હતી. તબિયત બગડી ગઈ હોવાથી એ બાઈ પથારીવશ રહેતી. એના માથાના વાળ ધોળા થઈ ગયા હતા. છોકરાઓને કહેવામાં આવતું કે બાઈની ઉમર હજાર વર્ષ જેટલી છે. છોકરાઓ માનતા કે ઇજિપ્તના રણમાંથી ભાગતાં બાઈની તબિયત બગડી હશે અને તે કોઈ દિવસ સુધરી નથી. બાઈના માથામાં વચ્ચોવચ્ચ તાલ હતી, એ જોઈ છોકરાઓ માનતા કે ઇજિપ્તના રાજાને દરિયામાં ડૂબતો જોઈ બાઈ એટલી ગભરાઈ કે એના માથા પરના વાળ એકદમ ખરી ગયા. ટ્વેઈન બહુ આદરથી એ તાલનું નિરીક્ષણ કરતો! એ સમયે એને ગુલામી તરફ કોઈ પ્રકારની નફરત ન હતી. આજુબાજુના લોકોમાંથી ગુલામીના વિરોધનો સૂર નીકળતો ન હતો. છાપાં કે ધર્મમંદિરો—બધે વાતાવરણ એવું બતાવતું કે ઈશ્વરની રજાથી અને કૃપાથી ગુલામીની પ્રથા ચાલે છે. ટ્વેઈનના પરિવારમાં એક ગુલામ છોકરો હતો. એ સ્વભાવે નિર્દોષ ને આનંદી હતો. આખો વખત ગાયા કરે,—કદી થોભે જ નહિ. આખો દિવસ ગાય, સિસોટીઓ વગાડે, બૂમો પાડે, કૂદે, હસે—જરાય જંપે નહિ. ટ્વેઈન ગુસ્સે થઈ મા પાસે ગયો ને બોલ્યો : મા, મહેરબાની કરી પેલાને શાંત કરો ને. હું તો કંટાળી ગયો એના ગાયનથી ને એના હાસ્યથી.

માની આંખોમાં આંસુ દેખાયાં, હોઠ ધ્રૂજ્યા અને મા આવું કંઈક બોલી: ‘દીકરા, તું સમજે છે ખરો? એ છોકરો જ્યારે ગાતો હોય છે ત્યારે મને લાગે છે કે એને કશું યાદ આવતું નથી. એ જો થંભી જાય તો મારાં મનમાં ચિંતા જાગશે કે એ શું શું યાદ કરતો હશે? એ ગાય તો મારે એને રોકવો ન જોઈએ. ઉમરમાં તું જરા મોટો હોત તો તું તરત જ સમજી શકત, અને એ મિત્રવિહોણા ગુલામના ગાયનથી તું થાકત નહિ.’ શબ્દ સાદા હતા. હૃદય સુધી પહોંચી ગયા અને ત્યાર પછી એ ગુલામનો અવાજ સાંભળી સૅમ્યુએલ કોઈ દિવસ રોષે ભરાયો નહિ.

પિતાનું નિધન થયું ત્યારે સૅમ ૧૧ વર્ષનો હતો. કુટુંબની હાલત બહુ ખરાબ હતી. પિતાએ સંતાનો માટે કૈં પૈસા મૂક્યા ન હતા. એક સ્થાનિક છાપખાનામાં સૅમને નોકરી મેળવવી પડી. થોડા સમય બાદ એના મોટા ભાઇએ હૅનિબાલમાં વર્તમાનપત્ર શરૂ કર્યું એમાં એ જોડાયો. પણ એ છાપું નિષ્ફળ જતાં ૧૮૫૩માં એણે ઘર છોડવાનો નિર્ણય કર્યો. પહેલાં એ સેંટ લૂઈ ગયો, ત્યાંથી ન્યૂ યૉર્ક ને આખરે છાપખાનામાં કામ શીખવા માટે ફિલાડેલ્ફિયા, એમ એને આજીવિકાની શોધમાં ફરવું પડ્યું. ઈ. ૧૮૫૫માં એ ફરી મોટા ભાઈના નવા છાપખાનામાં જોડાયો. અઢાર મહિના ત્યાં નોકરી કર્યા બાદ, એને ફરી રખડપટ્ટી શરૂ કરવાની ફરજ પડી.

ઍમૅઝૉન નદીના મુલકમાં એ વખતે ઘણું સંશોધન ચાલી રહ્યું હતું. ખાસ તો કોકા નામની વનસ્પતિ વિષે ઘણી વાતો થતી હતી. કોકા ભેગું કરવું અને એનો વેપાર કરી પૈસાદાર થવું એવી સૅમની આકાંક્ષા હતી. પણ ત્યાં જવાના ખર્ચના પૈસા ક્યાંથી ભેગા કરવા એ મોટો સવાલ હતો. માન્યામાં ન આવે એવી રીતે એનું નસીબ ખીલ્યું. નવેમ્બર મહિનામાં બહાર હિમ પડતું હતું ત્યારે સૅમને રસ્તામાં પચાસ ડૉલરની એક નોટ જડી. આવી નોટ એણે જિંદગીમાં પહેલી જ વાર જોઈ. નોટ તો એણે ઉપાડી લીધી, પણ એ વાપરતાં એનો જીવ ચાલ્યો નહિ. એણે છાપામાં જાહેરખબર આપી અને પછી નોટનો ધણી નોટ લેવા આવે એ વિષે હજાર ડૉલર કરતાં અધિક ચિંતા અને દુઃખનો અનુભવ કર્યો. ચાર દિવસ વીત્યા. નોટના ધણીએ કાં તો જાહેરખબર વાંચી ન હતી અથવા નોટ પાછી મેળવવાની તસ્દી લેવામાં એને રસ ન હતો. સૅમથી આ દુઃખ વધારે સમય સહન કરી શકાય એવું રહ્યું ન હતું. અને દિવસ જતા હતા તેમ નોટવાળાના આવવાનો સંભવ વધતો હતો. સૅમે નક્કી કર્યું કે એ પચાસ ડૉલરને ભયગ્રસ્ત વિસ્તારમાંથી ખસેડવા! આ સમયે એનું એકવીસમું વર્ષ પૂરું થવા આવ્યું હતું.

એ પચાસ ડૉલર લઈ સૅમ સિન્સિનાટી શહેરમાં ગયો. ત્યાં મજૂરી કરી, એણે પોતાનું ભંડોળ વધાર્યું. એપ્રિલ મહિનામાં એને એનું જૂનું સ્વપ્નું ફરીફરીને યાદ આવવા માંડ્યું. એમ તો બાળપણથી સ્વપ્નાં સેવતો આવ્યો હતો. એના મનમાં નવનવી આકાંક્ષાઓ હમેશાં જાગ્યા કરતી; ગામમાં કોઈ સર્કસ આવતું ત્યારે એને વિદૂષકની અદેખાઈ થતી અને પોતે વિદૂષક બનવાનું વિચારતો. કોઈ હબસી ગાયકનાં ધર્મપરાયણ ગીતો એ સાંભળતો ત્યારે સારા ગાયક બનવાની ઇચ્છા એના મનમાં જાગતી. કોઈ વાર એને થતું કે ભગવાનની કૃપા થાય ને ચાંચિયા બનવાની તક મળે તો મજા પડે! પણ અંદર ઊંડે એક આકાંક્ષા વસતી હતી—સ્ટીમર પર નોકરી મેળવવી.

‘પૉલ જોન્સ’ નામની સ્ટીમરના પાયલટ હૅરલ્ડ બિક્સ્બીને કાને એક ધીમો આકર્ષક અવાજ આવ્યો: ‘એક જુવાન “નદી શીખવા” તમારી પાસે આવે તો તમને ગમે ખરું?’ બિક્સ્બીએ પાછળ જોયું. ગોરા, પાતળા અને લાંબા રાતા વાળાવાળા એક જુવાને એ શબ્દો ઉચ્ચાર્યા હતા. ‘જરાય નહિ ગમે. આપણે માનીએ છીએ એના કરતાં જુવાનો વધારે ધાંધલ મચાવે છે.’ એણે જવાબ આપ્યો. પણ જુવાન હતોત્સાહ થયો નહિ. એ દલીલો કરતો જ ગયો ત્યારે બિક્સ્બીએ કહ્યું: ‘મને પૈસા આપી કોઈ “નદી શીખવા” આવે તો હું વિચાર કરું. મુખ્ય શરત એ કે મારે માથે પાઈનું પણ ખર્ચ ન આવવું જોઇએ. અને શરૂઆતમાં મને પાંચસો ડૉલર મળવા જોઈએ. બોલો, છો તૈયાર?’

સૅમ પાસે માત્ર સો ડૉલર હતા. એ બોલ્યો: ‘શરૂઆતમાં સો ડૉલર આપીશ. શીખી રહ્યા પછી કમાવા માંડીશ ત્યારે બાકીના આપીશ.’ વિનતિનો સ્વીકાર થયો અને સૅમનું નવું જીવન શરૂ થયું.

યુવાવસ્થામાં સહજ હોય એવા આત્મવિશ્વાસથી ‘નદી શીખવાનું’ કામ ઉપાડ્યું ત્યારે ખબર ન હતી કે કાર્ય સાદું-સરળ નથી. જાજરમાન મિસિસિપી નદીનો બારસો માઈલનો પ્રવાહ કયા ઠેકાણે કેટલો ઊંડો કે છીછરો છે એ બધું યાદ રાખવાનું. સવારે, સાંજે કે અજવાળી યા અંધારી રાતમાં, વરસાદમાં કે ધુમ્મસમાં નદીના પાણીમાં ક્યાંક્યાં જોખમ રહ્યાં છે એ યાદ રાખી સ્ટીમરને સલામતીથી હંકારવાની… ‘આવી બધી ખબર હોત તો આ ભગીરથ કામ હું કદાચ માથે ન લેત’ એમ સૅમ લખે છે. રાત-દિન નદીના વહેણનો પૂરો ખયાલ હોય તો જ સફળતાથી કામ થઈ શકે. અને રોજ પેલો ઊંડાણ માપતો માણસ બોલતો જાય: ‘નોંધો…ત્રણ! નોં…ધો…ત્ર…ણ! પોણા ત્રણ! અઢી! સવા બે! નોંધો…બે!’ એમાં ‘નોં…ધો…બે!’ એટલે અંગ્રેજીમાં ‘M–a–r–



'ધી ઇનોસન્ટ્સ એબ્રોડ' અને 'રફિંગ ઈટ'ની સફળતા, વ્યાખ્યાતા તરીકેની ખ્યાતિ અને ઓલિવિયા લૅંગ્ડન સાથેના લગ્ન પછી માર્ક ટ્વેઈન જ્યાં વસેલો એ હાર્ટફૉર્ડ (કનેક્ટિકટ)નું એનું મકાન. ત્રણ માળ અને ઓગણીસ ખંડવાળું આ ઘર બહારથી કંઈક જહાજ જેવું, અમુક અંશે મધ્યકાલીન ગઢ સમું ને 'કકુ કલૉક' જેવું વિચિત્ર દેખાતું હતું. હૅરીએટ બીચર સ્ટો જેવી લેખિકા અને લેખક-સંપાદક ચાર્લ્સ ડડલી વૉર્નર જેવી સાહિત્યિક વ્યક્તિઓનો એને પડોશ હતો. આજે આ ઘર માર્ક ટ્વેઈનના જાહેર સ્મારક તરીકે સચવાઈ રહ્યું છે.

k-twain!' (માર્ક ટ્વેઈન). બે વર્ષ આ અભ્યાસ ચાલ્યો. માનવ સ્વભાવના ઘણા નમૂનાઓ નદી પર જોવા મળ્યા. ભાવિ લેખક માર્ક ટ્વેઈન પોતાનું ભાથું ભેગું કરવા માંડયો.

નસીબે હવે બીજો ફટકો મારવાનું નક્કી કર્યું. એક વખત કુટુંબના ગૌરવ જેવો ગણાતો હેન્રી વીસ વર્ષનો થયો હતો. સૅમે એને એક આગબોટ પર નોકરી અપાવી હતી. ભાઈઓ વચ્ચે ખૂબ પ્રેમ હતો. ત્યાં જૂન ૧૮૫૮માં આગબોટનાં આઠ બૉયલરોમાંથી ચાર ફાટ્યાં. અકસ્માતમાં ઘણા મરી ગયા, ઘણા ઘાયલ થયા. ઘાયલ થએલામાં હેન્રી હતો. એનું આખું શરીર દાઝી ગયું હતું. છ દિવસ અમર્યાદ યાતનાઓ ભોગવી હેન્રી મરી ગયો. પોતે એને નોકરી અપાવી હતી તેથી ભાઈના મરણનું કારણ પોતે છે એવું સૅમને લાગતું. 'લોકો મારું અભિનંદન કરે છે કે હું એ સ્ટીમર પર ન હતો. ઈશ્વર એમને ક્ષમા કરે. પોતે શું બોલી રહ્યા છે એનો એ લોકોને ખયાલ નથી'—એ કહેતો.

હેન્રીના અવસાન પછી એણે પોતાનું શિક્ષણ ચાલુ રાખ્યું અને ૧૮૫૯માં એને અભ્યાસક્રમ પૂરો કર્યાનું પ્રમાણપત્ર તેમજ સ્વતંત્ર રીતે કામ કરવાની રજા મળ્યાં. આમ ત્રેવીસમે વર્ષે એણે વ્યવસાયનો આરંભ કર્યો. પણ આ વ્યવસાય લાંબો સમય ચાલ્યો નહિ. મોટા ભાઈને એક નોકરી મળે એમ હતું. નોકરીનું સ્થળ દૂર હતું, અને ત્યાં જવા જેટલી મૂડી પણ ભાઈ પાસે હતી નહિ. પણ સમાચાર એવા હતા કે એ પ્રદેશમાં રૂપું જડયું છે. સૅમે પોતાનું નસીબ અજમાવવાનો વિચાર કર્યો. એણે ભાઈને મુસાફરી માટે પૈસા આપ્યા અને એ પણ ભાઈ સાથે નીકળ્યો. ઈ. ૧૮૬૧ના ઑગસ્ટમાં બંને ભાઈઓ ત્યાં પહોંચ્યા. સૅમને અઠવાડિયે દસ ડૉલર મજૂરી મળવાની હતી. ખાવાનું મફત હતું, એટલું જ નહિ પણ બહુ સારું મળતું. સૅમને એ બધું ફાવ્યું પણ કામ ફાવતું ન હતું. મહેનતથી શરીર થાકી જતું અને હાથમાં રૂપાને બદલે માટી જ આવતી! બીજો વ્યવસાય શોધવાની જરૂર ઊભી થઈ.

ત્યાં અનપેક્ષિત રીતે નોકરીની તક ઊભી થઈ. નવરાશના સમયમાં સૅમ લેખો લખી છાપાંઓને મોકલતો. એમાંના એક વર્તમાનપત્ર, વર્જિનિયાનું 'ટેરિટોરિયલ એન્ટરપ્રાઇઝે', એને નોકરી આપવાની વાત કરી. કામ કરવાનું હતું રિપોર્ટરનું ને પગાર મળવાનો હતો અઠવાડિયે પચીસ ડૉલર. રિપોર્ટરનું કામ કરવાની લાયકાત પોતે ધરાવતો ન હતો એ વિષે એના મનમાં કોઈ શંકા ન હતી; પણ બીચારો નોકરીનો અસ્વીકાર કરી શકે એવી હાલતમાં ન હતો!

અહીં સૅમને મનપસંદ કામ મળી ગયું. છાપાના રિપોર્ટરો બે જ હતા. પોતાના સમવ્યવસાયી સાથે સૅમને સારી મિત્રતા બંધાઈ ગઈ. કામ ખૂબ રહેતું. ગામ પૈસાદાર હતું, અને રોજ ત્યાં કંઈ ને કંઈ અવનવું બનતું. લખવા માટે 'મૅટર'ની શોધમાં જવાની જરૂર ઊભી થતી જ નહિ. મુશ્કેલી એટલી જ હતી કે ખૂનના બનાવો ગામમાં હમેશાં બનતા ને એનાં વર્ણનો વાંચવામાં લોકોને ખાસ રસ રહ્યો ન હતો. એટલે ખૂનનાં વર્ણનો બે ત્રણ લીટીઓમાં પતાવી, વધેલી જગ્યામાં રમૂજી લેખો લખવાનો સૅમે વિચાર કર્યો—અને એના લેખો તરત લોકપ્રિય થઈ ગયા! બોટ પર રહી એણે એક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી: અસરકારક શબ્દો—ને ખાસ તો અપશબ્દો—નો ઉપયોગ કરવામાં એ નિપુણ થયો હતો! કોઈના પણ કાનને ચમકાવે એવી ભાષાસમૃદ્ધિ એણે કેળવી હતી! એના મિત્રો એની આ આગવી શક્તિનું પ્રદર્શન કરવાની ખાસ તકો પૂરી પાડતા.

નવેમ્બર ૧૮૬૨માં એણે રાજ્યની ધારાસભાની બેઠકના રિપોર્ટો લખવા કાર્સન ગામે જવાનું થયું. એણે લખેલા અહેવાલ ખૂબ લોકપ્રિય નીવડવા માંડયા. પણ એને સંતોષ ન હતો. લેખો સહી [illegible] પ્રકટ કરવામાં આવતા હતા. એણે સહી કરવાની રજા માગી. તંત્રીએ રજા આપી, ને દુનિયાભરમાં પછીથી જે જાણીતું થયું એ તખલ્લુસનો જન્મ થયો: નોંધો બે!—Mark Twain! સૅમે ખુલાસો કર્યો છે: 'માર્ક ટ્વેઈન' નામ ટૂંકું હતું એ સૌથી મોટો લાભ હતો. એ નામ મેં લીધું ન હોત તો લોકોને મારો ઉલ્લેખ કરતાં કહેવું પડત: 'પેલો ટેરિટોરિયલ એન્ટરપ્રાઈઝનો કોઈ સિદ્ધાંત વગરનો અને જૂઠાબોલો ધારાસભાનો રિપોર્ટર!' ટૂંકું નામ બોલવાથી લોકોનો ઘણો બધો સમય બચ્યો હશે ખરો!

ટ્વેઈનનું જીવનકાર્ય હવે શરૂ થઈ ચૂક્યું હતું. ઈ. ૧૮૬૫માં કૅલિફૉર્નિયાના પ્રવાસ દરમિયાન એણે 'કૂદતો દેડકો' એ વાર્તા લખી. અખિલ અમેરિકામાં એ વાર્તા તરત જ જાણીતી થઈ. ત્યાર પછી સૅંડવિચ (હવાઇ) ટાપુ પર જઈ એણે ત્યાંનાં વર્ણનો લખ્યાં અને ત્યાંથી આવ્યા પછી એ પૂર્વ તરફ વળ્યો. ભૂમધ્ય સમુદ્ર અને જેરુસલેમના પવિત્ર પ્રદેશનાં દર્શન કરી એણે પોતાનું જાણીતું 'ઇનોસન્ટ્સ એબ્રોડ'—'નિર્દોષ લોકો પરદેશમાં' એ પુસ્તક લખ્યું...અને હવે એ રાષ્ટ્રીય મહાપુરુષોમાંનો એક ગણાવા લાગ્યો!

પૂર્વના દેશોની મુસાફરી વેળા સ્ટીમર પર માર્ક ટ્વેઈનને એક સહપ્રવાસી ચાર્લ્સ લૅંગ્ડન સાથે પરિચય થયો, અને એ મિત્રતામાં પરિણમ્યો. એક દિવસ લૅંગ્ડને પોતાની બહેનનું એક લઘુ-ચિત્ર (miniature painting) માર્કને બતાવ્યું. ચિત્રમાંની વ્યક્તિ ખૂબ જ સુંદર દેખાતી હતી. માર્કને થયું કે એ વ્યક્તિ પ્રત્યક્ષ ભલે ન મળી હોય, પણ એને ભૂલવી એ અશક્ય છે. પછીની નાતાલમાં ન્યૂ યૉર્કની મુસાફરી દરમિયાન એને લૅંગ્ડન સાથે ફરી મુલાકાત થઈ, અને એના નિમંત્રણને માન આપી રજાઓ ગાળવા ત્યાં આવેલાં એનાં માબાપ અને બહેનને એ મળ્યો. 'આજે એ વાત બાદ ચાળીસ વર્ષ વીતી ગયાં છે, પણ તે દિવસથી આજ દિન સુધી એની એ બહેન મારા મન કે હૃદયમાંથી ક્ષણ માટે પણ દૂર થઈ નથી.'—માર્ક ટ્વેઈને આત્મચરિત્રમાં નોંધ્યું છે. ત્યાર પછી કેટલાક મહિના એ લિવી (ઑલિવિયા) લૅંગ્ડનને મળી શક્યો નહિ.

પછી એના એક મિત્રે પૂર્વ અમેરિકામાં એનાં વ્યાખ્યાનો ગોઠવ્યાં ત્યારે એ એને ઘણી વાર મળવા જતો. લૅંગ્ડન લોકોને લાગવા માંડ્યું કે ભાઈ લિવીના પ્રેમમાં પડ્યા છે અને નજીકના ભવિષ્યમાં પરણવાની



સ્ટીમબોટના તૂતક જેવી પોતાના ઘરની પરસાળમાં ઈ. ૧૮૮૫માં કુટુંબ સાથે:- છબિમાં ડાબી બાજુથી: એની પુત્રી ક્લૅરા, પત્ની ઓલિવિયા, જીન, ટ્વેઈન પોતે અને સુસી. કુટુંબ પ્રત્યે માર્ક ટ્વેઈનને ખૂબ આત્મીયતા હતી. એણે નોંધ્યું છે...'તેર વર્ષ પહેલાં મેં સુસીને ગુમાવી. એની મા—એની અદ્વિતીય મા સાડા પાંચ વર્ષ પર ગઈ. ક્લૅરાએ કાયમને માટે યુરોપમાં વસવાટ કર્યો અને હવે જીન ચાલી ગઈ છે. એક સમયે હું કેવો શ્રીમંત હતો! હવે કેવો અકિંચન બની ગયો છું!'

વાત કાઢશે. તેઓ એકદમ શંકાશીલ બન્યા. દીકરી પણ હા પાડવાને તૈયાર ન હતી. ભાવિ સસરા-જમાઈ વચ્ચેના એક સંભાષણમાં સસરાએ કહ્યું: 'અમે તમારા વિષે કશું જાણતા નથી. તમારું વતન અહીંથી એટલું દૂર છે કે અમે કોઈ તપાસ કરવાને અસમર્થ છીએ. માની લઈએ કે તમારું ચારિત્ર્ય સારું છે. પણ એની ખાતરી શી? કોઈનાં નામ-સરનામાં આપી શકશો કે જે તમારા વિષે અમને કહી શકે?' નામ-ઠામ અપાયાં. કેટલાક સમય બાદ લૅંગડન સાહેબ જોડે બીજી મુલાકાત ગોઠવાઈ. છ જાણીતા ગૃહસ્થોનાં નામ આપેલાં હતાં, જેમાંના બે પાદરીઓનાં હતાં. બધાના જવાબો જોતાં પરિણામ આશાપ્રદ લાગતું ન હતું. બધાના જવાબો પ્રામાણિક, કહો કે વધારેપડતા પ્રામાણિક ને સ્પષ્ટ હતા. દરેકે ટ્વેઈનની આકરી ટીકા કરી એને વિષે નાપસંદગી દર્શાવી હતી, એટલું જ નહિ પણ દરેકના જવાબમાં વધારેપડતો ઉત્સાહ જણાઈ આવતો હતો. જવાબો પૂરા વંચાયા. શું બોલવું એ કોઈને સમજાતું ન હતું. થોડી ક્ષણ સ્તબ્ધતા છવાઈ. આખરે મિસ્ટર લૅંગડને પૂછ્યું: 'આ બધા લોકો કેવા વિચિત્ર લાગે છે! શું દુનિયામાં તમારે કોઈ મિત્ર નથી?' માર્ક ટ્વેઈને કહ્યું: 'એવું લાગે છે ખરું'. 'ત્યારે તો આજથી મને તમારો મિત્ર ગણજો. ભલે તમને કોઈ ઓળખતું ન હોય. હું ઓળખું છું એટલું પૂરતું છે. મારી પુત્રીને પરણવાની હું તમને રજા આપું છું.'

ઈ. ૧૮૭૦ની બીજી ફેબ્રુઆરીને દિવસે માર્ક ટ્વેઈન ને લિવી પરણ્યાં. તે દિવસે શરૂ થયું તે સુખી દામ્પત્યજીવન ચોત્રીસ વર્ષ ચાલ્યું, લગ્ન પછી થોડાક જ દિવસોમાં માર્કે પોતાના એક મિત્ર પરના પત્રમાં લખ્યું: 'લગ્ન પછીના દિવસોમાં મને મળતું સુખ જો આમ આખર સુધી ટકવાનું હોય તો હું વિચાર કરું છું કે જિંદગીનાં આટલાં વર્ષ અપરિણીત રહેવાની મૂર્ખતા મેં શા માટે કરી હશે? મારું ચાલે તો દાંત આવતાં પહેલાં અને કપ-રકાબીઓ તોડવાનો ઉદ્યોગ શરૂ કરતાં પહેલાં જ—એટલે કે અર્ભકાવસ્થામાં જ પરણવાનું હું પસંદ કરું'

પણ સુખના દિવસો બહુ ચાલવાના ન હતા. દીકરીના લગ્ન બાદ છ મહિના પૂરા થતાંમાં જ લૅંગડનનું કૅન્સરની બીમારીથી અવસાન થયું. દુ:ખના ભાર નીચે લિવી જાણે કચરાઈ ગઈ. એના મોં પરનું હાસ્ય ઊડી ગયું. કદાચ હવે એ કોઈ વાર હસશે નહિ એવી શંકા ટ્વેઈનના મનને સ્પર્શી ગઈ. થોડાક જ મહિનામાં લિવીને અકાળ પ્રસૂતિ થઈ અને એરાના પહેલા પુત્ર લૅંગડનનો જન્મ થયો. બાળક તદ્દન અશક્ત ને માંદલું રહેતું, તેથી હમેશાં એની તરફ ધ્યાન આપવું પડતું. હવે ગામ બફેલોમાં રહેવાનો અણગમો થયો. એમણે મકાન વેચવાનું નક્કી કર્યું અને બીજું ઘર ક્યાં રાખવું એનો નિર્ણય થાય ત્યાં સુધી બીજે રહેવા ગયાં. લિવીની તેમજ એના બાળકની તબિયત હવે સુધરતી જતી હતી. ઈ. ૧૮૭૨ના માર્ચની ૧૯મીએ એમનું બીજું બાળક ઑલિવિયા સુસન જન્મી. આ દીકરી આગળ જતાં પિતાની બહુ વહાલી થઈ.

પણ માર્ક ટ્વેઈનના જીવનમાં સુખ પછી તરત જ દુ:ખ એવું જાણે લખાયું હતું. જૂન મહિનામાં પહેલો પુત્ર લૅંગડન ઓગણીસ માસનો હતો ત્યારે એને ઘટસર્પ (ડિફ્થેરિયા) થયો અને એ મરણ પામ્યો. પિતાના મૃત્યુનો શોક ઓસર્યો ન હતો ત્યાં લિવી પર આ આઘાત થયો. ઑગસ્ટ મહિના સુધીમાં લિવીની તબિયત પહેલાં જેટલી સારી તો નહિ જ પણ થોડી સુધરી, ત્યારે માર્ક ટ્વેઈન ઈંગ્લૅંડના પ્રવાસે ગયો. પ્રવાસના હેતુ બે હતા: ભાષણો આપવાનાં હતાં અને એના અંગ્રેજ પ્રકાશક રુટલેજ સાથે પુસ્તકોના કૉપીરાઈટ વિષે ચર્ચા કરવાની હતી. લંડન પહોંચ્યા બાદ ટ્વેઈન તરત જ એમની ઑફિસ પર એમને મળવા ગયો. રુટલેજ ભાઈઓ બપોરનું ખાણું લેવા બેસતા હતા. આગંતુકને એમણે જમવાનું નિમંત્રણ આપ્યું. ટ્વેઈન જેવો સંભાષણપટુ માણસ એમણે કદી જોયો ન હતો. જમણ પત્યું તો યે વાતો પૂરી ન થઈ. બપોરની ચા પતી ગઈ—વાતો ચાલુ હતી. રાતના ખાણાનો સમય થયો. ભોજન પતાવી બધા જ કોઈ સાહિત્યિક ક્લબની સભામાં ગયા. બીજે દિવસે તો લંડનમાં ટ્વેઈનની ખ્યાતિ ફેલાઈ ગઈ હતી. જ્યાં જાઓ ત્યાં એને વિષે જ વાતો થતી હતી. જ્યારે જ્યારે મહાન અમેરિકનોનાં નામ લેવાતાં ત્યારે બીજાં નામ બોલાતાં અંગ્રેજો કહેતા: 'અમે બે જ મહાન અમેરિકનોનાં નામ જાણીએ છીએ: એક લિંકન અને બીજા માર્ક ટ્વેઈન! એમના જેવા મહાન માણસો અમારા દેશમાં નથી!' વાત સાચી હતી. લિંકન અને ટ્વેઈન-બંને અસામાન્ય માનવીઓ હતા.

ઈ. ૧૮૭૪માં એની બીજી કન્યા ક્લૅરા જન્મી. ટ્વેઈનની સાહિત્યિક પ્રેરણા ફરીથી જાગી ઊઠી, અને એણે 'ટૉમ સૉયરનાં સાહસો'નું લેખન શરૂ કર્યું. દરમિયાન એમણે મોટું મકાન બંધાવ્યું હતું. ત્રણ માળના એ મકાનમાં ઓગણીસ મોટા ઓરડા હતા. મકાન આગબોટ જેવું, મધ્યયુગના કોઈ કિલ્લા જેવું. અને કોકિલ ઘડિયાળ (cacko clock) જેવું એકીસાથે વિચિત્ર લાગતું હતું. એના જેવું મકાન બીજે ક્યાંય જોવામાં આવે એમ ન હતું! ત્યાં 'ટૉમ સૉયર' પૂરું થયું. આજે જગતભરના સાહિત્યનાં અખંડ કિશોર-પુસ્તકોમાં એની ગણના થાય છે.

ઈ. ૧૮૭૬માં એણે 'હકલબરી ફિનનાં સાહસો'નું લેખન આરંભ્યું, જે ૧૮૮૩માં પૂરું થયું, અને ૧૮૮૫માં પુસ્તક બહાર પડ્યું. થોડાક અપવાદ બાદ કરીએ તો વિવેચકોએ આ પુસ્તક તરફ નફરત જાહેર કરી. કૉંકૉર્ડ ગામની સાર્વજનિક લાયબ્રેરીએ તો એ પુસ્તક 'નાની ઉંમરના કિશોરોને ખરાબ દાખલો બેસાડે એવું' હોવાનું જાહેર કરી પોતાના સંગ્રહમાંથી એ પુસ્તકને હઠાવી દીધું! હકલબરી ફિન સત્ય સૃષ્ટિમાંની

એક વ્યક્તિ પર આધારિત પાત્ર હતું. ગામમાં બ્લૅંકેન્શિપ કરીને એક દારૂડિયો હતો. એના પુત્ર ટૉમને ટ્વેઈને હક તરીકે ચીતર્યો. 'એ તદ્દન અભણ હતો. એ કોઈ દિવસ નાહતો નહિ. એ હંમેશાં અધભૂખ્યો લાગતો. પણ કિશોરમાં હોઈ શકે એટલી બધી દિલની સચ્ચાઈ એનામાં હતી. ગામમાં એના જેટલો સ્વતંત્ર માણસ હતો નહિ. એનું સ્વાતંત્ર્ય અમર્યાદ હતું. એ હમેશાં આનંદમાં હોય તેવો લાગતો, અને અમને સૌને એની અદેખાઈ આવતી. એ અમને ગમતો; એના સાથમાં અમને આનંદ આવતો. પણ એની સાથે ફરવાની મના અમારા વડીલોએ કરી હોવાથી એ નિષિદ્ધ કામ કરવામાં અમને બેવડી, નહિ ચાર ગણી મજા પડતી.' કૉંકૉર્ડના ગ્રંથસંગ્રહાલયે 'હકલબરી ફિન' રદ કર્યા પછી બ્રુકલિનના એક ગ્રંથાલયે 'ટૉમ સૉયર' ને 'હકલબરી ફિન' બંનેને વાંધાભર્યાં ગણાવી લાયબ્રેરીમાંથી દૂર કર્યાં! ગુસ્સાભર્યા એક ગ્રંથપાલે પત્ર લખી આ પુસ્તકો વિષેની લાગણીઓ ટ્વેઈનને જણાવી. ટ્વેઈને જવાબ લખ્યો :

'મહાશય, આપનો કાગળ વાંચી હું ખૂબ દુઃખ અનુભવી રહ્યો છું. પુસ્તકો બાળકો માટે લખાયાં નથી. તે બાળકોના હાથમાં ગયાં જાણી મને ખરેખર ક્લેશ થાય છે. બાળપણમાં જે માનસ મલિન બને છે તે કોઈ પણ દિવસે સ્વચ્છ થઈ શકતું નથી. મારા અનુભવ પરથી એ સત્ય હું શીખ્યો છું. હું નાનો હતો ત્યારે મારા વાલીઓએ મારા હાથમાં 'બાઈબલ' મૂક્યું, એટલું જ નહિ પણ એ વાંચવાની મને ફરજ પાડી. એ સમયે હું પંદર વર્ષનો થયો ન હતો. એવી વયે 'બાઈબલ' વાંચ્યા પછી કયો માણસ નિર્મલ રહી શકે? હક વિષે હું સારા શબ્દો બોલી શકત તો મને ખૂબ આનંદ થાત. પણ સાચું કહું તો એ, બાઈબલમાંના સૉલોમન, ડેવિડ અને એમના જેવાં બીજાં ઘણાં પાત્રો જેવો જ છે!'

હવે પોતાની કૃતિઓનું જાતે જ પ્રકાશન કરવું એવો નિશ્ચય ટ્વેઇને ઈ. ૧૮૮૪માં કર્યો. પછીને વર્ષે 'હકલબરી ફિન' બહાર પડયું અને આર્થિક દૃષ્ટિએ પ્રકાશન તરીકે બહુ સફળ નીવડયું. ત્યાર બાદ ગ્રૅન્ટનાં 'સંસ્મરણો' પણ લાભદાયી નીવડયાં. આ બે પ્રકાશનો પછીનાં બધાંમાં ટ્વેઈનને જબ્બર માર ખાવો પડયો. પ્રકાશનસંસ્થામાંથી પૈસા ઉપાડી બીજા વ્યવહારોમાં એ રોકવાની આદત ટ્વેઈનને હતી. તેથી પ્રકાશન સંસ્થાને તાળું મારવાનો પ્રસંગ બહુ ઝડપથી ઊભો થયો. ઈ. ૧૮૯૪માં તેને નાદાર જાહેર કરવામાં આવ્યો. અમેરિકામાં રહેવું બહુ ખર્ચાળ હોવાથી કરકસર કરવાના હેતુથી ટ્વેઈન-કુટુંબ યુરોપમાં રહેવા ગયું. ઈ. ૧૮૯૨ થી ૧૮૯૪ સુધીમાં ટ્વેઈનને આઠ વાર યુરોપથી અમેરિકા આવવું પડયું. પ્રકાશનસંસ્થાની હાલત પ્રતિદિન બગડતી હતી. કોઈ એનો બચાવ કરી શકવાનું ન હતું. ઈ. ૧૮૯૨ના જૂન મહિનામાં શેરબજાર તૂટયું અને કોઈએ ધારી ન હતી એવી મંદી બજારમાં આવી. સપ્ટેમ્બર મહિનામાં એક રાતના ટ્વેઈનના જીવનમાંનો મહત્ત્વનો એક બનાવ બન્યો. રૉકફેલરની સ્ટૅંડર્ડ ઑઈલ કંપનીના એક ભાગીદાર હેન્રી રૉજર્સ સાથે એનો પરિચય થયો. રૉજર્સ તેના પ્રશંસક હતા. એમણે તેને મદદ કરવાનું સ્વીકાર્યું. ટ્વેઈને પોતાની સંસ્થાના હિસાબના બધા ચોપડા તેને સોંપી દીધા. ને તે દિવસથી ટ્વેઈનનાં નુકસાનોની હારમાળા અટકી. અલબત્ત, એની પાસે હતું એ બધું ગુમાવવાનો પ્રસંગ આવવાનો હતો જ. પણ એ અલ્પકાલીન રહેવાનું હતું, ને રૉજર્સની કુશળ વ્યવસ્થા નીચે ટ્વેઈનની સંસ્થાને ઊજળું ભાવિ દેખાવાનું હતું.

પ્રકાશનસંસ્થા નુકસાનમાં જતી હતી ત્યારે ટ્વેઈન સામે એક અઘરી સમસ્યા ઊભી થઈ. ધંધાદારી મિત્રોએ એને કહ્યું : 'ધંધો એટલે ધંધો, અને લાગણીઓ એટલે લાગણીઓ. બે વચ્ચે કોઈ દિવસ ગફલત કરવી નહિ. અહીં વેપારની વાત છે. તમારી પાસે છે એ બધું લહેણદારોને સોંપી દો. એમને રૂપિયામાં તેત્રીસ પૈસા મળે તો યે બહુ થયા કહેવાય.' પણ લિવી માને નહિ. સોએ સો ટકા પાછા આપી દેવા એનો આગ્રહ હતો. રૉજર્સનો અભિપ્રાય પણ લિવીના અભિપ્રાય જેવો જ હતો. એમનું કહેવું એમ હતું; 'ધંધાના પોતાના નિયમો હોય છે એ હું સ્વીકારું છું, પણ સાહિત્યકારની પ્રતિષ્ઠા એ એના પ્રાણ છે. ધનની દૃષ્ટિએ એ કંગાળ હોય તો ચાલે, પણ ચારિત્ર્યની દૃષ્ટિએ જોતાં એ સો ટકા શુદ્ધ હોવો જોઈએ. ચારિત્ર્યહીન થવું તમને પરવડે નહિ. તમારે સો ટકા કમાવાના રહેશે અને પછી આપી દેવા પડશે.'

પૈસા કમાવા હતા એટલે લખવાની જરૂર તો ઘણી હતી. ઈ. ૧૮૯૧ થી ઈ. ૧૮૯૪ સુધીમાં ટ્વેઈને કેટલાંક પ્રવાસવર્ણન પર પત્રો, તેમજ વાર્તાઓ લખ્યાં. તે ઉપરાંત એનાં ચાર પુસ્તકો એ ગાળામાં બહાર પડયાં. દેવું ભરી દેવા માટે હજી પૈસા મેળવવાની જરૂર હતી. માત્ર લેખનપ્રવૃત્તિમાંથી પૈસા મળવાની શક્યતા દેખાતી ન હતી. એટલે ભાષણો કરવા માટે મુસાફરીઓ કરવાનો વખત પાછો આવ્યો. હવે ટ્વેઈનની ઉમર ૬૦ જેટલી થઇ હતી. વ્યાખ્યાનો કરવા પરદેશ જવું ને પ્રવાસનાં વર્ણનો લખી તેમજ ભાષણો આપી પૈસા મેળવવા એની મુરાદ હતી. ઈ. ૧૮૯૫ના મેમાં ટ્વેઈન ન્યૂ યૉર્ક આવ્યો. ને ઈ. ૧૮૯૬માં એ પાછો ઇંગ્લૅંડ ગયો ત્યાં સુધી લેણદારોને રૂપિયામાં સો પૈસા પૂરા ચૂકવાઈ ગયા હતા. ૩૧મી જુલાઈએ તે પાછો આવ્યો હતો. અઠવાડિયાની અંદર પુત્રીઓ અમેરિકાથી આવવાની હતી. તેને [illegible] આવ્યો. ત્યાં સૂસનની તબિયત નાદુરસ્ત હતી, જોકે ચિંતા કરવાનું કોઈ કારણ ન હતું. લિવી અને ક્લૅરાએ પાછા અમેરિકા જવાની તૈયારી કરી. કોઈ કાગળ આવ્યો નહિ. મા-દીકરી ૧૬મી ઑગસ્ટે અમેરિકા ઊપડી ગયાં. એ અમેરિકા પહોંચે ત્યાર પહેલાં જ—૧૮મી ઑગસ્ટે ટ્વેઈનના હાથમાં એક તાર મૂકવામાં આવ્યો. એમાં લખ્યું હતું : 'સુસીને આજે શાંતિપૂર્વક મુક્તિ મળી ગઈ. એની ઉમર ચાલીસ વર્ષ અને પાંચ મહિના હતી. ત્રેવીસમીએ એનાં માતા અને બહેને એને છેલ્લા વિશ્રામસ્થાનમાં મુકાતી જોઈ અમારા ઘરમાં એ અમારું પૂજાસ્થાન હતી.'

ઈ. ૧૯૦૨માં મિસૂરીની યુનિવર્સિટીએ ટ્વેઇનને 'ડૉક્ટર ઑવ લૉઝ' ની ઉપાધિ અર્પણ કરવાનો નિર્ણય કર્યો. માર્ક ટ્વેઈનની પોતાની જન્મભૂમિની આ છેલ્લી મુલાકાત હતી. અહીં લિવીની ગંભીર માંદગી શરૂ થઈ. એને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી અને રાતના એ ઊંઘી શકતી નહિ. એને આખી રાત બેસી રહેવું પડતું. હૃદયનો વિકાર હતો અને ડૉક્ટરો પાસે કોઈ દવા ન હતી. લિવીને એકાન્તવાસમાં મૂકવામાં આવી. એમના લગ્નની તેત્રીસમી સંવત્સરીએ માર્ક ટ્વેઇનને એને પાંચ મિનિટ મળવાની રજા આપવામાં આવી. મેમાં એની તબિયત અધિક લથડી ગઈ. પાંચમી જૂને એનું અવસાન થયું. માર્ક ટ્વેઇને નોંધ કરી : 'એ મારું જીવિત હતી; એ હવે ચાલી ગઈ છે. એ મારી સંપદા હતી, હવે હું નિર્ધન બની ગયો છું.'

માર્ક ટ્વેઇને સિત્તેર વર્ષ પૂરાં કર્યાં ત્યારે અમેરિકાના બસો જેટલા અગ્રગણ્ય સાહિત્યકારોએ એનું સન્માન કર્યું. જવાબમાં માર્ક ટ્વેઇને ભાષણ કર્યું : 'હું સિત્તેર વર્ષ જીવ્યો છું—બધાએ જીવવું જોઇએ એ રીતે, એટલે કે જે રીતે જીવતાં ઘણા ખતમ થઈ જાય છે એ રીતે. મારી સાથે રાતના ઉજાગરા કરનાર કોઈ ન હોય ત્યારે હું સુઉં છું. અને ઊઠવાની ફરજ પડે ત્યારે જ ઊઠવાની ટેવ મેં કેળવી છે. મારા જીવનમાં સતત અનિયમિત નિયમિતતા ચાલુ રહી છે!

'ખાવાની બાબતમાં પૂછો તો મને માફક ન આવતી ચીજો હું હમેશાં ખાતો આવ્યો છું—જ્યાં સુધી એ ચીજો માફક બને ત્યાં સુધી, અથવા ચીજો માફક ન આવવાથી મારે એમનો ત્યાગ કરવો પડયો ત્યાં સુધી!

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૦)

સત્યજિત રાયની એક વિજ્ઞાનકથા સેપ્ટોપસની ભૂખ

અનુવાદક • સુકન્યા ઝવેરી

સાંકળ ખખડાવવાનો અવાજ આવતાં આપમેળે જ મારા મોંમાંથી કંટાળાસૂચક શબ્દ સરી પડયો. બપોરથી અત્યાર સુધીમાં ચાર વાર ઊઠવું પડ્યું; આમાં માણસ કામ શી રીતે કરે? કાર્તિકેય ક્યારનો બજારમાં ગયો છે. તેના પાછા ફરવાનું નામ નથી. લખવાનું બંધ કરી મારે જ ઊઠવું પડ્યું. બારણાં ખોલતાં જ હું તો આશ્ચર્ય અવાક્! અરે આ તો કાંતિબાબુ! મેં કહ્યું: 'વાહ! આવો આવો......'

'ઓળખાણ પડી?' 'સાવ બદલાઈ ગયા છો.'

મહાશયને અંદર ઓરડામાં લાવી બેસાડયા. સાચે જ, દસ વર્ષમાં અવિશ્વસનીય પરિવર્તન થયું છે કાંતિબાબુના દેખાવમાં. એમને જ નાઈન્ટીન ફિફ્ટીમાં આસામના જંગલમાં મૅગ્નિફાઇંગ ગ્લાસ હાથમાં ને કુદાકડા મારતા ફરતા જોયા છે. ત્યારે જ પચાસની ઉંમર હશે. પણ એકે વાળ પાકયો નહોતો. અને એ ઉંમરે એનર્જીનો જે નમૂનો જોયો હતો, તે તો આજકાલ સાધારણરીતે જુવાનિયામાં ય દેખાતો નથી.

'તમને હજુ ય ઑર્કિડનો શૉખ ખરો?'

મારા ઘરના બારીમાં એક ટબમાં કાંતિબાબુનો જ દીધેલો એક ઑર્કિડ હતો. શૉખ હજુ ય છે એમ કહેવું ચોક્કસ ભૂલભરેલું છે. કાંતિબાબુએ જ ઝાડપાન વિષે એક કુતૂહલ મારામાં જગાડયું હતું તે પછી તેઓ પરદેશ ગયા. ત્યાર બાદ એ શૉખ આપોઆપ ઓછો થઈ ગયો હતો—જેમ બીજા બધા શૉખ પણ હવે પૂરા થઈ ગયા છે. આજકાલ માત્ર લખવાનું ચાલુ છે. હાલમાં સમય પણ બદલાઈ ગયો છે. પુસ્તક લખીને પણ કમાઈ શકાય છે. ત્રણ પુસ્તકના વેચાણમાંથી જ લગભગ ઘર સંસાર ચાલે છે. મારો સંસાર અટલે હું, મારી વિધવા મા, ને નોકર કાર્તિક. નોકરી એક છે તો ખરી, પણ આશા છે કે પુસ્તકમાંથી આવક વધ્યે નોકરી નોકરી છોડી દઈ કેવળ લખીશ. અને લખવામાંથી ફુરસદ મળ્યે દેશદેશાવર ભમીશ. કાંતિબાબુ બેઠા બેઠા ધ્રૂજી ઊઠયા! મેં પૂછ્યું: 'ઠંડી લાગે છે? બારી બંધ કરું? આ ફેરે કલકત્તામાં ઠંડી—'

'ના ના. એવું મને આજકાલ ક્યારેક થાય છે. ઉંમર થઈ ને?'

ઘણા બધા પ્રશ્નો મગજમાં ઊઠતા હતા. કાર્તિક આવી ગયો. એને ચહા લાવવા કહ્યું. કાન્તિબાબુ બોલ્યા: 'બહુ વાર નહિ બેસું. તમારી એક નવલકથા મારા હાથમાં આવી હતી. તમારા પ્રકાશક પાસેથી જ ઠેકાણું મેળવી અહીં આવ્યો છું. આવ્યો છું એક જરૂરી કામે.'

'કહો ને: પણ એ પહેલાં—એટલે કે ક્યારે દેશ પાછા ફર્યા, ક્યાં હતા, ક્યાં છો આજકાલ, એ બધું જાણવાની ખૂબ ઇચ્છા છે.'

'પાછા આવ્યે બે વર્ષ થયાં. હતો અમેરિકા, છું બારાસાતમાં.'

'બારાસાતમાં?' 'એક બંગલો ખરીદ્યો છે.'

'બાગ છે?' 'છે!'

'અને ગ્રીન-હાઉસ?' કાન્તિબાબુના પહેલા બંગલાના બગીચામાં એક સુંદર ગ્રીન હાઉસ યા કાચ-ઘર હતું, જેમાં તેઓ પોતાનાં દુષ્પ્રાપ્ય ઝાડપાનને સાચવીને રાખતા. કેટલી બધી જાતનાં અદ્‌ભુત ઝાડ મેં ત્યાં જોયાં હતાં, ઉફ! કેવળ ઑર્કિડની જ તો સાઠ પાંસઠ જાત! તેના ફૂલનું વૈચિત્ર્ય માણવામાં જ એક આખો દિવસ પૂરો થઈ જાય. કાન્તિબાબુએ જરાક વિચારી કહ્યું: 'હા, એક ગ્રીન-હાઉસ પણ છે!'

'તમારો ઝાડ-પાનનો શૉખ તો પછી આ ગાળામાં ઘટ્યો નથી લાગતો!'

'ના.' કહેતા કાન્તિબાબુને મારા ઘરની ઉત્તર દીવાલ તરફ તાકી રહેલા જોઈ મારી પણ નજર તે તરફ ગઈ. માથા સાથે એક રૉયલ બંગાલ ટાઈગરનું ચામડું ત્યાં લટકતું હતું. મેં પૂછ્યું: 'ઓળખ્યું?'

'આ એ જ વાઘ છે?'

'હા; જુઓને, કાન પાસે બુલેટનું કાણું પણ છે.'

'તમારું નિશાન ખરેખર અદ્‌ભુત હતું. આજ પણ તમે એ જ રીતે અચૂક નિશાન લઈ શકો છો ખરા?'

'ખબર નહિ. ઘણા દિવસથી પરીક્ષા નથી કરી. શિકાર છોડયાને પાંચસાત વર્ષ થયાં.' 'કેમ?'

'કેટલો બધો શિકાર કર્યો! કેટલાં બધાં તો જાનવર માર્યાં! હવે ઉંમરે ય થઈ. તેથી, અને પ્રાણીહત્યા.'

'માંસ-મચ્છી પણ તજી દીધાં? નિરામિષ જમો છો?' 'ના.'

'તો પછી? એ તો થઈ કેવળ હત્યા. વાઘ માર્યો, કે મગર માર્યો, કે ભેંસ મારી...ચામડું કાઢી, માથું સ્ટફ કરી કે શિંગડાં માઉન્ટ કરી દીવાલે ટાંગી રાખ્યાં. ઘરની શોભા વધી, લોકો આવી કોઈ ડર્યા, કોઈએ શાબાશી દીધી. અને મરઘી-બકરાં, હરણ-સસલાં જે તમે પોતે ચાવીને ખાઈ નાખ્યાં એનું શું, હેં? કેવળ પ્રાણીહત્યા નહિ, પ્રાણી-હજમ! હેં?'

હું શું બોલું? અસ્વીકાર કરી શકયો નહિ.

કાર્તિક ચહા આપી ગયો. કાન્તિબાબુ થોડી વાર ગંભીર થઈ અચાનક ધ્રૂજી ઊઠયા, ને પછી ચહાનો કપ ઊંચકી લીધા. એક ઘૂંટડો પી બોલ્યા: 'પ્રત્યેક જીવનો, પ્રાણીનો ખાદ્ય—ખાદકનો સંબંધ તો સૃષ્ટિની શરૂઆતથી ચાલ્યો જ આવે છે. જો પેલી ગરોળી કેવી ટાંપી રહી છે? જોઈ?'

જોયું. કિંગ કંપનીના કૅલેન્ડરની ઉપર એક ગરોળી તેનાથી બે ઇંચ દૂરના એક જીવડા તરફ નિષ્પલક નજરે તાકી રહી હતી. તે પછી જોતજોતાંમાં ધીમે ધીમે કરી ખૂબ જ આસ્તેથી જીવડા તરફ આગળ વધી અચાનક તીરની જેમ તરાપ મારી એને મોંમાં મૂકી દીધું.

કાન્તિબાબુ બોલ્યા: 'બસ! ડિનર શરૂ થઈ ગયું. કેવળ ખાવું અને ખાવું! ખાવું જ છે. મુખ્ય! વાઘ માણસને ખાય, માણસ બકરું ખાય, અને બકરું શું નથી ખાતું! વિચાર કરો તો આમાં શું વન્ય, શું આદિમ, શું હિંસ્ર લાગે છે કંઈ? કહો જોઈએ? આ જ તો થયો નિયમ.'

'નિરામિષ ખોરાક આના કરતાં સારો, નહિ?'

'કોણે કહ્યું તમને? શાકભાજી વગેરેમાં શું જીવ નથી?'

'તે તો છે જ! જગદીશ બોઝ અને તમારી મહેરબાનીથી એ વાત હમેશાં જ યાદ રહેશે. પણ, એ જીવ અદલ આ જીવ જેવો નહિ. ઝાડપાન અને જીવજંતુ કંઈ એક?'

'તમારા મત પ્રમાણે શું બેમાં ખૂબ પ્રભેદ છે!'

'તફાવત નથી? ઝાડ કંઈ ચાલી શકતું નથી, બોલી શકતું નથી, મનનો ભાવ દેખાડી શકતું નથી. એ તો ઠીક, પણ મન જેવું કંઈ તેમને હોય છે કે નહિ એ ય આપણને પૂરી ખબર નથી; ખરું કે નહિ?'

કાન્તિબાબુ, શી ખબર, કંઈક બોલતા બોલતા રહી ગયા. ચહા પૂરી કરી થોડી વાર માથું નમાવી બેઠા. પછી મારી સામે તાકી રહ્યા. તેમની આંખોની કરુણ સંશયાકુળ નજર જોઈ મારું મન અચાનક અજાણી આશંકાએ કંપી ઊઠયું. સાચે જ, આ સજ્જનના દેખાવમાં કેવું આશ્ચર્યકારક પરિવર્તન થઈ ગયું હતું! પછી ધીરેથી બોલ્યા: 'પરિમલ, મારું ઘર અહીંથી એકવીસ માઈલ છે. અઠ્ઠાવન વર્ષની ઉંમરે જાતે કૉલેજ સ્ટ્રીટમાં રખડીને તમારું સરનામું મેળવીને હું અહીં આવ્યો તો તેની

પાછળ કંઈક ખાસ કારણ હશે જ એ તો તમે સમજી ગયા હશો! કે પછી પેલી બધી આડીઅવળી રંગ ચડાવીને વાર્તા લખવામાં એ બુદ્ધિ ખોઈ બેઠા છો? શું વિચારો છો—કે આ યે એક ટાઈપનો માણસ ઠીક ભેટી ગયો છે! એની જ એક વાર્તા બનાવીને લખી નાખું તો જામશે!'

શરમથી મારું માથું નમી ગયું. કાંતિબાબુના કહેવામાં તથ્ય હતું. તેમને એક વાર્તાના પાત્ર રૂપે વાપરવાનો પ્લાન–પરિકલ્પના મારા મનના ખૂણામાં સાચે જ ઘૂમી રહી હતી. એ બોલ્યા : 'જીવન સાથે યોગ તૂટી જાય તો પછી જે પણ લખશો તે બધું જ મિથ્યા અને પ્રવંચના બની જશે. અને એ યાદ રાખજો કે તમે તમારી કલ્પનાને ગમે તેટલો રંગ ચડાવોને, વાસ્તવ કરતાં એ ક્યારે ય વધુ વિસ્મયકર બની શકશે જ નહિ...જવા દો, હું તમને ઉપદેશ આપવા નથી આવ્યો. હું આવ્યો છું—સાચું કહેવામાં લાજ શી?—તમારી સહાય—મદદ માગવા.' કહી, એ ફરી વાઘ ભણી જોઈ રહ્યા. શી મદદની જરૂર એમને હશે?

'તમારી બંદૂક છે કે વિદાય કરી દીધી છે?' હું જરાક ચમકીને એ સજ્જન સામે જોઈ રહ્યો. બંદૂકની વાત શું કામ પૂછતા હશે? મેં કહ્યું : 'છે; પણ લાગે છે, કાટ ચડી ગયો હશે. પણ શું કામ છે?'

'કાલે એ લઈને એક વાર મારે ઘેર આવશો?'

હું એ સજ્જન સામે તાકી રહ્યો એમની વાત સાંભળીને. ના, કોઈ મશ્કરીનો ઇંગિત નહોતો વર્તાતો એમની નજરમાં.

'ચોક્કસ, હોં? અને કેવળ બંદૂક નહિ. ગોળી પણ જોઈશે.' કાન્તિબાબુનો આ અનુરોધ સાંભળીને શો જવાબ દેવો એ ઝટ દઈને વિચારી પણ શક્યો નહિ. એક વાર તો મને થયું કે કદાચ એમની વાત સમજાયો નહિ હોઉં. યા તો અસલમાં એ સજ્જનનું મગજ ચસકી ગયું હશે. તેઓ તરંગી છે એ વિષે તો કોઈ શંકા જ નહોતી. નહિ તો જિંદગી નષ્ટ કરી અજાયબ–અજનબી–અદ્ભુત ઝાડપાલાની શોધમાં કોઈ વનવગડામાં ભટકે ખરું? મેં કહ્યું : 'બંદૂક લઈને આવવામાં મને કંઈ વાંધો નથી; પણ તો ય કારણ જાણવાને મન તલપાપડ થઈ રહ્યું છે. તમારા એ પ્રદેશમાં શું જંગલી જાનવર કે ચોર–ડાકુનો ઉપદ્રવ છે, કે શું?'

'એ બધું તમે આવશો એટલે કહીશ. બંદૂકની જરૂર વખતે ન પણ પડે; અને પડે પણ. છતાં એટલી ખાતરી આપું છું કે તમારે કોઈ ફોજદારી અપરાધ કે સજાને લાયક ગુનો નહિ કરવો પડે.' કહી કાન્તિબાબુ ઊઠીને ઊભા થયા. પછી મારી નજદીક આવી મારા ખભા પર હાથ રાખી બોલ્યા : 'તમારી પાસે એટલે આવ્યો છું કે છેલ્લો હું તમને મળ્યો ત્યારે મને થયું'તું મનમાં, કે મારી જેમ તમને પણ નવી નવી જાતના અનુભવો પ્રત્યે એક વિશેષ આકર્ષણ છે તે ઉપરાંત, મારો લોક-સમાજમાં આવરોજાવરો પહેલાં ય કમ, અને અત્યારે તો બિલકુલ નહિવત્ કહીએ તો ય ચાલે; ને ઓળખીતા–પાળખીતામાં મુઠ્ઠીભર જે કેટલાક લોકો છે એમાંના કોઈમાં યે તમારા જેવા વિશિષ્ટ ગુણો નથી.'

ગત કાળમાં ઍડવેન્ચરની ગંધથી જે વિશેષ ઉત્તેજના હું નસનસમાં અનુભવતો તે આજ આ પળે ફરી જાણે થોડીઘણી અનુભવી રહ્યો. મેં કહ્યું : 'ક્યાં, ક્યારે, શી રીતે જવાનું છે તે જો કહી દો—'

'એ કહું છું. જશોર રોડ પરથી સીધા જઈ, બારાસાત સ્ટેશને પહોંચી, ત્યાં કોઈને પણ મધુમુરલી સરોવર ક્યાં છે એ પૂછજો. એ સ્ટેશનથી ચારેક માઈલ છે. એ સરોવરની પાસે એક જૂનીપુરાણી ભાંગેલી નીલકોઠી છે. તેની પાસે જ મારું મકાન છે. તમારી ગાડી છે ને?'

'ના; પણ મારા એક મિત્રની પાસે છે.' 'કોણ એ?'

'અભિજિત, કૉલેજમાં સહપાઠી હતો.'

'એ માણસ કેવો? હું ઓળખું છું?'

'ના, તમે નથી ઓળખતા. પણ માણસ સારો. એટલે કે ભરોસાપાત્ર. હી ઈઝ ઑલરાઈટ.' એટલે એમણે કહ્યું : 'ઠીક તો, તેને લેતા આવજો. પણ આવજો ચોક્કસ. ખૂબ જરૂરી કામ છે એ ઉમેરવાની જરૂર છે ખરી? બપોર સુધીમાં પહોંચી શકો એમ નીકળજો.'

મારે ઘેર ટેલિફોન નથી. નાકા પર રીપબ્લિક કેમિસ્ટને ત્યાંથી અભિજિતને ફોન કર્યો. 'હમણાં ને હમણાં જ ચાલ્યો આવ. જરૂરી કામ છે.'

'તારી નવી વાર્તા સંભળાવવી છે? પણ મને ઊંઘ આવી ગઈ તો!'

'અરે ના રે ના, બીજું જ કામ છે.'

'શું કામ છે? આટલું ધીમેથી કેમ બોલે છે?'

'એક સરસ મેસ્ટીફ઼ેર ગલુડિયાની ભાળ મળી છે. એક જણ મારે ઘેર બેઠું છે.' કૂતરાની લાલચ ન આપો તો આજકાલ અભિજિતને ઘરમાંથી બહાર તાણી લાવવો મુશ્કેલ છે. પાંચ મહાદેશના અગિયાર જાતના કૂતરા અભિજિતની કેનલમાં છે. તેમાં ત્રણ તો પ્રાઈઝ–વિનર. પાંચ વર્ષ પહેલાં આવું નહોતું. આજકાલ કૂતરા જ એનું ધ્યાન–જ્ઞાન–ચિંતન બની બેઠા છે. કૂતરા પ્રત્યે પ્રેમ સિવાય અભિજિતમાં બીજો કોઈ ગુણ હોય તો એનો મારી બુદ્ધિ પ્રત્યે અપરિસીમ વિશ્વાસ. મારી પ્રથમ નવલકથાની હસ્તપ્રત પ્રકાશકોને પસંદ નહોતી પડી તેથી એ અભિજિતના પૈસે જ છપાઈ હતી. એ કહે : 'હું બીજું કંઈ ન જાણું, પણ જ્યારે તેં લખી છે તો પછી એ રબ્બિશ હોઈ જ ન શકે. પબ્લિશરો બુધ્ધુ છે.' એ જે હોય તે, પણ પછી એ પુસ્તકનું વેચાણ સારું જ થયું હતું અને હું નામ પણ કમાયો હતો. અને પરિણામે મારા તરફ અભિજિતની આસ્થાનો પાયો વધુ દૃઢ થયો હતો.

કુરકુરિયાની વાત સાવ ગપ્પું હોવાથી એક અભિજિતમાર્કો ધબ્બો ખાવો પડે એમ હતું. ખાધો પણ ખરો. પરંતુ અસલ પ્રસ્તાવ આદર સહિત સ્વીકારાયો હોવાથી ધબ્બાની બળતરા ભૂલી ગયો.

અભિ ઉત્સાહપૂર્વક બોલ્યો : 'કેટલા દિવસથી આઉટિંગ પર ગયો નથી. ચાલો, કંઈ નહિ તો સરોવરમાં સ્નાઈપ શૂટિંગ તો કરીશું. પણ એ છે કે કોણ? વાત શી છે? જરાક ફોડ પાડીને બોલ તો ખરો ભાઈ!'

'જ્યારે એણે જ કંઈ ફોડ પાડીને કહ્યું નથી તો હું તને શી રીતે કહું? ભલેને જરાક રહસ્ય રહેતું. મજા આવશે. કલ્પનાશક્તિને એક્સર્સાઈઝ કરાવવાની આ તો સારી તક છે.' 'હા, પણ એ કોણ છે એ તો કહે.'

'કાંતિચરણ ચૅટર્જી—સમજ્યો કંઈ? એક જમાનામાં થોડા સમય માટે સ્કૉટિશ ચર્ચ કૉલેજમાં બોટૅનીના પ્રોફેસર હતા. પ્રોફેસરી છોડી ઝાડપાલાની શોધમાં ભટકતા, અને તેના વિષે રીસર્ચ કરતા, પ્રબંધો લખતા. કલેક્શન પણ ઝાડ-પાલાનું સારું એવું હતું, ખાસ કરીને ઑર્કિડનું.'

'તારી સાથે કેવી રીતે ઓળખાણ થઈ?'

'આસામના કાઝીરંગા ફૉરેસ્ટ-બંગલામાં. હું વાઘ મારવાનો તાગડો રચતો હતો, અને તેઓ નેપેન્થિસ ખોળતા હતા.'

'શું ખોળતા હતા?'

'નેપેન્થિસ. બૉટૅનિકલ નામ છે. સાદી ભાષામાં 'પિચર પ્લૅન્ટ' અથવા 'કળશ–છોડ.' આસામના જંગલમાં જ મળે છે એ. જીવડાંને પકડી પકડીને ખાય. મેં પોતે જોકે જોયા નથી. કાંતિબાબુના મોંએ સાંભળ્યું હતું આ બધું.' 'શું ખાઉ? જીવડાં ખાય? ઝાડ જીવડાં ખાય?'

'તેં બૉટૅની નહોતું લીધું?' 'ના.'

'પુસ્તકમાં ચિત્ર જોયું છે. ન માનવા જેવું કંઈ નથી.' 'પછી?'

'પછી શું? એ મહાશયને એ ઝાડ મળ્યું કે નહિ તેની ખબર નથી કેમ કે શિકાર કરીને હું તો પાછો ચાલ્યો આવ્યો. મને તો ડર હતો કે કોઈ જંગલી જાનવર કે સાપઆપને સપાટે ચઢી ગયા તો જાન ખોશે. ઝાડના નશામાં દિનદશાનું ભાને ભૂલી જતા. કલકત્તા પાછા આવ્યા પછી એકાદ બે વાર મળ્યા હશે. બસ, પણ એમની યાદ હમેશાં આવતી; કેમ કે મને પણ થોડો સમય ઑર્કિડ એકઠાં કરવાનો શોખ લાગ્યો હતો. કહેતા હતા અમેરિકાથી કેટલાંક મજાનાં ઑર્કિડ મને લાવી દેશે.'

'અમેરિકા ? તે એ મહાશય અમેરિકા પણ જઈ આવ્યા છે?'

વિલાયતના કોઈએક બૉટૅનિકલ જર્નલમાં ઉદ્ભિજ્જ વનસ્પતિ-જગત-વિષે એમનો એક લેખ છપાયા પછી તેઓને એ દેશમાં ખૂબ જ ખ્યાતિ મળી હતી. કોઇએક ઉદ્ભિજ્જવિજ્ઞાનીઓની કૉન્ફરન્સમાં એમને આમંત્રણ પણ આવ્યું હતું અમેરિકાથી તે પણ લગભગ ફિફટી વન કે ફિફટી ટુમાં. એ પછી આ પહેલી વાર મળ્યા.'

'આટલા દિવસ ત્યાં એમણે શું કર્યું ?'

'ખબર નથી, પણ હવે કાલે ખબર પડશે એવું લાગે છે.'

'એ માણસનું મગજ તો ચસકેલ નથી ને ?'

'તારા કરતાં વધુ તો નથી જ. તારે કૂતરાં પાળવાં ને એને ઝાડ!'

અભિજિતની સ્ટાન્ડર્ડ ગાડીમાં અમે જશોર રોડ પર થઈને બારાસાત તરફ જઈ રહ્યા હતા. અમે એટલે હું અને અભિજિત સિવાય બીજું પણ એક પ્રાણી સાથે હતું. એ હતો અભિજિતનો કૂતરો 'બાદશા.' મારી જ ભૂલ. અભિજિતને ના ન કહો તો એ પોતાની સાથે અગિયારમાંથી એકાદ કૂતરાને તો જોડે લાવે જ, એ મારે ભૂલવું નહોતું જોઇતું.

બાદશા જાતનો રામપુર હાઉન્ડ. બદામી રંગ. અત્યંત તેજસ્વી. ગાડીની પાછલી પૂરી સીટ એકલાએ રોકી હતી. આરામથી બેઠાબેઠા બારીમાંથી મોં બહાર કાઢી દિગંતવિસ્તૃત ધાનનાં ખેતરોનું દૃશ્ય માણી રહ્યો હતો, અને વચ્ચે વચ્ચે એક પછી એક આવતાં ગામમાં નધણિયાતું રખડતું કૂતરુ જોયું કે અવજ્ઞાસૂચક મૃદુ ભસી દેતો. બાદશાને અભિજિત સાથે જોઈ મેં જરાક વાંધો ઉઠાવતાં અભિ બોલેલો : 'તારી બરકંદાજી પર મને બહુ ભરોસો નથી પડતો, તેથી જ એને લાવ્યો છું. આટલા દી થી તેં બંદૂક લીધી નથી હાથમાં, એટલે કદાચ મુસીબતમાં જો ફસાયા, તો આખરે બાદશા હોય સાથે, તો કામમાં તો આવે. એની ઘ્રાણશક્તિ અસાધારણ છે; અને સાહસની તો વાત જ નહિ.

કાન્તિબાબુનું ઘર ખોળતાં મુશ્કેલી ન પડી. અમે જ્યારે પહોંચ્યા ત્યારે લગભગ અઢી વાગ્યા હતા. ઝાંપામાં દાખલ થઈ થોડુંક આગળ વધ્યા કે એક બેઠા ઘાટનો બંગલો નજરે પડ્યો. બંગલાની પાછળ થોડે દૂર એક વિશાળ શિરીષ વૃક્ષ અને તેની પાસે જ એક કારખાના જેવું પતરાનું શેડ. ઘરની સામે રસ્તાની ઊલટી દિશામાં એક બાગ, અને બાગની પાછળ એક ટિનના છાપરા નીચે કાચનાં બૉક્સની હારચમકતીહતી.

કાન્તિબાબુએ અમને આવકાર આપી બાદશા ભણી નજર નાખી ભવાં સંકોચી પૂછ્યું : 'આ કૂતરો પાળેલોને શિક્ષિત છે ?' અભિ બોલ્યો : 'ખૂબ જ કહ્યાગરો છે. પણ જો અજાણ્યો અશિક્ષિત કૂતરો સામે મળે તો એ શું કરી બેસે એ હું કહી નથી શકતો. તમારે ત્યાં કૂતરા બૂતરા...?'

'ના, કૂતરા નથી. પણ તો ય આને હમણાં પૂરતો બેઠકખંડની બારીના સળિયા સાથે બાંધી રાખોને.'

અભિજિતે મારી સામે આડકતરી નજરે જોઈ આંખ મારી, કહ્યાગરા છોકરાની જેમ કૂતરાને બારી સાથે બાંધી દીધો. બાદશાએ જરાક હળવું ધીમેથી ભસી પોતાનો વાંધો દર્શાવ્યો અને પછી ચૂપ થઈ ગયો.

અમે સામેના બારાંમદામાં નેતરની ખુરશી પર બેઠા પછી કાન્તિબાબુ બોલ્યા : 'મારા નોકર પ્રયાગનો જમણો હાથ જખ્મી થયો છે, તેથી મેં પોતે જ તમારા માટે ચહા બનાવી ફ્લાસ્ક (થર્મોસ)માં ભરી રાખી છે. જ્યારે પીવી હોય ત્યારે કહેજો.'

આવી શાંત એકાંત જગ્યામાં શી વિપદ સંતાઇ રહી હશે તે મારી કલ્પનામાં યે આવતું નહોતું. બેએક પંખીના ટહુકા સિવાય કોઈ અવાજ પણ નહોતો. બંદૂક હાથમાં લઈ ફરતાં હું એવો બુધ્ધુ જેવો લાગતો હતો! એટલે એક દીવાલને ટેકે મૂકી દીધી.

અભિને ચટપટી થતી હતી. ખૂબ ઉતાવળિયો. એકદમ શહેરી માણસ. આમપ્રદેશની પ્રાકૃતિક શોભા, પીપળાનાં પાંદડાંનો હવામાં ફરફરાટ, અણજાણ્યાં પક્ષીઓનો ટહુકાર–આ બધું એને અસરે ન કરે. એ થોડીક વાર આમતેમ જોઈ ગણગણાટ કરતો બોલી ઊઠ્યો : 'પરિમલ પાસેથી સાંભળ્યું હતું કે તમે આસામના એક વિચિત્ર ઝાડને શોધવા જતાં લગભગ વાઘના પંજામાં સપડાતા બચી ગયા હતા!'

અભિને ટેવ જ છે કે વાત વધારીને નાટકીય ઢબે કહેવી. મને ડર લાગ્યો કે કાંતિબાબુ વખતે ચિડાઈ જશે. પણ સજ્જન કેવા? હસીને કહે : 'ના, વાઘના પંજામાં તો સપડાયો નહોતો; પણ જળોના હાથમાં થોડોક સપડાઈ હેરાન થયો હતો ખરો. પણ ખાસ નહિ.'

'પછી પેલું ઝાડ જડ્યું'વું ખરું ?' આ પ્રશ્ન મારા પણ મગજમાં હતો. કાંતિબાબુએ પૂછ્યું : 'કયું ઝાડ ?'

'એ પેલું હાંડી કે કળશો કે પિચર–કેવું ય કંઈક નામ હતું એ ઝાડનું...'

'ઓહ, નેપેન્થિસ ? હા, મળ્યું હતું ને! હજુ ય છે. બતાવીશ તમને. હવે એવી જાત સિવાયના કોઈ ઝાડમાં મને ઈન્ટરેસ્ટ નથી. કેવળ કાર્નિવૉરસ પ્લાન્ટ્સ. ઑર્કિડ પણ બધા મેં કાઢી નાખ્યા છે.' કાન્તિબાબુ ઊઠીને અંદર ગયા. હું અને અભિ એકબીજા સામે તાકી રહ્યા. કાર્નિવૉરસ પ્લાન્ટ્સ–એટલે કે માંસભક્ષી ઝાડ! પંદર વર્ષ પહેલાં વાંચેલી બૉટૅનીની ચોપડીનું એક પાનું અને કેટલાંક ચિત્રો યાદ આવી ગયાં.

કાન્તિબાબુ હાથમાં એક બૉટલ લઈને પાછા આવ્યા. બૉટલ અમારી સામે ધરતાં જ જોયું કે તેમાં પતંગિયાં, કરોળિયા, તમરાં, જેવાં જાતજાતનાં નાનીમોટી સાઈઝનાં જીવડાં ફરતાં હતાં. બાટલીના ઢાંકણામાં ગોળ, મીઠા–મરી-દાનના ઢાંકણા જેવાં, ઝીણાં કાણાં હતાં. કાન્તિબાબુ હસીને બોલ્યા : 'ફીડિંગ ટાઈમ. ચાલો મારી સાથે.'

અમે કાંતિબાબુની પાછળ પાછળ ટીનના લાંબા શેડ ભણી ગયા. જઈને જોયું તો લાઈનબંધ કાચની પેટીઓ, અને એ દરેકમાં એકએક જાતનો છોડ. તેમાંનો એક પણ પહેલાં ક્યારે ય જોયો નહોતો. કાંતિબાબુ બોલ્યા : 'આમાંનો એક પણ પ્લાન્ટ તમને બંગાળમાં જોવા પણ નહિ મળે–સિવાય કે એક નેપેન્થિસ. એક એ હું નેપાળથી લાવ્યો છું, એક આફ્રિકાથી. બીજા બધા મધ્ય અમેરિકામાંથી આવ્યા છે.'

અભિજિત બોલ્યો : 'આ બધા છોડ અહીં કેવી રીતે જીવતા રહ્યા છે? અહીંની જમીનમાં તો—'

'એમને જમીન સાથે કંઈ સંબંધ નથી.' 'તો પછી ?'

આ લોકો જમીનમાંથી પ્રાણસંચય કરતા નથી. માણસને જેમ બરાબર ખોરાક મળે તો તે દેશ બહાર વિદેશમાં પણ આરામથી જીવી શકે છે, તે રીતે આ ઝાડ પણ, ખાવા મળે બરાબર, તો ગમે ત્યાં જીવી શકે છે.'

કાંતિબાબુ એક કાચના બૉક્સ સામે જઈ ઊભા રહ્યા. અંદર એક અદ્ભુત છોડ. એનાં બે ઇંચ લાંબાં લીલાં પાંદડાની બે બાજુ સફેદ સફેદ દાંત જેવા ખાંચા. બૉક્સની સામેની બાજુ કાચમાં અડકણી—સ્ટૉપર મારેલું, બાટલીના મોંના કદનું ગોળ બારણું. કાંતિબાબુએ એ ખોલ્યું અને પછી બાટલીનું ઢાંકણું ખોલી ઉતાવળે બાટલીનું મોં દરવાજામાં ઘુસાડી દીધું. એક જીવડું બાટલીમાંથી બહાર નીકળતાં જ કાંતિબાબુએ બાટલીને બહાર કાઢી લઈ ઝટ દઈને બારી બંધ કરી દીધી.

જીવડું આમતેમ ઊડતું ઝાડના પાંદડા પર જઈ બેઠું, અને બેસતાં જ પાંદડાએ વચ્ચેથી ઘડી થઈ જઈ જીવડાને અંદર સપડાવી દીધું! અમે તો આશ્ચર્ય પામી જોઈ જ રહ્યા. બે બાજુના દાંતા સામસામા ખાંચામાં બેસી જવાથી જાણે એક પીંજરું જ બની ગયું, જેથી જીવડા મહાશયને બહાર નીકળવાનો રસ્તો જ ન રહ્યો. પ્રકૃતિની આવી તાજુબી, આવો બીભત્સ ફંદો મેં ક્યારે ય જોયો નહોતો. અભિએ ભારે સ્વરે પૂછ્યું : 'જીવડું એ પાંદડા પર જ બેસશે એની કંઈ ગૅરંટી ખરી?'

'હાસ્તો વળી; એ છોડમાંથી એવી એક ગંધ નીકળે છે કે જે

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૩

પેટનો ગોળો

આયુર્વેદમાં આ રોગને 'ગુલ્મ' કહે છે. આ રોગ આહાર-જન્ય અજીર્ણને કારણે જ થાય છે. આ રોગમાં પેટમાં અને બીજે કેટલેક ઠેકાણે દબાવવાથી ગોળ ગોળા કે દડા જેવું લાગે છે. કેટલીકવાર દબાવ્યા વગર પણ પેટ ઉપર ગોળો ઊપસી આવેલો જોઈ શકાય છે. વળી, તે શરીરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરે છે, અને નાનો-મોટો પણ થાય છે. કેટલીક વાર તે લાંબો વખત સ્થિર રહે છે, તો ક્યારેક થોડા સમયમાં બેસી જાય છે. આ ઉપરાંત, આ રોગમાં નીચે પ્રમાણે બીજાં લક્ષણો પણ જણાય છે:

૧) પેટમાં ગડગડાટ થયા કરે છે. ૨) વાયુ નીચે જવાને બદલે ઉપર ચડે છે તેથી ઓડકાર અને હેડકી આવ્યા કરે છે. ૩) પેટ ભારેભારે આફરા જેવું રહે છે. ૪) મળ અને મૂત્ર પ્રવૃત્તિ વખતે મુશ્કેલી પડે છે. ૫) પેટમાં (આંતરડાંમાં) વાયુ ભરેલો રહે છે. ૬) ભોજન પ્રત્યે અરુચિ પેદા થાય છે. ૭) ભોજન પછી અસહ્ય વેદના થાય છે, જે પછી ધીમે ધીમે ઘટતી જાય છે. ૮) હાથ મૂકીને દબાવવાથી ગોળાનો સ્પર્શ થાય છે. જે હાલતો પણ હોય છે. ૯) કેટલીક વાર ગોળાની જગ્યાએ ઉભાર જોવા મળે છે.

ઉપચાર

૧) આહાર દ્વારા ઘી જેવા સ્નેહનો અધિક ઉપયોગ કરવો. ૨) વાતાનુલોમન માટે હિંગાષ્ટક ચૂર્ણ, શિવાક્ષાર પાચન ચૂર્ણ, લવણભાસ્કર ચૂર્ણ, પંચસકાર ચૂર્ણ કે હરડે ચૂર્ણનો ઉપયોગ કરવો જોઈએ. ૩) અગ્નિમાંદ્ય–અજીર્ણ- મટાડવા રસોનાદિ વટી, ચિત્રકાદિ વટી, અગ્નિતુંડીવટી શંખવટી, વિષતિંદુક વટી વગેરે આપી શકાય. ૪) ગુલ્મ માટેની વિશેષ ઔષધિ ગુલ્મકુઠાર રસ, ગુલ્મ કાલાનલ રસ, ગુલ્મ વર્જીણી રસનો પ્રયોગ કરવો. ૫) દિવેલને સહેજ ગરમ કરી ગુદબસ્તિ લેવી. ૬) લસણ, દિવેલ અને સિંધવની ચટણી કરી તેમાં સહેજ હિંગ નાખી ખાવી. ૭) જમ્યા પછી દશમૂલારિષ્ટ, અશ્વગંધારિષ્ટ, અભયારિષ્ટ કે દ્રાક્ષાસવ પીવો. ૮) જાસૂદના પાનનો રસ પીવો. ૯) ગુલ્મની જગ્યાએ હૉટ વૉટર બૅગથી શેક કરવો. ૧૦) જૂના ચોખા, મગ, કળથીનો યૂષ, સરગવો, લસણ, દ્રાક્ષ, ગાયનું ઘી-દૂધ-છાશ વગેરે ભોજનમાં લેવું. ભોજન ગરમગરમ કરવું. અડદ, માછલાં, વાલ જેવા કબજિયાત કરે એવા પદાર્થો ન લેવા. લૂખા પદાર્થો ન ખાવા. વધારે પડતું પાણી ન પીવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

જીવડાને ઍટ્રૅક્ટ કરે. એને કહે છે Venus' fly-trap. એને હું મધ્ય અમેરિકાથી લાવ્યો છું બૉટનીનાં પુસ્તકમાં એનો ઉલ્લેખ છે.'

હું તો આશ્ચર્યે અવાક્ બની જીવડાની દશા જ જોઈ રહ્યો હતો. પહેલાં થોડીવાર ઝટપટતું હતું, પછી નિર્જીવ થઈ ગયું; અને જોયું કે પાંદડાની પકડ ક્રમશઃ વધતી હતી. ગરોળી કરતાં આ ઝાડ શું ઓછું હિંસ્ર હતું?

અભિ કાષ્ઠહાસ્ય હસી બોલ્યો : 'ઓહ! આવું એક ઝાડ આપણા ઘરમાં હોય તો જીવડાં કરોળિયા વગેરેના ઉપદ્રવથી તો છુટકારો મળે. વાંદા માટે પછી ડી. ડી. ટી. પાઉડર ન છાંટવો પડે.' કાંતિબાબુ બોલ્યા : 'આ ઝાડ વાંદાને હજમ નથી કરી શકતાં. ઉપરાંત, આનાં પાંદડાં પણ કદમાં નાનાં છે. વાંદા માટે બીજાં ઝાડ છે—જુઓ, પેલું પણે રહ્યું.'

પાસેના બૉક્સ સામે જઈ જોયું તો લિલી જેવાં મોટાં મોટાં પાંદડાંવાળો એક છોડ. દરેક પાનનાં ટેરવાં પર એક એક ઢાંકણા વાળી થેલી જેવું કંઈક લટકતું હતું. એનું ચિત્ર મને યાદ હતું. તેથી તેને ઓળખાવતું ન પડ્યું. કાંતિબાબુ બોલ્યા : 'આ છે નેપેન્થિસ અથવા પિચર-પ્લાન્ટ. આની લાલચ ખૂબ જ છે. ખૂબ જ ખાઉધરું છે. પહેલી વાર જ્યારે મને આ ઝાડ મળ્યું ત્યારે એ થેલીમાં એક નાનકડા પક્ષીનો મૃતદેહ જાણે ચુસાયેલા ગોટલા જેવી હાલતમાં પડ્યો હતો!'

'બાપ રે બાપ!' અભિની ઉપેક્ષા અને અનાદરનો ભાવ ધીમે ધીમે અદૃશ્ય થવા માંડ્યો હતો : 'હાલમાં એ શું ખાય છે?'

વાંદા, પતંગિયાં, ઈયળ-એવું બધું; બીજું શું? વચ્ચે મારા પાંજરામાં એક ઉંદર પકડાયો હતો. તેને ય ખવડાવી જોયો, એણે એનેય વિના આપત્તિ ખાઈ લીધો હતો! તો પણ અપચાને લીધે આ બધાં ઝાડ કેટલીક વાર મરી જાય. અત્યંત ખાઉધરાં ને? લાલચુ પણ કેટલાં! ભોજન-ખોરાક પચશે, સહી શકાશે, તેનો પોતે જ અંદાજ કરી જાણી શકતાં નથી.'

ક્રમશઃ વધતા વિસ્મય સહ એક બૉક્સથી બીજા બૉક્સ તરફ આગળ વધતાં બધા જ છોડ જોયા. બાટારવોર્ટ, સન ડ્યૂ (Sun Dew), બ્લૅડરવૉર્ટ, એલ્ડ્રૅવ્યા—એ બધાનાં ચિત્રો પહેલાં જોયાં હતાં, તેથી ઓળખી પણ શક્યો લગભગ ઘણાખરાને. પણ બીજાં તો એકદમ નવીનં, નવાં તાજુબીભર્યાં, બિલકુલ વિશ્વાસ ન આવે એવાં લગભગ વીસેક જાતનાં માંસાહારી ઝાડ કાંતિબાબુએ એકઠાં કર્યાં હતાં. તેમાંનાં કેટલાંક તો પૃથ્વીના બીજા કોઈ કલેક્શનમાં હોવાં પણ અસંભવિત.

એ બધાંમાં સૌથી સુંદર જે ઝાડ હતું તે સન-ડ્યુ. તેની નાનકડી પાંદડીઓની ચારેકોર પાતળા, લાંબી લાંબી રુવાંટી જેવા ... બિંદુ ચમકતાં હતાં કાંતિબાબુએ એક દોરીને છેડે એલચીના દાણા જેટલો માંસનો ટુકડો ચોંટાડી દોરીને ધીમેથી પાંદડા પાસે લઈ જતાં જ નરી આંખે જોયું કે રુવાંટી બધી એકસાથે લુબ્ધ ભંગિમાં માંસના ટુકડા તરફ ઊંચકાઈ ગઈ.

હાથ સેરવી લઈ કાંતિબાબુ બોલ્યા : 'માંસ મળે કે પાંદડાં ફ્લાઈ-ટ્રૅપની જેમ જ એને ઝપટ મારી સજ્જડ પકડી લે. એ પછી પુષ્ટિકર જે બધું હોય તે ચૂસી લે, અને નકામા કસહીન છોતરાંને ફેંકી દે. તમારા ને મારા જમવામાં ને એના ખાવામાં કંઈ ફેર નથી નહિ!'

અમે શેડમાંથી બહાર નીકળી બાગમાં આવ્યા. શિરીષ વૃક્ષની છાયા લાંબી થઈ બાગ પર પડી રહી હતી. ઘડિયાળમાં જોયું તો ચાર વાગ્યા હતા. કાંતિબાબુ બોલ્યા: 'આમાંનાં મોટા ભાગનાં વૃક્ષની વાત તમને બૉટનીની ચોપડીમાં મળશે. પણ મારું સંઘરેલું સૌથી વધુ આશ્ચર્યજનક વૃક્ષ છે એની વાત હું પોતે નહિ લખું ત્યાં સુધી કોઈ પુસ્તકમાં તમને નહિ મળે. તેને માટે જ આજે તમને અહીં બોલાવ્યા છે. ચાલો પરિમલ, ચાલો અભિજિતબાબુ.' કાંતિબાબુની પાછળ પાછળ અમે પણ પેલા મોટા કારખાના જેવા ઘર તરફ ચાલ્યા. પતરાનો દરવાજો તાળું મારી બંધ કરેલો હતો. બે તરફ બે બારી હતી. તેમાંની એકને હાથેથી ઠેલી ખોલી, પોતે ડોકિયું કરી અમને કહ્યું : 'જુઓ.'

મેં ને અભિએ બારીમાંથી જોવા માંડ્યું. ઘરની પશ્ચિમ બાજુની દીવાલની ઉપરની તરફની બે કાચની બારી અથવા સ્કાઈ લાઈટમાંથી તડકો આવતો હોવાથી અંદર અજવાળું હતું. ઘરમાં જે વસ્તુ હતી તે અચાનક જુઓ તો ઝાડ છે એવું લાગે જ નહિ ઊલટાનું એકથી વધુ સૂંઢવાળું કોઈ અજબ તરેહનું જાનવર હોય એવું જ લાગે. સારી રીતે ધ્યાન દઈને જુઓ તો લાગે કે એને એક થડ પણ છે. એ પાંચ છ હાથ ઊંચું વધી એક માથા જેવું થઈ જતું હતું, અને એ માથામાંથી એક હાથ જેટલે નીચેથી, એ માથાને ઘેરીને કેટલીક સૂંઢ જેવી ડાળ ઊગી નીકળી હતી. ગણીને જોઈ તો સાત સૂંઢ હતી. ઝાડનું અંગ જુઓ તો રાખોડી રંગનું, સુંવાળું; અને એના સર્વાંગ પર બદામી ચાઠાં, ગોળ ગોળ સૂંઢ બધી જમીન પર અત્યારે તો ઢળી પડી હતી. કેવોય જાણે નિર્જીવ ભાવ. પણ તો ય અમે ધ્રૂજી ઊઠ્યા!

અંધકારમાં આંખ ટેવાઈ ગયા પછી બીજી પણ એક વસ્તુ નજરે પડી. ઘરની ભોંય પર ઝાડની ચોમેર પક્ષીઓનાં પીંછા વીખરાએલા પડયાં હતાં.

કેટલી વાર ચૂપચાપ ઊભા રહ્યા, શી ખબર. કાન્તિબાબુનો અવાજ સાંભળી જાણે ફરી ભાનમાં આવ્યા : 'ઝાડ હમણાં ઊંઘે છે. હવે ઊઠવાનો વખત થવા આવ્યો છે.' અભિને તો ભરોસો જ ન પડયો, બોલ્યો : 'એ શું સાચેસાચું ઝાડ છે?' કાન્તિબાબુ બોલ્યા : 'જમીનમાંથી ઊગ્યું છે ત્યારે ઝાડ સિવાય બીજું શું કહી શકાય? બોલો! હાવભાવ જોકે ઝાડ જેવા જરા યે નથી. શબ્દકોશમાં એને યોગ્ય કોઈ નામ નથી.'

'તમે એને શું કહો છો?'

'સેપ્ટોપસ અથવા સપ્ત-પાશ. પાશ એટલે બંધન; જેમ નાગપાશ.'

અમે બંગલા તરફ ચાલવા માંડયા. મેં પૂછયું : 'આ ઝાડ તમને કયાંથી મળ્યું?' 'મધ્ય અમેરિકાના નિકારાગુઆ સરોવરની પાસે એક ગાઢ જંગલ છે; તેની અંદરથી.'

'ખૂબ શોધવું પડયું હતું?'

'એ જ પ્રદેશમાં છે એ મને ખબર હતી. તમે લોકોએ પ્રોફેસર ડાન્સ્ટનની વાત સાંભળી લાગતી નથી. ઉદ્‌ભિજ્જ-વિજ્ઞાની અને પર્યટક—રખડુ મુસાફર હતા. મધ્ય અમેરિકાના ઝાડપાલાની શોધ કરવામાં જ મૃત્યુ પામ્યા હતા. ખરેખર શી રીતે તેઓ મરણ પામ્યા હતા એ કોઈને ખબર નથી. મૃતદેહ સાવ ગુમ જ થઈ ગયો હતો. પત્તો જ ન લાગ્યો. પણ એમની તે સમયની—તત્કાલીન ડાયરીના અંતમાં આ ઝાડ વિષે ઉલ્લેખ કર્યો છે. તેથી હું વહેલામાં વહેલી તકે નિકારાગુઆ તરફ ચાલી નીકળ્યો હતો. ગ્વાટેમાલાથી જ સ્થાનીય લોકો પાસે આ વૃક્ષનું વર્ણન સાંભળ્યું હતું. તેઓ કહેતા શયતાન ઝાડ! અંતે તો જોકે કેટલાં બધાં આવાં ઝાડ ત્યાં જોવા મળ્યાં હતાં. વાંદરાં, આરમાડિલો વગેરે ઘણું બધું ખાતાં જોયાં છે આ ઝાડને. ખૂબ શોધ્યા પછી એક નાનકડી ઉમરનો ટચુકડો છોડ નજરે પડતાં એને મેં ઉખેડી લીધો. બે વર્ષમાં કેટલો મોટો થયો છે એ તો તમે તમારી નજરે જ જોઈ શકો છો.'

'અહીં હવે એ શું ખાય છે?'

'જે દઉં તે. એક વાર ઊંદરને પાંજરામાં પકડી ખાવા દીધો હતો. તે પછી પ્રયાગને કહી દીધું હતું કે બિલાડી, કૂતરાં જે કંઈ કચરાએલાં-મૂએલાં નજરે પડે તે ઉઠાવી લાવવાં. એ ય દીધાં છે. તે પછી તમે ને હું જે કંઈ ખાઈએ—એટલે કે મરઘી, બકરાં, એ પણ દીધાં છે. આજકાલ ભૂખ ખૂબ વધી છે. ખાવાનો ખોરાક હું પૂરો પાડી શકતો નથી. બપોર પછી ઊંઘમાંથી ઊઠે ત્યારે ભયંકર રીતે છટપટ કરે છે. કાલ તો એક કાંડ બની ગયો. પ્રયાગ એક મરઘી દેવા ગયો હતો. જે રીતે આપણે હાથીને ખવડાવીએ એ રીતે જ ખવડાવવાનું. પહેલાં ઝાડના માથા પરનું ઢાંકણું ખૂલી જાય. એ પછી સૂંઢ વડે ખાવાનું હાથમાંથી લઈ, માથાની બખોલમાં તે મૂકી દે. થોડું પણ કંઈક પેટમાં પડે એટલે થોડી વાર નિરાંત. એ પછી ફરી સૂંઢ ઝુલાવવા માંડી કે ખબર પડે કે હજુ ખોરાક જોઈએ છે.

આટલા દિવસ તો બે મરઘી કે એકાદ નાનકડું બકરું હોય તો એક દિવસ માટે પૂરતું હતું. પણ કાલથી એમાં ફેરફાર થયો છે. કાલ બીજી મરઘી દઈ પ્રયાગ બારણું વાસી ચાલ્યો આવતો હતો એવામાં અસ્થિર અવસ્થામાં સૂંઢ પછાડવાથી જેવો અવાજ થાય એવો અવાજ થયો. બીજી મરઘી પછી પણ અચાનક એ અવાજ સાંભળી પ્રયાગ તપાસ કરવા ગયો. હું તે વખતે મારા ઓરડામાં બેસીને ડાયરી લખતો હતો. અચાનક એક ચીસ સાંભળી હું દોડી ગયો તો જોયું કે સેપ્ટોપસે એની એક સૂંઢ વડે પ્રયાગનો જમણો હાથ સજ્જડ રીતે પકડી લીધો હતો. પ્રયાગ જાન સટોસટથી એ છોડાવવા મથી રહ્યો હતો, પણ એ સાથે જ સેપ્ટોપસની બીજી એક સૂંઢ લપલપ કરતી પ્રયાગ તરફ આગળ વધી હતી.

મેં દોડીને મારી લાઠી વડે સૂંઢ પર જોરથી એક ઘા કર્યો અને બે હાથ વડે પ્રયાગને ખેંચીને જેમતેમ કરી છોડાવ્યો. પણ ચિંતાનું કારણ એ છે કે પ્રયાગના હાથનો જરાક માંસનો લોચો સેપ્ટોપસે તોડી લીધો હતો, અને એ પણ એણે પોતાના ઉદરમાં સ્વાહા કર્યો!

અમે એટલી વારમાં ચાલતા ચાલતા વરંડા સુધી પહોંચી ગયા હતા. કાન્તિબાબુ એક ખુરશી પર બેસી પડયા. એ પછી ખીસામાંથી રૂમાલ કાઢી કપાલ પરનો પરસેવો લૂછતાં બોલ્યા : 'સેપ્ટોપસને માણસ તરફ આટલો લોભ કે ગુસ્સો હોઈ શકે એનો કોઈ ઈશારો આટલા દિવસ સુધી મળ્યો નહોતો. કાલે જ્યારે મળ્યો ત્યારે મને થયું કે આને હવે મારી નાખ્યા સિવાય બીજો રસ્તો જ નથી. કાલે એક વાર એના ખોરાકમાં મેં ઝેર મેળવી એને મારી નાખવાની કોશિશ કરી. પણ શી આશ્ચર્યકારક બુદ્ધિ એ ઝાડની! એ ખાવાનું સૂંઢથી ફેંકી દીધું! એક જ ઉપાય હવે બાકી છે, તે ગોળીથી મારી નાખવાનો. પરિમલ તમને શું કામ બોલાવ્યા છે તેની હવે તમને સમજણ પડી?' હું જરાક વાર ચૂપ રહ્યો. પછી મેં પૂછયું : 'પણ એ ગોળીથી મરશે જ એની તમને, ચોક્કસ ખાતરી છે?'

કાન્તિબાબુ બોલ્યા : 'મરશે કે નહિ એની તો ખબર નથી. પણ મને ખાતરી છે કે મગજ જેવું કંઈક એને છે ખરું. એનામાં વિચારશક્તિ છે એનું પ્રમાણ તો મળ્યું જ છે; કેમ કે હું તો એની પાસે કેટલી બધી વાર ગયો છું, પણ એણે મારા પર કયારે ય આક્રમણ કર્યું નથી. મને એ ઓળખે છે—જેમ કૂતરો એના માલિકને ઓળખે. પ્રયાગ પરના ગુસ્સાનું કારણ એ છે કે તે એને ચીડવતો હતો. એની મશ્કરી કરતો. ખાવાનું દેખાડીને દે નહિ, અથવા સૂંઢના ટેરવા પાસે લઈ જઈ પાછું ખેંચી લે. મગજ એને છે જ, અને મને વિશ્વાસ છે કે એ જ્યાં હોવું જોઈએ ત્યાં જ છે—એટલે કે એના માથામાં, જ્યાં આગળથી આ બધી સૂંઢ નીકળે છે. ત્યાં જ તમારે નિશાન લઈને ગોળીથી એનું માથું જ વીંધવું પડશે.'

અભિ ઝટ લઈને બોલ્યો : 'એમાં શી મોટી વાત? એની તો એક મિનિટમાં જ પરીક્ષા કરવાથી ખબર પડી જશે. પરિમલ, તારી બંદૂક—'

કાન્તિબાબુએ હાથ ઊંચો કરી અભિને અટકાવી કહ્યું : 'શિકાર જ્યારે સૂતો હોય ત્યારે શું એને મરાય ખરો? પરિમલ, તમારા હંટિંગનો કોડ (code) શું કહે છે?' 'હું બોલ્યો : 'ઊંઘતા શિકારને ગોળી મારવી એ બિલકુલ નીતિની વિરુદ્ધ કહેવાય. અને ખાસ કરીને એમાં પણ જ્યારે શિકાર હરીફરી ન શકતો હોય ત્યારે એ પ્રશ્ન જ ઊઠતો નથી.'

કાન્તિબાબુએ ફ્લાસ્ક લાવી સહુને ચહા પીવડાવી. ચહા પીધાને હજુ પંદરેક મિનિટ વીતી ન વીતી ત્યાં તો સેપ્ટોપસની ઊંઘ પૂરી થઈ ગઈ.

બાદશા પાસેના ઓરડામાં થોડીક વારથી આકળો ઉતાવળો થતો હતો. અચાનક જરાક ઉશ્કેરાટ અને ઘુરકાટનો અવાજ સાંભળી હું અને અભિ ઊઠયા અને જઈને જોઇએ તો બાદશા દાંત વડે ખૂબ જ જોરથી જીવજાનથી પોતાના બકલ્સ ને પટ્ટાને તોડવાની કોશિશ કરતો હતો. અભિએ ધમકાવી બાદશાને ચૂપ કરવા, શાંત કરવા પ્રયત્ન કરવા માંડયો. ત્યાં તો કારખાનાઘરમાંથી એક અવાજ અને તેની સાથે એક ઉગ્ર વાસ આવી. વાસ એવી હતી જેની કશાક સાથે સરખામણી કરવી મુશ્કેલ. બાળપણમાં ટૉન્સિલના—કાકડાના ઑપરેશન વખતે ક્લોરોફૉર્મ સુંઘાડયું હતું, એની સાથે થોડુંક સરખાવી શકાય. કાન્તિબાબુ ગભરાઈને ઓરડામાં આવી બોલ્યા : 'ચાલો સમય થઈ ગયો છે.'

મેં પૂછયું : 'આ વાસ શાની છે?'

'સેપ્ટોપસની. આ વાસ ફેલાવીને જ તેઓ શિકાર—'


કાન્તિબાબુનું વાકય પૂરું થાય તે પહેલાં તો બાદશા એક પ્રચંડ ઝાટકો મારી, પોતાનાં બકલ્સ (buckles) તોડી, ધક્કો મારી અભિને ગબડાવી નાખી, તીર વેગે પાગલની જેમ એ વાસ ભણી દોડીને ભાગ્યો.

(અનુસંધાન પૃષ્ઠ ૧૨૫)

ભારતીય સેનામાં બે સદી જેટલી: દીર્ઘ યુદ્ધકીર્તિથી અલંકૃત દળ

૧૬મા લાઇટ કેવલ્રી

'શોલિંગર', 'કર્ણાટક', 'મૈસૂર', 'શ્રીરંગપટ્ટમ', 'બર્મા ૧૮૮૫-૮૭', અને 'અફઘાનિસ્તાન ૧૯૧૯'નાં યુદ્ધમાનથી પુરસ્કૃત



ઈ. સ. ૧૮૪૨માં જ્યારે '૧૬મી લાઈટ કૅવલ્રી' 'સેકન્ડ મદ્રાસ કૅવલ્રી' તરીકે ઓળખાતી હતી ત્યારનો તેનો એક અંગ્રેજ અમલદાર ને એનો ગણવેશ. બાજુમાં એ હયદળનો એક હિંદી અધિકારી. કાળાનુક્રમે પુનર્રચના પામતું જઈ આ દળ હવે આધુનિક શસ્ત્રસામગ્રી તથા ટૅન્કથી સજ્જ છે.

આધુનિક યુદ્ધદળોમાં હય(ઘોડાઓનું)દળને એના અનુગામી ટૅન્કદળની ભૂમિકા ને મહત્ત્વ બહુ ઝડપથી બદલાતાં રહ્યાં છે, છતાં ઇતિહાસ ને પરંપરાથી ભારતીય સૈન્યમાં '૧૬મી લાઈટ કૅવલ્રી'નું સ્થાન છેલ્લાં બસો વર્ષથી એકધારું ગૌરવપૂર્ણ રહ્યું છે. હયદળમાંથી હવે બખ્તરબંદ દળમાં ફેરવાએલી આ ટુકડીના કુશળ તોપચીઓ અને ઇલેક્ટ્રૉનિક ઑપરેટરોમાં આજે યે અસલના હયદળ સૈનિકો તથા ભાલાધારીઓ જેટલી જ ચપળતા ને વીરતાની પરંપરા જળવાઈ રહી છે. 'સોળમી લાઈટ કૅવલ્રી' તરીકે ઓળખાતું આ દળ બખ્તરબંદ દળોમાં વરિષ્ઠતમ હોઈ લશ્કરી પૅરેડમાં રાષ્ટ્રપતિના અંગરક્ષક દળ પછી તુરત જ અન્ય બધાં દળોની જમણી બાજુ ઊભા રહેવાનું માન ધરાવે છે. હમણાં ગઈ ૪થી માર્ચે રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલીઅહમદે આ સુપ્રસિદ્ધ રેજિમેન્ટની દ્વિતીય જન્મ-શતાબ્દી નિમિત્તે એને નવો ધ્વજ અર્પણ કરી એનું ગૌરવ વધાર્યું. ભારતીય ડાક-તાર વિભાગે આ અવસરે એક ખાસ ટપાલટિકિટ બહાર પાડીને એને બિરદાવી છે.

છેલ્લાં બસો વર્ષથી એક આગવા દળ તરીકે એની કારકિર્દી સતત ઉજ્જ્વળ રહી છે. એના રચનાકાળની ચોક્કસ તારીખ તો જ્ઞાત નથી, પણ ઈ. ૧૭૭૬થી યે પહેલાં કૅપ્ટન જે. ડી. સ્ટીવન્સનના નેતૃત્વમાં આર્કટના નવાબના હયદળમાં ત્રીજી રેજિમેન્ટ તરીકે એનું સ્થાન હતું. નવાબ પાસે ત્યારે ચાર રેજિમેન્ટ હતી અને એના પર ઇસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો ઉપરી હતા. એ સમયે આ દળોને નિયમિત પગાર ચૂકવવા જેવી નવાબની સ્થિતિ ન હોઈ સૈનિકોમાં એ અંગે ઉગ્ર કચવાટ વધવા માંડતાં કંપનીએ આ રેજિમેન્ટોને હંગામી ધોરણે પોતાની સેવામાં કામે લીધી હતી. આ રીતે ત્રીજી રેજિમેન્ટને ઈ. ૧૭૮૧ના સપ્ટેમ્બરમાં હૈદરઅલીની સામે લડવામાં ઉતારીને એને શોલિંગર મુકામે હરાવ્યો હતો. આ બદલ આ ટુકડીને 'શોલિંગર'નું લશ્કરી માન મળેલું. આ જ રીતે કર્ણાટકનાં યુદ્ધોમાં ફ્રેન્ચોને હરાવવાની એની વીરતા બદલ એને 'કર્નાટિક'નું યુદ્ધમાન પણ મળેલું. આવાં લશ્કરી માન ધરાવનાર ભારતીય સૈન્યનું આ જૂનામાં જૂનું દળ છે.

આગળ જતાં કંપની સરકારે નવાબની રેજિમેન્ટોને કાયમી ધોરણે પોતાના સૈન્યમાં સમાવી લીધી. આ ફેરબદલી સામે નવાબની પહેલી, બીજી ને ચોથી રેજિ૦ના સૈનિકોએ બંડ કર્યું, એટલે એ ત્રણે દળને વિખેરી નાખવામાં આવ્યાં. ચાલુ રહેલી ત્રીજી રેજિ૦ હવે 'ફર્સ્ટ રેજિમેન્ટ ઑવ મદ્રાસ કૅવલ્રી' તરીકે ઓળખાઈ. કંપનીએ સીનિયર ઑફિસરોના નેતૃત્વવાળી રેજિમેન્ટોને સીનિયર ગણવાનો એક નિર્ણય લેતાં આ દળ ચોથા ને પછી બીજા ક્રમમાં મુકાયું ને 'સેકન્ડ રેજિમેન્ટ ઑવ નેટિવ કૅવલ્રી' તરીકે ઓળખાયું. ઈ. ૧૭૮૮માં એને આગવો ધ્વજ પ્રદાન થયો જે ઈ. ૧૮૬૯ સુધી રહ્યો.

ઈ. ૧૭૯૦-'૯૧માં ટીપુ સુલતાન સામે મ્હૈસુરનાં યુદ્ધો લડી એણે 'મ્હૈસુર'નું યુદ્ધમાન મેળવ્યું. પણ બૅંગ્લોરની લડાઈ પછી તે એવી તો બેહાલ બની ગએલી કે એની પાસે પૂરતા ઘોડા પણ નહોતા! પ્રાપ્ય નોંધો દર્શાવે છે કે આ ત્રણે રેજિમેન્ટોમાં મળીને માત્ર ૧૭ ઘોડા જ બચેલા, ને એટલે આ દળોના સૈનિકોને કિલ્લાના રક્ષણાર્થે રોકવા પડેલા; અને ૧૭૯૨ના જુલાઈમાં તો એવો નિર્ણય લેવો પડ્યો કે પોતાના ઘોડાની જાતે સંભાળ લેવા તૈયાર ન હોય એવા કોઈને આ દળમાં દાખલ કરવો નહિ.

ઈ. ૧૭૯૯માં ટીપુ સામે ફરી લડાઈ ચાલુ થઈ. છેવટે શ્રીરંગપટ્ટમમાં ટીપુને હરાવી આ દળે એ નામનું યુદ્ધમાન હાંસિલ કર્યું. તે પછીનાં ઈ. ૧૮૦૦ થી ૧૮૧૯નાં વર્ષોમાં તે વેલેસ્લીના નીચે ધુંડિયા ડાકુને ઝબ્બે કરવામાં રોકાયું. ત્યાર બાદ ફાટી નીકળેલી મરાઠા [illegible] સતારાના રાજાને પક્ષે પેશ્વાની સામે લડ્યું. આ જ અરસામાં બ્રિટિશ નમૂના મુજબનો એનો લાલ ગણવેશ બદલાવીને એને મુંજડા અને આછા પીળા રંગનો ગણવેષ અપાયો, જે ઈ. ૧૯૧૮ સુધી ચાલુ રહેલો.

ઈ. ૧૮૨૦ થી ૧૮૮૦ સુધીની લાંબા ગાળા દરમિયાનની નિષ્ક્રિયતા પછી એને અન્ય દળો સાથે એકાદ વર્ષ માટે કંદહાર મોકલવામાં આવેલી. ત્યાર બાદ ૧૮૮૬માં 'સેકન્ડ મદ્રાસ કૅવલ્રી' તરીકે ઓળખાતું આ દળ 'લાન્સર્સ'ના રૂપમાં ફેરવાયું ને બર્મા (બ્રહ્મદેશ)માં કામે લેવાયું જ્યાં અનેક વિભાગોમાં વહેંચાઈ ગએલા આ દળે હાથોહાથની લડાઈમાં બહાદુરીપૂર્વક જીત મેળવતાં એને 'બર્મા ૧૮૮૫-'૮૭'નું માન મળ્યું. બર્મામાં આ દળ શત્રુદળો ઉપરાંત ડાકુઓ સામે પણ લડેલું. દળના એક સુબેદાર મહમદ દાઉદને આ અંગે 'ઑર્ડર ઑવ મેરિટ'નું માન પણ મળેલું. હિંદુસ્તાન પાછા ફર્યા પછી કેટલાંક વર્ષો આ દળે શાંતિકાળની સામાન્ય ફરજો બજાવી તે દરમિયાનના ત્રણ બનાવો નોંધનીય છેઃ ઇ. ૧૯૦૧માં આ દળને લાન્સર્સમાંથી બદલીને બંદૂકધારી બનાવવામાં આવ્યું. બે વર્ષ પછી માત્ર મદ્રાસ પ્રાંતના જ સૈનિકોને બદલે દખ્ખણી મુસલમાનો, પંજાબી મુસ્લિમો. રાજપુતાનાના રાજપુતો અને બુલંદશહર તરફના જાટ એવી જાતિઓના સૈનિકો પણ તેમાં લેવાવા માંડ્યા. આ જ વર્ષે પ્રાંતીય સૈન્યની પ્રથા બંધ કરાતાં આ દળને '૨૭મી લાઈટ કૅવલ્રી' તરીકેની ઓળખ અપાઈ.

પહેલા વિશ્વયુદ્ધ (૧૯૧૪-'૧૮)માં આ '૨૭મી લાઈટ કૅવલ્રી'ને કોઈ ખાસ જવાબદારી સોંપાઈ નહિ, પણ છતાં એમાંના અમુક ભાગને વાયવ્ય સરહદના રક્ષણાર્થે મોકલવામાં આવેલો. એના મશિનગન વિભાગને 'હરિયાણા લાન્સર્સ'ની સાથે ટાઉનશેન્ડના સૈન્ય ભેગે બગદાદના ગોઝારા માર્ગે લડવા મોકલાયો હતો. વળી, એની એક સ્કવૉડ્રન ૧૯૧૮માં ઈરાન પણ ગએલી, જેણે દસ્ત-ઈ-અર્જન અને મિયાં કોટલામાં ઉલ્લેખનીય કામ બજાવ્યું. એની એક બીજી સ્કવૉડ્રને વાયવ્ય સરહદ પર પણ બહાદુરી બતાવી હતી. આ ઉપરાંત એના કેટલાક સૈનિકો અન્ય હિંદી કૅવલ્રી સાથે મધ્ય પૂર્વમાં અને ફ્રાંસમાં પણ લડ્યા. આ રેજિમેન્ટોમાં લડેલા એક લાન્સ-વફાદાર ગોવિંદસિંગે સેકન્ડ રૉયલ લાન્સર્સમાં ફ્રાંસમાં વીરતા બતાવીને 'વિક્ટોરિયા ક્રૉસ' જીતેલો.



△ ઉત્તર ભારતમાં કોઈ એક સ્થળે ગયા માર્ચની ૪થી તારીખે રાષ્ટ્રપતિ શ્રી ફખરુદ્દીન અલી અહમદના હસ્તે રેજિમેન્ટલ કલર્સ—દળનો સંજ્ઞાધ્વજ સ્વીકારતા '૧૬મી લાઈટ કૅવલરી'-ના કૅપ્ટન સંદીપ ગુપ્તા.



△ ૧૬મી લાઈટ કૅવલરીની દ્વિશતાબ્દી નિમિત્તે ભારતીય ડાકતાર વિભાગે બહાર પાડેલી ખાસ ટપાલ-ટિકિટ. આ કૅવલરીનું હવે આધુનિક યુદ્ધ સંરજામથી સુસજ્જ એવા ટૅન્કદળમાં રૂપાંતર થયું છે. ટિકિટ પર ભારતમાં જ બનેલી 'વિજયંત' ટૅન્કનું તેના પર આલેખન છે.

ઈ. ૧૯૧૯ના મે માસમાં જ્યારે ભારતની સીમા પર તોફાનો જાગ્યાં ત્યારે ડેરા ઈસ્માઈલખાનથી આ રેજિમેન્ટની એક સ્કવૉડ્રન ગોમલ ઘાટ મોકલાઈ. માત્ર ત્રણ જ ટ્રૂપની એ સ્કવૉડ્રને ૪૦૦ જણના સ્થાનિક લશ્કર સામે લડીને ઘણા સૈનિકો માર્યા પછી વિવિધ સ્થળે એકાએક ઝડપથી પહોંચી જઈ એવા તો હુમલા કર્યા કે સામા પક્ષને તેઓ હતા એ કરતાં ઘણા વધુ સૈનિકો હોવાનો ભ્રમ થયો. અને આ રીતે એણે સામા પક્ષની સારી એવી ખુવારી કરી નાખી. બીજી એક સ્કવૉડ્રને ૫૦૦ના લશ્કરને પહાડીઓમાં પાછું ધકેલી દીધું ત્યાર બાદ ૧૯૧૯ની ૨૪-૨૫મી જૂનની રાતે આ રેજિમેન્ટે અફઘાન શત્રુઓના મુખ્ય શહેર શેરાનિસનો નાશ કર્યો અને બદલામાં એને 'અફઘાનિસ્તાન ૧૯૧૯'નું માન મળ્યું.

ઈ. ૧૯૨૨માં બે નવા ફેરફાર થયા. હિંદી કૅવલરીની પુનર્રચના થતાં એ '૧૬મી લાઈટ કૅવલરી' બની. વળી, હવે આ રેજિમેન્ટનું હિંદીકરણ કરવાનું નક્કી થતાં સેકન્ડ લેફ્ટેનન્ટ ફૈઝમહમદખાનને એનું નેતૃત્વ સોંપાયું. આ જ વર્ષે પ્રિન્સ ઑવ વેલ્સે રાવલપિંડીમાં એક ખાસ સમારંભમાં 'સંજ્ઞાધ્વજ' એનાયત કર્યો. આ રીતે હિંદી લશ્કરમાં આ રેજિમેન્ટ એ એક જ એવું દળ હતું કે જે પૅરેડ વખતે એકસાથે બે ધ્વજ ધારણ કરતું હતું. ખુદ બ્રિટિશ દળો કરતાં યે આ અધિકાર અદકો હતો. ને આજે યે બબ્બે ધ્વજ ધરાવવાનો એનો એ હક્ક ચાલુ છે. ફેર માત્ર એટલો જ થયો છે કે હવે એ આપણા રાષ્ટ્રપતિએ આપેલો સંજ્ઞાધ્વજ ધરાવે છે. ઈ. ૧૯૨૫માં જ્યારે કવેટામાં ભયંકર ધરતીકંપ થયો ત્યારે આ દળ ત્યાં હતું. એ સમયે એણે રાતદિવસ જોયા વિના લોકોને ઉગારવામાં દિવસો સુધી સેવા આપેલી.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈ. ૧૯૪૦માં આ રેજિમેન્ટને યાંત્રિક યુદ્ધસામગ્રીથી સજ્જ કરીને બખ્તરિયા મોટરગાડીઓના દળમાં પરિવર્તિત કરવામાં આવી. ત્યાર પછી ૧૯૪૫ના આરંભમાં એને કવેટાથી બર્મા મોરચે શત્રુશોધ માટે મોકલવામાં આવી ત્યારે એણે ત્રણ જ અઠવાડિયાં જેટલા સમયમાં ઈરાવદી નદી સુધીની ૩૫૦૦ માઈલની જે ઝડપી કૂચ કરી બતાવી એ ખાસ ઉલ્લેખનીય છે. એમાં યે પ્રથમ ૮૪૦ માઈલનો માર્ગ તો દુનિયાભરમાં મુશ્કેલ ગણાતા માર્ગમાં ગણના પામનારો હતો. આ માટે એ સમયના આર્મી કમાન્ડર લેફ્-જનરલ સ્લિમે જાતે એને અભિનંદન આપેલાં.

ઈરાવદી ઓળંગીને તુરત જ આ દળ લડાઈમાં જોડાઈ ગયું. ત્યાંની સમગ્ર યુદ્ધકામગીરી દરમિયાન આ રેજિમેન્ટ ત્યાંના સૈન્યનાં 'આંખ અને કાન' બની રહીને એને છેક રંગૂન સુધી દોરી ગઈ. અહીં લડાએલી અનેક લડાઈઓમાં મૅકટિલાની લડાઈ ખાસ ઉલ્લેખનીય હતી. આજે યે દર વર્ષની પહેલી માર્ચે એની યાદમાં રેજિમેન્ટમાં 'મૅકટિલા દિન' ઊજવાય છે. બર્મા મોરચે પોતાની કામગીરી માટે આ રેજિમેન્ટે બે 'મિલિટરી ક્રૉસ' ત્રણ 'મિલિટરી મેડલ', એક 'મેમ્બર ઑવ ધ બ્રિટિશ એમ્પાયર', સાત 'મેન્શન્ડ ઇન ડિસ્પૅચિઝ' (વિશેષ નામોલ્લેખ), ત્રણ 'સર્ટિફિકેટ ઑવ ગૅલન્ટ્રી' અને પંદર 'જંગી ઈનામ'નું માન મેળવેલું.

જાપાન સામે લડયા બાદ આ દળ ફ્રેન્ચ ઈન્ડો ચાઈનામાં મિત્રરાજ્યોના ખુશ્કી સૈન્યના સાથમાં લડયું અને જાપાનીઓના નિઃશસ્ત્રીકરણમાં જોડાઈ એ પ્રદેશમાં શાંતિ સ્થાપવાનું કાર્ય કર્યું. અહીં પણ એણે લશ્કરી માન મેળવ્યાં. પછી મલાયામાં આંતરિક સલામતીની ફરજો બજાવવા ગયું.

ઈ. ૧૯૪૮માં હૈદરાબાદ સામેના પોલીસ ઍક્શનમાં લશ્કરી સહાયક તરીકે પણ તેણે ભાગ લીધો. તે પછી ઉત્તર ભારત તથા જમ્મુ અને કાશ્મીરમાં પણ સેવા આપી. ઈ. ૧૯૬૫માં કચ્છ સરહદે અને ભારત-પાકિસ્તાનની લડાઈમાં ભાગ લીધો અને એક 'વીર ચક્ર', એક 'સેના મેડલ' તથા આઠ 'મેન્શન્ડ ઈન ડિસ્પૅચીઝ' અને ત્રણ 'ચીફ ઑવ આર્મી સ્ટાફ્સ કૉમેન્ડેશન કાર્ડ' (સેનાપતિનાં પ્રશસ્તિપત્રો) મેળવ્યાં.

ત્યાર બાદ સંગરૂર અને પતિયાલા પાછા ફર્યા પછી ઈ. સ. ૧૯૭૧માં ફરી એ યુદ્ધમાં જોડાઈ. એની 'એ' સ્કવૉડ્રન ઈખલાસપુર-સક્કરગઢ વિસ્તારમાં ઊતરીને ભારતીય સેનાની અગ્રિમ પંક્તિમાં લડીને છેક પસરૂર અને સક્કરગઢ હાથ કરવા સુધી પહોંચી ગઈ; પણ એવામાં શસ્ત્રવિરામ જાહેર થતાં એ રહી ગયું. આ મોરચે પણ બે 'સેના મેડલ', છ જણ માટે 'મેન્શન્ડ ઈન ડિસ્પૅચીઝ' અને એક 'ચીફ ઑવ આર્મી સ્ટાફ્સ કૉમેન્ડેશન કાર્ડ'નું માન મેળવ્યું. એના સંજ્ઞાધ્વજ પર 'ફિલોરા'નું યુદ્ધમાન અંકિત થયું છે.

ભારતીયકરણ માટે સૌ પ્રથમ પસંદ થએલા આ દળમાં જનરલ જે. એન. ચૌધરી, લેફ્. જનરલ એમ. એસ. વડાલિયા અને લેફ્. જનરલ એસ. ડી. વર્મા જેવા આપણા વિશિષ્ટ સેનાનાયકો એના નેતૃત્વપદે રહી ચૂકયા છે. આમ, પૂરી બે સદીથી એક પૃથક દળ તરીકેની સળંગ ઉજ્જ્વળ કારકિર્દી ધરાવનાર આ રેજિમેન્ટની કામગીરી સદા પ્રેરક રહી છે.

આટલી દીર્ઘ કારકિર્દી દરમિયાન એના ગણવેશ બદલાતા રહી પ્રથમના બ્રિટિશ ઢબના લાલ વેશ પછી મુંજડા ને પીળા પોશાક બાદ ૧૯૪૪માં ઘેરો આસમાની અને મુંજડો ગણવેશ એ પામેલી.

આજે ૧૬મા નંબરે ઓળખાવા છતાં અન્ય બધી જ ભારતીય કૅવલરીમાં એનું અગ્ર સ્થાન છે અને પૅરેડમાં તે સૈન્યનાં બધાં દળોની આગળ ઊભવાનું માન ધરાવે છે. □

પ્રાચીન સિક્કા ૧૬

લેખક - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

ગુપ્ત સમ્રાટોના સિક્કા [૨]

સમુદ્રગુપ્તનો પુત્ર ચંદ્રગુપ્ત ૨ જો 'વિક્રમાદિત્ય' તરીકે વિખ્યાત છે. એણે પશ્ચિમ ભારત પર વિજય મેળવ્યો હતો. સુવર્ણના એના સિક્કા આઠ પ્રકારના છે. ગુપ્ત સમ્રાટોમાં એના સુવર્ણસિક્કા સૌથી વધુ સંખ્યામાં મળે છે.

(૧) ધનુર્ધર પ્રકાર : ચંદ્રગુપ્ત ૨ જાના સિક્કાઓમાં આ પ્રકાર સૌથી વધુ પ્રચલિત હતો. એના પૃષ્ઠ ભાગ પરનું બિરુદ છે 'શ્રીવિક્રમઃ'.

(૨) સિંહનિહન્તા પ્રકાર : સમુદ્રગુપ્ત વ્યાઘ્રનિહંતા હતો, તો તેનો આ પરાક્રમી પુત્ર સિંહનિહંતા હતો. તેણે એ શિકાર પશ્ચિમ ભારતમાં કર્યો હશે. આ સિક્કાના અગ્રભાગ પરની રાજાની આકૃતિ સમુદ્રગુપ્તના વ્યાઘ્રનિહંતા સ્વરૂપ જેવી છે. અહીં સિંહની અવસ્થા વિવિધ રીતે દર્શાવી છે. પૃષ્ઠભાગ પરનું બિરુદ છે 'સિંહવિક્રમઃ'(વિક્રમ એટલે પરાક્રમ).

(૩) અશ્વારોહ પ્રકાર : આ નવો પ્રકાર છે.

(૪) છત્ર પ્રકાર : આ પણ નવો પ્રકાર છે.

(૫) પર્યંક પ્રકાર : આ યે નવો પ્રકાર છે. આ પ્રકારના સિક્કા જૂજ મળ્યા છે. અગ્રભાગે પર્યંક (પલંગ) પર બેઠેલા રાજા; જમણા હાથમાં પુષ્પ. પૃષ્ઠભાગે સિંહાસન પર બેઠેલાં દેવી. બિરુદ : 'શ્રીવિક્રમઃ'.

(૬) પર્યંકસ્થ રાજારાણી પ્રકાર : એના બે જ સિક્કા મળ્યા છે, જેના અગ્ર ભાગ પર વેદીમાં આહુતિ આપતો ઊભેલો રાજા છે એના ડાબા હાથમાં ધ્વજદંડ છે. પૃષ્ઠભાગ પર પર્યંક ઉપર બેઠેલાં રાજા-રાણી. એમાં રાજા-રાણીને સિન્દૂરદાની જેવું કંઈક આપે છે. બિરુદ : 'શ્રીવિક્રમઃ'.

(૭) ધ્વજદંડ પ્રકારનો એક જ નમૂનો મળ્યો છે. અગ્રભાગે ધ્વજદંડધારી રાજાની ને પાછળ દેવીની આકૃતિ છે. બિરુદ : 'પરમભાગવત'. (ગુપ્ત સમ્રાટો પરમભાગવત અર્થાત્ ભગવાન વાસુદેવના ઉપાસક હોવાથી.)

(૮) ચક્રવિક્રમ પ્રકાર : એનો પણ એક જ નમૂનો મળ્યો છે.

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે પશ્ચિમ ભારત માટે ત્યાંના પ્રચલિત ક્ષત્રપ સિક્કાઓ જેવા ચાંદીના સિક્કા પડાવ્યા. એના અગ્રભાગ પર રાજાનું મુખ અને એની પાછળ વર્ષની સંખ્યા હોય છે, જ્યારે પૃષ્ઠ ભાગ પર વિષ્ણુનું વાહન ગરુડ અને 'પરમભાગવત મહારાજાધિરાજ શ્રી ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્યઃ' લેખ હોય છે. આ રાજાએ તાંબાના સિક્કા પણ પડાવેલા. એના અગ્રભાગ પર છત્રધર સાથે ઊભેલો રાજા, એકલો ઊભેલો રાજા, ધનુર્ધર રાજા, રાજાનું મુખ, ચક્રની આકૃતિ કે બીજનો ચંદ્ર હોય છે, જ્યારે પૃષ્ઠભાગ પર ગરુડ, લક્ષ્મી કે કલશની આકૃતિ નજરે પડે છે. (ચાલુ)



ગુપ્ત સમ્રાટોના સિક્કા. ડાબી બાજુથી અનુક્રમે : ઉપર સિક્કાનો અગ્રભાગ અને નીચે તેનો પૃષ્ઠ ભાગ છે. (૧) અશ્વારોહ પ્રકાર. આ નવો પ્રકાર છે. અગ્રભાગ પર અશ્વારૂઢ રાજા અને પૃષ્ઠભાગે મૂઢા પર બેઠેલાં દેવી. સાથે બિરુદ 'અજિતવિક્રમ' : (૨) છત્ર પ્રકાર : અગ્રભાગ : વેદીમાં આહુતિ આપતો રાજા. પાછળ છત્રધારી અનુચર ઊભો છે. પૃષ્ઠભાગે પદ્મ પર ઊભેલાં લક્ષ્મી અને બિરુદ 'વિક્રમાદિત્ય : (૩) પર્યંક પ્રકાર : આ પણ નવા પ્રકારનો સિક્કો છે. તેના અગ્રભાગ પર હાથમાં પુષ્પ લઈ પર્યંક (પલંગ) પર રાજા બેઠો છે. તેની નીચેનો (૪) સિક્કો પર્યંકસ્થ રાજારાણીના અલગ પ્રકારનો છે. અહીં તેવા એક સિક્કાનો પૃષ્ઠ ભાગ આપ્યો છે જેમાં રાજારાણીને સિંદૂરદાની જેવું કંઈ આપતો દર્શાવ્યો છે. (૫) ચક્રવિક્રમ પ્રકારનો એક સિક્કો જેના દર્શાવેલા આ અગ્રભાગ પર પ્રભાવલીયુક્ત આયુધદેવ ચક્રપુરુષ સામે ઊભેલા રાજાને કંઈ ગોળાકાર ત્રણ વસ્તુ આપતા દર્શાવ્યો છે. (૬) છત્ર પ્રકારનો ચંદ્રગુપ્તનો તાંબાનો એક સિક્કો. એના અગ્રભાગ પર આહુતિ આપતો ઊભેલો રાજા તથા તેની પાછળ છત્ર લઇને અનુચર ઊભો છે. પૃષ્ઠ ભાગ પર માનવીય હસ્ત સાથેના, પાંખ પસારીને ઊભેલા ગરુડનું સમ્મુખદર્શન ઉપસાવેલું છે. તેની નીચે 'મહારાજ શ્રી ચંદ્રગુપ્ત : લખ્યું છે.

એક સુધારો : ફેબ્રુ.ના અંકમાં પૃ. ૫૫ પર આવેલી ચિત્રની સમજૂતીની છેલ્લી લીટીમાં 'પાંચમા ક્ષત્રપ જીવદામનના સિક્કાઓમાં શક સંવત લખાવા માંડી' એવો ઉલ્લેખ છે ત્યાં 'જીવદામન'ની જગ્યાએ 'રુદ્રસિંહ ૧લો' જોઈએ. જીવદામનના સિક્કા પર અગાઉ વર્ષ ૧૦૦ (કે ૧૦૧ કે ૧૦૨) વાંચવામાં આવેલું, પરંતુ હવે એ રાજાના સિક્કાઓ પરનાં વર્ષ ખરેખર ૧૧૯ અને ૧૨૦ હોવાનું સિદ્ધ થયું છે, જ્યારે રુદ્રસિંહ ૧લાના સિક્કાઓ વર્ષ ૧૦૧ થી ૧૧૯ના છે. આથી હવે ક્ષત્રપ સિક્કાઓ પર વર્ષ આપવાની શરૂઆત જીવદામનના નહિ, પણ રુદ્રસિંહ ૧લાના સમયથી થઈ ગણાય છે. લેખના મુખ્ય લખાણમાં એવો જ ઉલ્લેખ કરેલો છે.

—હરિપ્રસાદ શાસ્ત્રી

હરિઃ ૐ આશ્રમ તરફનું ચાર્ચ અંક માટેનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

'સુરેન્દ્રનાથ બૅનરજી'ના લેખક શ્રી ધીરુભાઈ પરીખને મળે છે.

'વૈતાળ પચ્ચીસી'થી 'કુમાર'ના વાચકોને અને 'સંદેશ'માં આવતા 'ઇદમ્‌તૃતીયમ્'થી સમસ્ત ગુજરાતને સુપરિચિત નર્મલેખક **વિનોદ ભટ્ટ**ની નવી લેખમાળા

'વિનોદ'ની નજરે

અને

(કાર્ટૂનિસ્ટ 'શિવ'ની કલમે)

[૧] યશવંત શુક્લ



નામના અક્ષરો જેવું જ તંદુરસ્ત શરીર. પચ્ચીસ જણની વચ્ચે ઊભા હોય તો યે ઓળખાઈ જાય.—સંતાઈ જવાની ઇચ્છા હોય તોપણ સંતાઈ ના શકાય એવું શરીર તેમજ વ્યક્તિત્વ. અમુક માણસોને ભગવાને જન્મથી જ કારકુન, વેપારી, નેતા, ડોર-કીપર ને થીએટરોના લાલા બનાવ્યા હોય છે; એ રીતે યશવન્તભાઈને કૉલેજના પ્રિન્સિપલ બનાવ્યા છે.

પહેલી વખત એમને જોયા ત્યારે જ હું ડરી ગએલો. આ માણસ આગળ તોફાન નહિ ચાલે એમ એમને જોતાં જ, મારી જેમ અનેક વિદ્યાર્થીઓને લાગ્યું હશે; આજે ય લાગતું હશે. ચાલુ વર્ગે આમતેમ રખડતા વિદ્યાર્થીઓને તેમની નજર પડતાં જ આઘાપાછા થઈ જતા મેં જોયા છે. મેં યે તેમની આંખથી ઓઝલ થવા પ્રયત્ન કર્યો છે.

યશવન્તભાઈમાં વિનોદવૃત્તિ સારી; પણ સાથે શિસ્તનું દબાણ ય વધારે; એટલે એ વિનોદવૃત્તિને ય ક્યારેક તે શિસ્ત હેઠળ દબાવી દે. મને એનો એક અનુભવ થએલો. હું એ વખતે રામાનંદ કૉલેજ (હવે એચ. કે.)ના બીજા વર્ષમાં ભણતો. મારી બાજુમાં, મારો ભૂતકાળનો ભાવિ સાળો બેઠેલો. મારી સાથે તે વાતો કરતો'તો. (સાચું કહું તો તેનો બનેવી બનવા મને લલચાવતો'તો.) અંગ્રેજીનો પીરિયડ ચાલે. પ્રોફેસરની નજર મારા પર પડી. પ્રોફેસરે મને કહ્યુ: 'શો મી યૅાર આઇડેન્ટિટી કાર્ડ.' મેં દૂર રહ્યે રહ્યે જ મારું ઓળખ-પત્ર બતાવ્યું. મારા અંગ્રેજીના અલ્પ જ્ઞાન મુજબ 'શો'નો અર્થ 'બતાવવું' થતો હતો, ને અંગ્રેજીના પ્રોફેસરે 'શો'નો અર્થ 'ટુ હૅન્ડ ઓવર' કર્યો. આ મતભેદ ટાળવા હું તેમનો વર્ગ છોડી ચાલ્યો ગયો.

બીજા પીરિયડમાં હું બેઠા હતો ત્યાં ચાલુ ક્લાસે અંગ્રેજીના પ્રોફેસર, બે ક્લાર્ક ને ત્રણ પટાવાળાઓએ મને ઘેર્યો. પકડીને મને શુક્લસાહેબ પાસે રજૂ કરવામાં આવ્યો. શુક્લસાહેબે ઘણી જ ગંભીરતાથી મારી સામે જોતાં કહ્યું: 'તમે મારા એક સીનિયરમોસ્ટ પ્રોફેસરનું અપમાન કર્યું છે. હવે એ પ્રોફેસર એમ કહે છે કે કાં તો આ વિદ્યાર્થી કૉલેજમાં નહિ, અથવા તો હું નહિ. બોલો, મારે શું કરવું?'

એમના મોં પરની ગંભીરતા જોતાં મને લાગ્યું કે સાચે જ તે મૂંઝાઈ ગયા છે. એટલે પછી મેં જ ઉકેલ બતાવ્યો: 'મને, સાહેબ, એમના જેવું અંગ્રેજી ભણાવતાં નહિ ફાવે. એમને રાખો.' આટલું કહ્યા પછી મને લાગ્યું કે શુક્લસાહેબ કદાચ હસી પડશે ને મારા ગુનાની ગંભીરતા ઓછી થઈ જશે. પણ એમણે તો તરત જ મને કૉલેજમાંથી ડિસમિસ કરવાનો ઑર્ડર કરી નાખ્યો. એમની વિનોદવૃત્તિ એ બિંદુ સુધી પહોંચી ગઈ.

એમનો ચહેરો ચુગલીખોર. એમનો ગમો-અણગમો ચહેરા પર આવ્યા વગર રહે જ નહિ. જોકે તે ક્ષણભર જ ટકે. એમના સ્વભાવથી પરિચિત હોય એ જ જાણી શકે કે અમુક અંશ સુધી હોઠ મરડાયા હોય તો કેટલો અણગમો સમજવો! આ ત્રિરાશી તો ચીમનભાઈ જેવા એમના કોઈ ક્લાર્ક જ મૂકી શકે.

આગળ કહ્યું તેમ, વિદ્યાર્થીઓ પર એમની ધાક ઘણી. બહુ ઓછા પ્રિન્સિપલની આવી ધાક હોય છે. મને યાદ છે, એ વખતે પ્રેમાભાઈ હૉલ ચાલુ હતો. રામાનંદ કૉલેજના વાર્ષિક ઉત્સવનો કાર્યક્રમ ત્યાં ભજવાતો હતો. ચાલુ કાર્યક્રમે આગળ બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓ ઊભા થઈ ગયા. પાછળ બેઠેલા અમને આથી જોવામાં તકલીફ પડવા માંડી, એટલે દેકારો બોલાયો. યશવન્તભાઈ અવાજોના એ જંગલમાં પહોંચી ગયા. ઊભા થઈ ગએલા વિદ્યાર્થીઓની પાછળ તે ચૂપચાપ ઊભા રહ્યા. એમની હાજરીની ઘણાખરાને જાણ થઈ ગઈ, એટલે બધા ટપોટપ બેસવા માંડ્યા. હું યે બેસી ગયો. એક વિદ્યાર્થી જરા ઊંચોનીચો થતો હતો. યશવંતભાઈએ એ વિદ્યાર્થીના ખભા પર પોતાનો ભારે હાથ મૂક્યો. પેલાએ પાછળ જોયું. યશવન્તભાઈને જોતાં જ પહેલાં તો તે ગભરાઈ ગયો. પછી પોતાનો બચાવ કરતાં બોલ્યો: 'સાહેબ, બરાબર દેખાતું નથી.'

'હૉલ મેં નથી બંધાવ્યો...બેસી જાઓ!' એટલું જ યશવન્તભાઈ બોલ્યા. એક સન્નાટો છવાઈ ગયો એમની આ જાહેરાતથી. મારા જેવા કોઈથી હસી પડાયું; પણ રૂમાલની અંદર હાસ્ય સંતાડી દીધું.

અવળવાણીનો યશવન્તભાઈ બહુ જ સારો ઉપયોગ કરે: સારી ભાષામાં; સામેવાળાને ખયાલ આવી જાય કે પોતાની બનાવટ પકડાઈ ગઈ છે એ રીતે. એક વખત કૉલેજમાં પંદરમી ઑગસ્ટની ઉજવણી હતી. કૉલેજના જનરલ સેક્રેટરીઓ આવા ટાણે ક્યારેક તો પ્રમાણભાન ભૂલીને ખરીદીમાં ગોલમાલ કરતા હોય છે. લગભગ ઘણી બધી કૉલેજોમાં આમ બનતું હોય છે. પંદરમી ઑગસ્ટ નિમિત્તે કૉલેજમાં આસોપાલવનાં થોડાંક તોરણો બંધાવડાવેલાં. આસોપાલવની ખરીદીનું બિલ રૂપિયા ઍંશી મુકાયું. આજથી લગભગ વીસ-બાવીસ વર્ષ પહેલાં આસોપાલવના ઍંશી રૂપિયા! આ બિલ યશવન્તભાઈ પાસે મુકાયું, એટલે જનરલ સેક્રેટરી સામે આંખો સ્થિર કરી યશવન્તભાઈ બોલ્યા: 'આસોપાલવના ઍંશી રૂપિયા! મને લાગે છે કે આસોપાલવવાળાએ મારા ભોળા વિદ્યાર્થીઓને છેતરી નાખ્યા છે! મારે તેને ઠપકો આપવો પડશે.'

આવા જ બીજા એક કાર્યક્રમમાં મંડપ બાંધવાવાળાઓના બીડી-સિગારેટ ખાતે જનરલ સેક્રેટરીએ સાઠ રૂપિયા લખેલા. યશવન્તભાઈએ આ બિલ પાસ કરતાં એટલી જ ટકોર કરેલી: 'મને એ નથી સમ-

જાતું કે આ મંડપવાળાઓએ સાઠ રૂપિયાની બીડી-સિગારેટ પીધા કરી તો પછી મંડપ બાંધ્યો ક્યારે?'

કૉલેજમાં ટર્મિનલ પરીક્ષા આવે ત્યારે કેટલા યે વિદ્યાર્થીઓ માંદગીના બહાને, ડૉક્ટરોનાં ખોટાં સર્ટિફિકેટ રજૂ કરીને પરીક્ષા ટાળે. યશવન્તભાઈને તો આની ખબર હોય જ ને!...આવી એક ટર્મિનલ પરીક્ષાના પંદર દિવસ અગાઉ તેમણે નોટિસ-બૉર્ડ પર એક નોટિસ મૂકી: 'મારા વિદ્યાર્થીઓ પરીક્ષા ટાણે એકાએક બીમાર થઈ જાય છે. આવા વિદ્યાર્થીઓને મારા તબીબ દ્વારા તપાસાવવાનું આ વખતે મેં નક્કી કર્યું છે. તો જે વિદ્યાર્થી ભાઈ-બહેન આ પરીક્ષા વખતે બીમાર પડ્યા હોય કે બીમાર પડવાનાં હોય તેમણે મને અગાઉથી જાણ કરવી; જેથી મારા તબીબ દ્વારા તેમને યોગ્ય તે સારવાર સમયસર આપી શકું, અને એ વિદ્યાર્થીઓની પરીક્ષા ના બગડે.'

યશવંતભાઈને અસ્વસ્થ થતાં મેં જોયા નથી. એવા પ્રસંગો બનવા છતાં 'પ્રેઝન્સ ઑવ માઈન્ડ' એ ગુમાવતા નથી. મુંબાઈ કાંદીવલી મુકામે ૧૯૭૫માં સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર ભરાએલું. સાહિત્યના આવા મેળાવડા હોય ત્યારે ક્યારેક છમકલું યે થાય. મુંબાઈ યુનિવર્સિટીના કોઈ વર્ષના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં કેટલીક અધરી ને ક્લિષ્ટ રચનાઓ મુકાઈ હોવાના કારણે મુંબાઈ યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થી પ્રોફેસરોએ જ્ઞાનસત્રમાં જ ઊહાપોહ કરેલો. યશવંતભાઈ પોતાના ભાષણ માટે સભામંડપ તરફ જતા હતા, ત્યાં કેટલાક વિદ્યાર્થીઓ સાથે તેમની તરફ ધસી આવતા મારા કવિ-મિત્ર ભાઈ અનિલ જોશીએ કહ્યું: 'યશવંતભાઈ, ચાલો આપણે સાહિત્યની હોળી કરીએ.' જે અંકની હોળી કરવાનું કવિ અનિલ જોશીએ કહ્યું એ અંકમાં યશવંતભાઈનું ભાષણ પણ છપાએલું હતું. જરા યે વિચલિત થયા વગર યશવંતભાઈ એ અનિલ જોશી ના ખભા પર હાથ મૂકતાં હળવાશથી કહ્યું: 'ભાઈ, આપણે સાહિત્યની કે પાઠ્યપુસ્તકોની હોળી કરીશું તો પછી મને અનિલ જોશીની કવિતાઓ ક્યાં વાંચવા મળશે? આ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી આપણી પાસે?...' મૉબ સાથે આ રીતે કન્વિન્સિઞ ટોનમાં વાત કરવી-જરાયે ટેન્શન વગર ...જે માણસ મૉબ સાઇકૉલૉજી જાણતો હોય એ યે આવી ક્ષણે તો ગોથું ખાઈ જાય.

અને એમની યાદશક્તિ ઘણી જ ટૂંકી: મા-બાપ જેવી. મા બાપ જેમ પોતાનું બાળક ગુનામાં આવે એ ક્ષણે તેને શિક્ષા કરે ને બીજી ક્ષણે એ વાત ભૂલી જાય, એવું જ યશવંતભાઈમાં મેં જોયું છે. તોફાની વિદ્યાર્થીનાં તોફાનો તે બહુ યાદ નથી રાખતા. ડૉ. મધુસૂદન પારેખને જ તેમણે એક વાર કહેલું: '"સંદેશ"માં લખનાર આ વિનોદ ભટ્ટ કોણ છે? શોધી લાવો...' ડૉ. મધુસૂદન પારેખ તો મારા ખાસ સ્નેહી છે. તેમણે મને વાત કરી કે યશવંતભાઈ મારા વિષે પૂછતા'તા. પછી દ્વારકામાં ભરાએલા જ્ઞાનસત્રમાં યશવંતભાઇને હું મળ્યો—ઘણા લાં...બા સમયે મળ્યો. મેં તેમને યાદ કરાવ્યું: 'તમે જેને માટે મધુભાઈને પૂછતા'તા એ વિનોદ ભટ્ટ હું જ છું: તમારો એક વખતનો તોફાની વિદ્યાર્થી.' ત્યારે તેમણે મારા ખભા પર ખૂબ જ હેતથી હાથ મૂકીને કહ્યું: 'મારા તોફાની વિદ્યાર્થીઓ આમ તો મને બહુ ગમે છે. (કૉલેજમાં તોફાન ના કરતા હોય ત્યારે...એવું એ કદાચ મનમાં બોલ્યા હશે.) તમે મારા વિદ્યાર્થી હતા એ મને યાદ આવે છે. બહુ રાજી થયો છું. કામકાજ હોય તો કહેજો.'

ને પછી આજોલમાં ભરાએલા જ્ઞાનસત્રમાં, 'ઇદમ્ તૃતીયમ્'ની પ્રસ્તાવના લખી આપવા મેં તેમને વિનંતી કરી. તેમણે જરા યે આનાકાની વગર હા પણ પાડી દીધી. રઘુવીર ચૌધરીના કહ્યા પ્રમાણે યશવંતભાઈ કોઈને ના પાડી શકતા નથી—ને એટલે કોઈનું ય કામ સરખી રીતે કરી શકતા નથી.

પણ મારા કિસ્સામાં એવું ના બન્યું. છ મહિના જેવા ટૂંકા સમય પૂરતી મારી ધીરજની કસોટી કરીને મને પ્રસ્તાવના લખી આપી, એટલું જ નહિ, હૃદયપૂર્વક લખી આપી. જોકે રમેશ મ. ભટ્ટના મત અનુસાર સાહિત્ય પરિષદવાળાઓએ મને એક ખાસ ચંદ્રક આપવો જોઈએ—યશવંતભાઈ પાસે પ્રસ્તાવના લખાવવામાં સફળ થવા બદલ.

આજે યે ક્યારેક એચ. કે. આર્ટ્સ કૉલેજ પાસેથી પસાર થાઉં છું ત્યારે કૉલેજની બહાર ઊભેલા વિદ્યાર્થીઓ સામે જોતાં એ લોકોની મને ઈર્ષ્યા આવે છે.

□

અનુસંધાન] **માર્ક ટ્વેઈન** [પૃ. ૧૧૦થી

'એકીસાથે એક સમયે હું એકથી વધુ સિગાર પીતો નથી. લોકોને મારા આત્મસંયમનો દાખલો બતાવવા હું નિદ્રા દરમિયાન સિગાર પીતો નથી ને જાગ્રતાવસ્થામાં સિગાર પીવાનું બંધ રાખતો નથી. દારૂ પીવાની બાબતમાં કહું તો મારો એ વિષે કોઈ નિયમ નથી. લોકો પીતા હોય ત્યારે એમને મદદ કરવાનું મને ગમે છે. મેં કોઈ દિવસ કસરત કરી નથી. મારે માટે કસરત એટલે ઊંઘ અને આરામ. કસરત મને ગમતી નથી.'

ઈ. ૧૯૦૭માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ એને 'ડૉક્ટર ઑવ લેટર્સ'-ની પદવી આપી. ટ્વેઈનના જીવનની આ ધન્યતમ પળ હતી. ઈ. ૧૯-૦૯ની ચોવીસમી ડિસેંબરે એની દીકરી જીનનું મરણ થયું. ટ્વેઈને નોંધ્યું છે; 'તેર વર્ષ પહેલાં મેં સુસીને ગુમાવી. એની મા—એની અદ્વિતીય મા—સાડા પાંચ વર્ષ ઉપર ગઇ. કલૅરાએ કાયમને માટે યુરોપમાં વસવાટ કર્યો છે. અને હવે જીન ચાલી ગઈ છે. એક સમયે હું કેવો શ્રીમંત હતો! હવે કેવો અકિંચન બની ગયો છું!'

ચાર મહિના પછીની વાત. એપ્રિલમાં કલૅરા ને એના પતિને સમાચાર મળ્યા કે ટ્વેઈનની તબિયત બગડી ગઈ છે. હાલત ગંભીર હતી. સત્તરમી એપ્રિલે એ લોકો અમેરિકા આવી ગયાં. ૧૯મીએ કલૅરાને મોઢે માર્ક ટ્વેઈને પોતાને પ્રિય એવાં બે ગીત સાંભળ્યાં. કલૅરા લખે છે:

'ગુરુવાર, તારીખ ૨૧મી એપ્રિલે પિતાજી જાગ્યા ત્યારે એમનું મગજ શાંત હતું અને તેજ હતું. પણ એમને બોલવાની ઇચ્છા થતી ન હતી. પછી એમને એક ઝોકું આવ્યું, હું એમની શય્યા પાસે જ બેઠી હતી. એમણે એકાએક આંખો ખોલી, મારો હાથ પકડ્યો, અને તાકીને મારી સામે જોયું. અસ્પષ્ટ શબ્દો હું સાંભળી શકી: "આવજે, વ્હાલી. ફરી મળીશું તો......' પછી એમને ઊંઘ આવી. સૂર્ય ક્ષિતિજ પરથી નીચે જતો હતો ત્યારે માર્ક ટ્વેઈનનો આત્મા પેલી ચિરવાંછિત નીરવ ભવ્યતા અને શાંતિમાં ભળી ગયો. એના જન્મ સમયે દેખાયો હતો તે હેલીનો ધૂમકેતુ આકાશમાં ફરીથી દેખાતો થયો હતો.'

માર્ક ટ્વેઈન મુખ્યત્વે કરીને હાસ્યરસનો લેખક હતો. હાસ્યરસ ઘણે અંશે ભાષા પર આધારિત હોય છે. એના ભાષાંતરમાં એની મજા ટકતી નથી. પ્રસંગનિષ્ઠ કે વ્યક્તિ પર આધારિત હાસ્યરસ એવો હોતો નથી. તોપણ આ લેખમાં ટ્વેઈનના હાસ્યરસના નમૂનાઓ ન આપવાનું નક્કી કર્યું. અંગ્રેજી વાંચવાના ખયાલથી ભડકતા ન હોય એવા વાચકોએ 'Tom Sawyer', 'Hucklebery Fin', 'Innocents Abroad', 'A Yankee at the Court of King Arthur' જેવાં પુસ્તકો જરૂર વાંચવાં.

□

સૂર્યપરિવારનો વિશિષ્ટ ગ્રહ પૃથ્વી

લેખક - યશવંત ગુ. નાયક

સમુદ્રો

પૃથ્વી ઉપર સમુદ્રો ને પાણીનો જે જથ્થો છે તે આશરે ૩૫ કરોડ ઘન માઈલ જેટલો છે. આપણે ૭૦૦ મા. (૧૧૨૭ કિ. મી.) લાંબા, ૭૦૦ મા. પહોળા સપાટ પ્રદેશ ઉપર ૭૦૦ મા. ઊંચો બંધ બાંધીએ તો તેમાં આ બધું પાણી સમાઈ શકે. આમાંથી ૧ ટકો પાણી ધ્રુવપ્રદેશોમાં અને ઊંચા પહાડો ઉપર બરફરૂપે આચ્છાદિત છે. હવામાં ભેજરૂપે રહેલું પાણી એનાથી પણ ઓછું છે. ભૂગર્ભમાં રહેલું પાણી પણ પ્રમાણમાં ઘણું ઓછું છે. આમ છતાં પૃથ્વી પર પાણીનો વિશાળ જથ્થો છે. જેમાંથી સમુદ્રોમાં ૩૨,૯૦,૦૦,૦૦૦; હવામાં ૩,૬૦૦; બરફોના વિસ્તારમાં ૩૨,૫૦,૦૦૦; સરોવરો અને નદીઓમાં ૫૫,૦૦૦ અને ભૂગર્ભમાં ૨,-૦૭,૮૦,૦૦૦ એમ બધું મળી કુલ ૩૫,૩૦,૮૮,૬૦૦ ઘનમાઈલ (એક ઘનમાઈલ=ચાર ઘન કિલોમીટર)થી યે વધુ પાણી છે.

ઉત્તરધ્રુવના આલાસ્કા અને ગ્રીનલૅન્ડ જેવા પ્રદેશોમાં એટલો બધો બરફ વરસે છે કે તે ઉચ્ચ ભૂમિ અને પહાડો ઉપરથી લસરી પડે છે. એને હિમનદીઓ કહે છે. આ હિમનદીઓ બહુ જ ધીમે વહે છે, પરંતુ ઉનાળો આવતાં તે ઝડપી બની મોટા બરફના પહાડોને પણ સમુદ્રમાં ખેંચી લાવે છે. છેલ્લાં ૧૦ લાખ વર્ષોમાં પૃથ્વી ઉપર ચાર વખત હિમયુગ આવી ગયો છે જે પૃથ્વીની સપાટીની ૩૨ ટકા જમીન ઉપર ફરી વળ્યો હતો. આશ્ચર્યજનક ઘટના તો એ છે કે આ હિમયુગ દરમિયાન સમુદ્રની સપાટી ૨૫૦ ફૂટ (લગભગ ૮૯ મીટર) જેટલી નીચી ગઈ હશે, અને સમગ્ર પૃથ્વીના વાતાવરણનું ઉષ્ણતામાન ૭ થી ૧૪° જેટલું નીચું ગયું હશે. આલ્પ્સ જેવા બરફના પહાડો પણ ૧૦૦૦ ફૂટ (લગભગ ૩૩૩ મીટર) જાડાઈના હિમના સ્તરો નીચે દટાએલા હશે. વાતાવરણના ઉષ્ણતામાનનાં છેલ્લાં અમુક વર્ષોના ફેરફારો લક્ષમાં લઈ કેટલાક વૈજ્ઞાનિકો એક નવા હિમયુગની આગાહી કરી રહ્યા છે.

સમુદ્રોમાં ભરતી-ઓટ આવે છે અને તેને કારણે સમુદ્રની સપાટી સરેરાશ ૬ ફૂટ (બેએક મીટર) જેટલી ચડઊતર કરે છે. સાંકડી ભૂશિરોમાં સ્થાનિક પાણીની સપાટી એથી પણ ઊંચે જાય છે, અને એક સ્થળે તો તેરેક મીટર જેટલી ઊંચી ભરતી આવે છે. ઉપરાંત સમુદ્રમાં દિનરાત મોટા પ્રવાહો પણ વહે છે. આ પ્રવાહો વાતાવરણના પવનોને કારણે પેદા થાય છે. વિષુવવૃત્તના પ્રદેશોમાં આ પ્રવાહો પૂર્વથી પશ્ચિમ તરફ પેદા થાય છે. ઉત્તર અને દક્ષિણ અક્ષાંશે આશરે ૪૦° થી ૫૦°ના પ્રદેશોમાં પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે. દક્ષિણ ધ્રુવપ્રદેશમાં બરફના પ્રદેશોની ફરતે મોટા પ્રવાહો ચક્રાકારે ફરે છે. ઉત્તર ધ્રુવપ્રદેશોમાંથી વિષુવવૃત્ત તરફ ઉષ્ણતામાનના ફેરફારોને અનુલક્ષીને મોટા પ્રવાહો પેદા થાય છે. વચ્ચે જમીનના અવરોધથી આ પ્રવાહોમાં વિપુલ પ્રમાણમાં ફેરફારો થાય છે. આ પ્રવાહોની જોડે સમુદ્રની જીવસૃષ્ટિનો પણ સંચાર થાય છે.

વાતાવરણ

પૃથ્વીની સપાટી ઉપર પડતો સૂર્યપ્રકાશ અને તેની ગરમી ઋતુઓના ફેરફારો કરે છે. એનાથી હવાના વિસ્તૃત પ્રવાહો પણ પ્રકટે છે. પૃથ્વીની સમગ્ર સપાટી ઉપર વાતા આ પવનોની શક્તિ એટલી તો પ્રચંડ છે કે તેના વડે સમગ્ર પૃથ્વીને જરૂરી વીજળિક શક્તિ લગભગ અર્ધી સદી પૂરી પડે. પવનોને આ શક્તિ સૂર્યમાંથી મળે છે.

પૃથ્વીની સપાટી નજીકનું વાતાવરણ સૌથી વધુ ઘટ્ટ છે ને જેમ ઊંચે જઈએ તેમ એનું દબાણ ઓછું થવાથી તરલ બને છે. આ વાતાવરણમાં ૭૮ ટકા નાઇટ્રોજન, ૨૧ ટકા ઑક્સિજન અને ભેજ તથા બીજા



પૃથ્વીની સપાટીથી લગભગ ૬૫ કિ. મી.થી ઉપરના વાતાવરણમાં ઉત્તર (તેમજ દક્ષિણ) ધ્રુવપ્રદેશો પરના આકાશમાં ઘણી વાર ઑરોરા કે ધ્રુવ પ્રકાશનું અત્યંત મનોહર અને અદ્‌ભુત દર્શન થાય છે. કાળા આકાશમાં ઝૂલતા રંગબેરંગી પર્દાઓ જેવો દેખાતો આ ધ્રુવપ્રકાશ ક્યારેક કમાન આકારે, ક્વચિત્ પટ્ટાઓ રૂપે યા કદીક કેવળ અતિ તેજસ્વી આભા સમો દેખાય છે. મુખ્યત્વે લીલા પીળા રંગ ઉપરાંત એમાં લાલ, આસમાની, મુંજડી કે જાંબલી રંગઝાંય પણ જોવા મળે છે. પૃથ્વી પરનું આ એક અતિ ભવ્ય સુંદર દૃશ્ય છે. સૂર્યકલંકોમાંથી ફેંકાતા આયનકણો, પૃથ્વીના ચુંબકત્વનો અવરોધ વળોટીને જ્યારે વાતાવરણમાં ઊંડે સુધી ઊતરી આવે છે ત્યારે આ ધ્રુવપ્રકાશ પ્રકટ થાય છે. નીઓન લાઈટની નળીમાં ભરેલો વાયુ વીજભાર વડે ઝળહળી ઊઠે એવી આ પ્રક્રિયા છે.

સક્રિય વાયુ સૂક્ષ્મ પ્રમાણમાં હોય છે. સમુદ્રની સપાટી ઉપર દર ચોરસ ઈંચે ૧૫ રતલ જેટલું દબાણ હોય છે જે ઉપર જતાં ઘટતું જઈ ૩॥ માઈલ ઊંચે માત્ર ૭॥ રતલ જેટલું થઈ જાય છે. એ ઊંચાઈએ હવા અતિ પાતળી પડી જતાં શ્વાસમાં પૂરતો ઑક્સિજન મળતો ન હોવાથી એવરેસ્ટના આરોહકોને ઑક્સિજન વાયુની બરણી સાથે લઈ જવી પડે છે.

સમસ્ત વાતાવરણનું કુલ વજન ૫૭ લાખ અબજ ટન (૫૭ પછી ૧૪ મીંડાં) જેટલું છે, ને છતાં એ તો પૃથ્વીના વજનનો દસ લાખમો ભાગ છે. વાતાવરણ પારદર્શક હોવાથી આપણને એના ઉપલા સ્તરોને વિષે એકાએક ખયાલ આવતો નથી. પણ રૉકેટો, કૃત્રિમ ઉપગ્રહો અને અવકાશયાનો વડે વાતાવરણને ભેદીને પારગમન શક્ય બન્યું હોઈ આજે વાતાવરણની રચના અને વિસ્તાર વિષે નવું ઘણું જ્ઞાન ઉપલબ્ધ થયું છે.

વાતાવરણના વિવિધ સ્તરો

પૃથ્વીની સપાટીની લગોલગના વાતાવરણના ઘટ્ટ સ્તરોને ટ્રોપોસ્ફીઅર અથવા ક્ષોભમંડળ કહે છે. એની સીમા ૮ થી ૧૬ કિ.મી. (૫ થી ૧૦ મા.) ઊંચે સુધી હોય છે. આ ક્ષોભમંડળના વિસ્તારમાં વાદળો, વરસાદ, હવાનાં તૂફાન, પવનો, વાવાઝોડાં, ગાજવીજ વગેરે માલૂમ પડે છે. ઊંચામાં ઊંચાં વાદળો પણ આ સ્તરની હદમાં જ આવી જાય છે. આ હવાના સ્તરમાં જેમ ઊંચે જઈએ તેમ ઉષ્ણતામાન ઓછું થતું જાય છે. દર ૧૦૦૦ ફૂટ ઊંચે જતાં ઉષ્ણતામાનમાં ૩° ફે. (૧·૭° સે) જેટલો ઘટાડો થાય છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવના વિસ્તારમાં ઓછામાં ઓછું ઉષ્ણતામાન −૨૦° ફે. (−૫૦° સે.) જેટલું હોય છે, પરંતુ આ ક્ષોભમંડળના ઉપલા સ્તરોનું ઉષ્ણતામાન તો −૧૦૦° ફે. (−૭૩°.) જેટલું બને છે. આ સ્તરમાં હવાની સમગ્ર સપાટી પર સતત પવનના પ્રવાહો વિવિધ દિશામાં વહે છે અને તે ઋતુના ફેરફારો માટે અને ખાસ કરીને

લઘુકથા

સ્વપ્ન

રમેશ ત્રિવેદી

ઈશિતા જાગી ત્યારે એના પલંગ પર ઊગતા સૂર્યનાં કિરણો આળોટતાં હતાં. ઈશિતાએ બારી પાસે ખસીને ઊંઘરાટેલી આંખે પીપળા સામે, ડાળ પરથી ઊડતાં પંખી સામે, રસ્તા પરથી દ્રુતગતિએ વહેતાં વાહનો, માણસો સામે જોઈ લીધું—રોજની જેમ. ને એ વહેલી પરોઢે આવેલા સ્વપ્નને ચગળવા માંડી–ચૉકલેટની જેમ:

જાણે કે એને પાંખો ફૂટી છે, ને એ ફૂલથી યે ફોરી થઈને ઊડતી ઊડતી સાત સમંદરને પાર આવેલી ટેકરી પર પહોંચી ગઈ છે. નિર્જન લાગતી ટેકરી પરના એક વૃક્ષની ડાળે લટકતું પિંજરું એની નજરે પડે છે. એ પિંજરાને નીચે ઉતારીને એ અંદરના પોપટને બહાર કાઢે છે. પાંખો ફફડાવતો પોપટ તો તીરની ગતિએ પહોંચી જાય છે ઘેઘૂર ઝાડીમાં. એની ખિન્ન નજર થોડીક વારમાં જ ઝાડીની દિશામાંથી આવતા રૂપાળા રૂપાળા રાજકુમારને જોતાં જ વિસ્મય સહિત હસી ઊઠે છે. રાજકુમાર એની પાસે આવીને પોતાનો મોક્ષ કરવા બદલ આભાર માને છે એનો. એ રોમાંચિત બનીને રાજકુમારના લંબાવેલા હાથમાં હાથ મૂકે છે, ને બીજી ક્ષણે એક જીવલેણ આંચકો એ અનુભવે છે: રાજકુમારના સ્પર્શમાત્રથી એની બંને પાંખો ખરી પડી હોય છે! શૂન્યમનસ્ક બનેલો રાજકુમાર ઝાડી તરફ દોડી જાય છે, ને જતાં જતાં એને કહે છે: 'રાહ જોજે મારી; પાંચ હજાર વરસથી તપ તપતા યોગીને આનું કારણ પૂછીને અબઘડી આવું છું.' અને એ રાહ જોતી જ રહી. પણ...

ઈશિતાએ ઓશિકા પર માથું નાખી દઈને આંખો મીચી દીધી. એને થયું કે હવે એ આંખો ખોલે ત્યારે રાત પડી ગઈ હોય તો કેવું! રાત પડે ને એને સ્વપ્ન આવે તો કેવું!...અને એનું સ્વપ્ન એના જીવનના આખરી શ્વાસ સુધી ચાલે તો કેવું!!...

એણે આંખો ખોલી. એની નજર ખંડમાંના ઘડિયાળ પર, સ્ટીલના કબાટ પર, સનમાઈકાની ખુરસીઓ પર અને ખુરશીઓના ગોળ નિર્જીવ પાયાઓ પરથી ફરતી ફરતી રજાઈથી ઢંકાએલા એના બે પગપર સ્થિર થઈ ગઈ, અને એને યાદ આવી ગઈ, સ્વપ્નમાંની ખરી ગએલી બે પાંખો.

વાદળોનું વહન કરી વરસાદ લાવવામાં કારણભૂત છે.

વાદળો અનેક પ્રકારનાં અને જુદીજુદી ઊંચાઈએ હોય છે. સિરસ અથવા પ્રક્ષાભ વાદળો સૌથી ઊંચે આશરે ૪૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ રહે છે. કપાસી સિરસ વાદળ ૨૦ થી ૪૦ હજાર ફૂટ ઊંચાઈએ રહે છે. કપાસી–સ્તરી (ક્યુમ્યુલસ-સ્ટ્રેટસ) વાદળો એથી નીચાં હોય છે. કપાસના ઢગલા જેવાં કપાસી વાદળો ૪૦૦૦ થી ૬૫૦૦ ફૂટ ઊંચાઈએ રહે છે અને નિમ્બસ અથવા વર્ષામેઘ એની નીચે આવેલા હોય છે.

ક્ષોભમંડળની ઉપર સ્ટ્રેટોસ્ફીઅર અથવા સમતાપ-મંડલનો સ્તર છે. તેની ઉપરનો સ્તર મેસોસ્ફીઅર કહેવાય છે. આ બંને ૭ માઈલથી ૫૦ મા. ઊંચે સુધી વિસ્તરે છે. સ્ટ્રેટોસ્ફીઅરમાં આશરે ૧૨ મા. ઉપર એક બહુ અગત્યનો સ્તર ઓઝોન વાયુનો છે. આ ઓઝોનના અણુ ત્રણ ઑક્સિજનના પરમાણુના બનેલા છે. આ વાયુનો ૫ થી ૧૦ મા.નો સ્તર પૃથ્વી ઉપરના જીવનના અસ્તિત્વ માટે ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. આ વાયુ સૂર્યમાંથી આવતાં પ્રબળ પારજાંબલી કિરણોના મોટા ભાગને શોષી લે છે. જો આ બધાં જ કિરણો પૃથ્વી ઉપર આવી પડે તો સમગ્ર જીવંત સૃષ્ટિ ભસ્મ થઈ જાય. પણ આ ઓઝોનના સ્તરમાંથી પસાર થઈને બહુ સૂક્ષ્મ પ્રમાણમાં પરંતુ જીવનને જરૂરી એટલાં જ પારજાંબલી કિરણો પૃથ્વીની સપાટી સુધી પહોંચે છે. સ્ટ્રેટોસ્ફીઅર ઉપરનો મેઝોસ્ફીઅર સ્તર પ્રમાણમાં ઉષ્ણ હોય છે અને એ સ્તરના ૩૦ મા.ના વિસ્તારમાં ઘણીખરી ઉલ્કા ઘર્ષણ પામી ભસ્મીભૂત થઈ જાય છે.

પચાસ માઈલની ઊંચે આયોનોસ્ફીઅરનો બહુ મોટો વિસ્તાર છે. એનો ઉપલો ભાગ ૩૫૦ માઈલથી પણ ઊંચે સુધી વિસ્તારેલો હશે એમ મનાય છે. આ સ્તરમાં હવાના અણુઓ વીજભારી બનેલા હોય છે અને તેમાં છૂટા ઇલેક્ટ્રોનો પણ ભ્રમણ કરતા રહે છે. આ અણુઓનું આયનીકરણ સૂર્યમાંથી આવતાં પારજાંબલી અને એક્સ-રે કિરણો તથા કેટલાક શક્તિશાળી કણોને આભારી છે. આ આયોનોસ્ફીઅરના પણ, તેમાં રહેલાં આયનોની ઘનતાને લક્ષમાં લઇને ડી, ઈ, એફ-૧, એફ-૨ એવા મુખ્ય ચાર વિભાગો પાડવામાં આવ્યા છે. આયોનોસ્ફીઅર રેડિયો-તરંગો માટે આરસી જેવું કાર્ય કરે છે અને એક સ્થળેથી ઊંચે વિસ્તરતા રેડિયો તરંગોને પરાવર્તિત કરી પૃથ્વીની વક્ર સપાટી ઉપર દૂર દૂર સુધી પ્રસારે છે. દીર્ઘ તરંગ લંબાઈવાળા કેટલાક રેડિયો-તરંગો પૃથ્વી અને આયોનોસ્ફીઅર વચ્ચે પરંપરિત પરાવર્તન પામી સમગ્ર પૃથ્વીની ફરતે પણ ફરી વળે છે. અત્યંત સૂક્ષ્મ લહરીવાળા તરંગો જ આયોનોસ્ફિયરને ભેદી શકે છે અને તેના વડે અવકાશી રોકેટોમાંથી, ચંદ્ર ઉપરથી કે શુક્રના ગ્રહ પરથી રેડિયો સંકેતો મેળવી શકાય છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે સ્તરોમાં ઉષ્ણતામાન આશરે ૨૦૦૦° ફે.(૧૧૦૦° સે.) જેટલું થાય છે. પરંતુ આ હવા હજારગણી તરલ હોવાથી તેની અસર [illegible]

છેલ્લે સૌથી ઉપરના અત્યંત તરલ આવરણને એક્ઝોસ્ફીઅર કહે છે. આ સ્તરમાં હવાના અણુઓનું પ્રમાણ બહુ અલ્પ હોય છે અને તે ૪૦,૦૦૦ માઈલની ઊંચાઈ સુધી વિસ્તરેલો હશે તેમ મનાય છે.

ઉત્તર અને દક્ષિણ ધ્રુવપ્રદેશમાં ઘણી વાર નજરે પડતા ઑરોરા (અથવા સુમેરુ જ્યોતિ) આયોનોસ્ફીઅરમાં નજરે પડે છે. એનો દેખાવ અત્યંત મનોહર અને આશ્ચર્યજનક હોય છે. અમુક કલાકોથી માંડી દિવસો સુધી એ દેખાય છે. આકાશમાં જાણે તરંગમય ગતિથી ઝૂલતા રંગબેરંગી પરદાઓ કે અનેક તેજસ્વી રંગીન પટાઓ ધ્રૂજતા ને તરંગોની પેઠે વિસ્તરતા હોય તેવું લાગે છે. કુદરતનું આ એક વિરલ અને ભવ્ય દર્શન છે, જે ઉત્તર ધ્રુવના ૧૫૦૦ માઈલ ત્રિજ્યાના વિસ્તારમાં પણ નજરે પડે છે અને એને સુમેરુ જ્યોતિ (ઑરોરા બોરિયાલિસ) કહે છે. એવી જ રીતે દક્ષિણ ધ્રુવપ્રદેશોમાં પણ આવાં દૃશ્યો દેખાય છે જેને કુમેરુ જ્યોતિ (ઑરોરા ઓસ્ટ્રાલિસ) કહે છે. સૂર્યમાંથી આવતા વીજભારી કણો પૃથ્વીના ચુંબકક્ષેત્રના બળથી આકર્ષાઇને ઉત્તર કે દક્ષિણ ધ્રુવ તરફ પ્રચંડ ઝડપે નીચે ઊતરે છે અને તે હવાના કણો સાથે સંઘાત કરી તેજસ્વી રંગબેરંગી તેજપુંજો પેદા કરે છે ત્યારે આ દૃશ્યો પ્રકટે છે.

પૃથ્વીનું ચુંબકત્વ

પૃથ્વી એક મહાન લોહચુંબક તરીકે વર્તે છે. પૃથ્વીનું આ ચુંબકત્વ કદાચ એમાં રહેલા લોખંડને આભારી હશે એમ લાગે છે, પરંતુ પૃથ્વીની સપાટી ઉપર તેમજ ઊંડાણમાં આટલું ચુંબકત્વ પેદા કરે તેટલું લોખંડ નથી, અને હોય તોપણ તેમાં આટલું પ્રચંડ ચુંબકત્વ શી રીતે પેદા થાય એ પણ મોટી સમસ્યા છે. વળી, ભીતરમાં એટલી ગરમી છે કે તેમાં લોખંડ હોય તો યે તેમાં ચુંબકત્વ રહી શકે નહિ. છેલ્લા વાદ ઉપરથી એવું ફલિત થયું છે કે પૃથ્વીના નાભિ વિસ્તારમાં જે દ્રવ્ય છે તે વીજભારી આયનોનું બનેલું છે અને તેમાં પેદા થએલા પ્રચંડ પ્રવાહોને કારણે તે ચુંબકક્ષેત્ર પેદા કરે છે. પુરાતન કાળમાં આ પ્રવાહોની દિશા અત્યારથી જુદી જ દિશામાં હોવાને કારણે પૃથ્વીના ચુંબક ધ્રુવો પણ સ્થાનાંતર કરે છે એવું જણાયું છે. એક કાળે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ એકમેકની વિરુદ્ધ દિશામાં પણ હોવાની શક્યતા જણાય છે.

પૃથ્વીનું ચુંબકત્વ તેની સપાટી ઉપર હજારો માઈલ સુધી વિસ્તરે

છે. છેલ્લાં થોડાં વર્ષોમાં ચંદ્રયાનો દ્વારા થએલાં અવલોકનો પરથી માલૂમ પડ્યું છે કે ૩૨૨૦ કિ. મી. (૨૦૦૦ મા.) ઊંચે અને ત્યાર પછી ૧૬૧૦૦ કિ. મી. (૧૦૦૦૦ મા.) ઊંચે આવેલા ચુંબકક્ષેત્રના વિસ્તારોમાં પ્રબળ આયનોથી ભરેલા બે વિશાળ સ્તરો છે. આ બન્ને સ્તરોમાં સૂર્યમાંથી આવતા આયનો ઘેરાઈ રહે છે અને પ્રચંડ સ્ક્રૂ જેવી ગતિથી પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવો તરફ વારંવાર ગતિ કરતા રહે છે. આયનોના આ વિશાળ પ્રવાહો જે સ્તરોમાં દીર્ઘ કાળ સુધી ઉત્તર-દક્ષિણ દિશામાં મુસાફરી કર્યા કરે છે તે બે સ્તરોને કિરણોત્સાર સ્તરો કહેવામાં આવે છે. આ ચુંબકીય સ્તરોને ભેદીને પાર જતાં અવકાશયાનોને તેના પ્રચંડ-ગતિથી આંદોલિત આયન-પ્રવાહોથી બચવા માટે યોગ્ય રક્ષણ પણ આપવું પડે છે. જ્યારે સૂર્યની સપાટી ઉપર જ્વાળાઓનો સ્ફોટ થાય છે ત્યારે તેમાંથી વિપુલ પ્રમાણમાં આયનો પૃથ્વી ઉપર આવે છે ને તેમાંનો મોટો ભાગ આ બે કિરણોત્સાર સ્તરોમાં જકડાઈ જઈ ઉત્તર-દક્ષિણ દિશામાં આંદોલિત થાય છે. આથી આ આયનકણોના પ્રવાહો પૃથ્વીની સપાટી ઉપરના ચુંબકક્ષેત્રમાં પણ પ્રબળ ફેરફારો અને ચુંબકીય હલચલ પેદા કરે છે. પૃથ્વીનું ચુંબકક્ષેત્ર આમ સૂર્યમાંથી આવતા શક્તિશાળી અને ઘાતક એવા આયન-કણોને પૃથ્વી ઉપર આવતા રોકે છે; છતાં આ આયનકણોમાંથી કેટલાક ઉત્તર અને દક્ષિણ ધ્રુવપ્રદેશોમાં છેક ૬૦થી ૨૫૦ માઈલ (૯૬·૬૦ થી ૪૦૨·૫ કિ. મી.) સુધી નીચે ઊતરી આવે છે અને ઑરોરા (જ્યોતિ) પેદા કરે છે.

પૃથ્વીની રચનાના આ કેટલાક મહત્ત્વના મુદ્દાઓ જોતાં આપણને ખરેખર આશ્ચર્ય થાય છે કે એમાં અનેક એવા સુખદ અકસ્માતોની પરંપરા વડે આપણું જીવન સંભવિત અને સુરક્ષિત બન્યું છે. પાણી ને હવા તથા તેમાં ઑક્સિજન અને નાઇટ્રોજનનું સુયોગ્ય પ્રમાણ નમેલી ભ્રમણઅક્ષ, વાતાવરણની ઊંચાઈ, ઓઝોનનો સ્તર, સમુદ્રો ને હવામાં યોગ્ય પ્રમાણમાં રહેલો ભેજ, સૂર્યથી પૃથ્વીનું માફકસર અંતર, ને છેલ્લે ચુંબકક્ષેત્ર વડે રચાએલા કિરણોત્સાર સ્તરો જાણે આપણા જીવનની રક્ષા કરવા જ પેદા થયાં ન હોય! કુદરતનાં રહસ્યો જેમ ઉકેલતા જઇએ તેમ અનેક નવાં રહસ્યો આપણી સામે આવી ઊભે છે અને જાણે એવો ભાસ થાય છે કે કુદરતે પૃથ્વીની રચના જીવનને અનુરૂપ બનાવી પ્રબળ બુદ્ધિશાળી મનુષ્યને પેદા કર્યો છે કે જેથી કુદરતનાં રહસ્યોનો ઉપભોગ કરી, તેને અનુભવી અને તેનો ઉકેલ લાવી શકે.

પૃથ્વીની ઉત્પત્તિ અને વય

પૃથ્વીની ઉત્પત્તિ વિષે અનેક વાદો આજ સુધીમાં રજૂ થયા છે જેમાં બે ખાસ ધ્યાન ખેંચે તેવા છે. ફ્રેન્ચ વૈજ્ઞાનિક લાપ્લાસેના વાદ મુજબ શરૂઆતમાં સમસ્ત સૂર્યમંડળના વિસ્તારમાં નિહારિકા જેવું વિખરાએલા વાદળ જેવું દ્રવ્ય હતું. તેમાંથી ધીમેધીમે મધ્યમાં સૂર્યની રચના થવા લાગી અને તેમાંથી કાળાનુક્રમે પરપોટાની પેઠે વાદળનાં જૂથો એક પછી એક દૂર ફેંકાઈ જઈ તે દરેકમાંથી ગુરુત્વાકર્ષણના બળે ગ્રહો બંધાયા.

જેમ્સ જીન્સના મતે પ્રાચીન કાળમાં સૂર્યની નજીકથી એક બીજો પ્રચંડ સૂર્ય (તારો) પસાર થયો અને તેના આકર્ષણથી સૂર્યનું કેટલુંક દ્રવ્ય અવકાશમાં ખેંચાઈ ગયું. અને કાળક્રમે એમાંથી ગ્રહો રચાયા.

અત્યારે સર્વ માન્ય વાદ પ્રચલિત છે તે જર્મન વૈજ્ઞાનિક વાઈઝેકરે રજૂ કર્યો હતો. તે મુજબ પણ શરૂઆતમાં સૂર્યમંડળના સમસ્ત વિસ્તારમાં સૂર્ય અને ગ્રહોનું દ્રવ્ય એક નિહારિકા જેવું ફેલાએલું હતું, અને તે ચક્રગતિથી ઘૂમતું હતું. લાંબા કાળે ચક્રગતિને કારણે એણે ચપટી રકાબી જેવો આકાર ધારણ કર્યો. ત્યાર પછીનાં ૮ કરોડ વર્ષમાં એમાંથી એક વધુ ઘનતાવાળું કેન્દ્ર પેદા થયું અને તેની ફરતે સમકેન્દ્રી દ્રવ્યના વલયો પેદા થયા. નાભિમાં ૯૦ ટકા દ્રવ્યવાળો આદિ-સૂર્ય પેદા થયો અને ફરતેના વલયોનું દ્રવ્ય પણ એકઠું થવા લાગ્યું. આ વલયોના દ્રવ્યમાંથી આદિ ગ્રહો પેદા થયા, જેમાં આદિ પૃથ્વી પણ એક હતી.

આદિ સ્વરૂપની એ પૃથ્વી અત્યારની પૃથ્વી કરતાં ૫૦૦ગણી વજનદાર અને ૨૦૦૦ગણા વ્યાસની વિસ્તૃત હતી. પછી કાળક્રમે આદિ સૂર્યનું દ્રવ્ય પણ ગુરુત્વાકર્ષણના બળે સંકોચાતું ગયું. આ લાંબા કાળ દરમિયાન સૂર્યમાંથી કોઈ પ્રકાશ બહાર પડતો ન હતો, એટલે પૃથ્વીની ઉત્ક્રાંતિ અંધારપટમાં થઈ રહી હતી. સૂર્યની ઘનતા વધતાં તેનું ઉષ્ણતામાન વધ્યું અને તેમાં અણુ-પ્રક્રિયા શરૂ થતાં પ્રકાશ પેદા થયો. સૂર્યના તાપથી કેટલુંક દ્રવ્ય બાષ્પીભવન પામી તેના પ્રચંડ પ્રવાહો સૂર્યમંડળના આદિ ગ્રહોની પાર પહોંચતાં તે બધામાંથી ઘણા મોટા ભાગનું સપાટીનું દ્રવ્ય દૂર ફેંકાઈ ગયું. અબજો વર્ષ દરમિયાન આ પ્રક્રિયામાંથી પૃથ્વી સિવાયના હાલના ગ્રહો અને ઉપગ્રહો પેદા થયા અને તેના ઉપર સૂર્યનો પ્રકાશ અને ગરમી ફેલાવા લાગ્યાં. આ બધા ગ્રહો પણ શરૂઆતની સંકોચન ક્રિયાથી ગરમ થતા ગયા અને ત્યાર પછી ઠંડા પડવા લાગ્યા ને તેના ઉપર ભૂ-સ્તરો બંધાયા. શરૂઆતમાં આદિ પૃથ્વી પણ સંકોચનની ઉષ્ણતા અને તેમાંના કિરણોત્સારી પદાર્થોની ઉષ્ણતાથી પ્રવાહીરૂપે હશે તેમ મનાય છે. એમાંનું હાઇડ્રોજન ને હીલિયમ વાયુયુક્ત અત્યંત હળવું દ્રવ્ય પૃથ્વીથી બહાર ફેંકાઈ ગયું. પૃથ્વી ઠંડી પડી તેમ તેના ઉપર વાયુ ને પાણીની વરાળનાં વાદળો બંધાયાં. કાળક્રમે વરાળ ઠરીને સમુદ્રો રચાયા.

અનેક પ્રયોગથી પૃથ્વીની વયની ચકાસણી થઈ શકે છે અને તે જુદા જુદા પ્રયોગોમાંથી જે અંદાજ મળ્યો છે તે મુજબ પૃથ્વીનું વય ૪૫૦૦ અબજ વર્ષનું જણાય છે. આવડા પ્રચંડ કાળપ્રવાહમાં જીવસૃષ્ટિની શરૂઆત ૬૦ કરોડ વર્ષ પહેલાં થઈ હશે અને સમુદ્રમાં આદિ જીવો પેદા થયા હશે. મનુષ્યનું અવતરણ ૨૦ લાખ વર્ષો પહેલાં આદિ મનુષ્ય જેવા પ્રાણીથી શરૂ થયું હશે. આ જીવન ક્યાં સુધી ટકશે? એવું મનાય છે કે સૂર્ય તેના ભીતરમાં ચાલતી ન્યુક્લીઅર પ્રક્રિયાથી વધુ ને વધુ ઉષ્ણ થતો જાય છે અને બે અબજ વર્ષ પછી તેની ગરમી એટલી વધી જશે કે તેમાં પૃથ્વી સહિતના મોટા ભાગના ગ્રહો બળીને ભસ્મ થઈ જશે. ત્યારે જીવનનું—મનુષ્યનું શું થશે તે એક સમસ્યા છે? □

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકો સુધ્ધાંને આકર્ષી રહેલી—ડૉ. **મધુસૂદન પારેખની**—લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ધર્મલક્ષી સાહિત્ય

ખંડ ૪થો · પ્રકરણ ૮મું

ઇલિઝાબેથના યુગ દરમિયાન ઇંગ્લૅન્ડના ચર્ચના ધર્મવિધિઓ-ક્રિયાકાંડો-ને અર્થહીન માનનાર ને ધર્મસુધારણાની તરફેણ કરનાર પ્યૂરિટન, અને ઇંગ્લૅન્ડના ચર્ચને જ સર્વેસર્વા માનનાર ઍંગ્લિકન, આ બે સંપ્રદાયો વચ્ચે ચોપાનિયાંનાં લખાણો દ્વારા ખૂબ વાદવિવાદ ચાલ્યો. આ આખો ય વિવાદ માર્ટિન માર્પ્રેલેઈટ (Martin Marprelate) નામથી સુપ્રસિદ્ધ છે. ધર્મસુધારણાવાદી પ્યૂરિટનો (માર્ટિનવાદીઓ)એ પોતાનાં ખાનગી મુદ્રણાલયોમાંથી સહી વિનાનાં સંખ્યાબંધ ચોપાનિયાં પ્રકટ કરી ઇંગ્લૅન્ડના ચર્ચના બિશપો-ધર્મગુરુઓને ભાંડવામાં કશી કમીના રાખી નહિ. એમાં મોટે ભાગે ભાંડલેખો જ હતા. ઍંગ્લિકન સંપ્રદાયના અનુયાયીઓએ પણ ઈંટનો જવાબ પથ્થરથી વાળવામાં કશું બાકી રાખ્યું નહિ. આ વાગ્યુદ્ધ પાંચેક વર્ષ ચાલ્યું.

ઍંગ્લિકન ધર્મસમાજે વળતા પ્રહાર ઉપરાંત તર્કબદ્ધ દલીલો દ્વારા મનપરિવર્તનનું કાર્ય પણ શરૂ કર્યું, એનો મુખ્ય યશ રિચર્ડ હૂકર-Richard Hooker (૧૫૫૪–૧૬૦૦)ને ઘટે છે. એ હૂકર ઇલિઝાબેથ યુગનો એક સમર્થ ગદ્યલેખક ગણાયો છે. એણે બે સંપ્રદાયોના સ્થૂલ વાદવિવાદથી ઊંચે ઊઠીને એને તત્ત્વચિંતનની કક્ષાએ મૂકી આપ્યો. એનો ગ્રંથ 'ધ લૉઝ ઑવ એક્લેઝીઍસ્ટિકલ પૉલિટી (The Laws of Ecclesiastical Polity) ધર્મલક્ષી સાહિત્યમાં એક આગવું અર્પણ છે.

હૂકર સામાન્ય કુટુંબમાં જન્મેલો. એનાં માતાપિતાની ઇચ્છા તો એને વેપારમાં નાખવાની હતી, પણ નિશાળમાં અભ્યાસકાળ દરમિયાન એના વિચારોની અને બુદ્ધિની પકવતા જોઇને તેને ઑક્સફર્ડ મોકલવામાં આવ્યો. ત્યાં તેની વિદ્યાશક્તિ ઝળહળી ઊઠી. ઈ. ૧૫૮૫માં 'માસ્ટર ઑવ ટેમ્પલ'ની પદપ્રાપ્તિ તેને થઈ તે સમયે સાંપ્રદાયિક ઝગડામાં તેને સંડોવાવું પડ્યું. ધર્મસુધારણાવાદી પ્યૂરિટન સંપ્રદાય બાઈબલને જ અધિકૃત અને સર્વેસર્વા ગણીને ધર્મગુરુઓની તંત્રવ્યવસ્થાનો તેમજ તેમના ક્રિયાવિધિનો વિરોધ કરતો હતો. હૂકરને આ વલણ ઇંગ્લૅન્ડના ચર્ચની શાંતિ અને વ્યવસ્થાનો ભંગ કરનારું લાગ્યું. માનવીના જ્ઞાન અને બાઈબલના આદેશો વચ્ચે તીવ્ર વિરોધ હોય એ વાતનો તેણે સદંતર ઈન્કાર કર્યો. પરંપરા તેને સ્વીકાર્ય હતી, છતાં તેનું જ પ્રાબલ્ય, તેનો જ મહિમા થાય એમાં તેની અસંમતિ હતી. તેણે સામાન્યબુદ્ધિની દૃષ્ટિએ ધર્મક્રિયાઓનો બચાવ કર્યો. તે પ્યૂરિટનો સાથેના વિવાદમાં ઊતર્યો તેનું જે પુણ્યફળ તે તેનો ઉપર્યુક્ત ગ્રંથ. એમાં તેના ધર્મવિષયક મૂલ્યવાન વિચારો રજૂ થયા છે. તેનું પ્રતિપાદન એ છે કે માણસને દિવ્ય જ્ઞાન બે સ્રોતમાંથી પ્રાપ્ત થાય છે: એક બાઈબલમાંથી અને બીજું બુદ્ધિમાંથી. બુદ્ધિ પણ ઈશ્વરની જ બક્ષિસ છે. જ્યાં બાઈબલ ને બુદ્ધિ વચ્ચે વિસંવાદ ઊભો થાય ત્યાં બુદ્ધિનો માર્ગ સ્વીકારવાનું તેણે સમજાવ્યું છે. બુદ્ધિ એ ઈશ્વરના પહેલા ખોળાનું સંતાન છે. ઈશ્વર એટલે જ સર્વોત્તમ પ્રજ્ઞા. બાઈબલનો મહિમા કરતાં તેણે સમજાવ્યું કે એમાં જે અલૌકિક સત્યો છે તે માત્ર પ્રજ્ઞાથી પ્રાપ્ત થયાં હોય એ શક્ય નથી. એ બુદ્ધિ ઉપરાંતનો બીજો પ્રકાશ છે. તેમ છતાં એ જ એકમાત્ર પ્રકાશ નથી. આમ તેણે ધર્મશાસ્ત્ર-બાઈબલ-ને મનુષ્યની બૌદ્ધિક ચેતના બંનેનો મહિમા સ્થાપ્યો.

હૂકરનો ઉપર્યુક્ત ગ્રંથ એના સબળ તર્કબદ્ધ વક્તવ્યને કારણે તો મહત્ત્વનો છે જ, પણ સાથેસાથે તેના વક્તવ્યને અનુરૂપ ઉચ્ચ ભવ્ય શૈલી તેમાં પ્રકટી છે તે પણ તેનું એક બીજું આકર્ષણ છે. આ ગ્રંથમાં અલબત્ત તેણે લૅટિનના નમૂના પર અને તેની પ્રબળ છાપા પ્રગટ કરતું અંગ્રેજી ગદ્ય પ્રયોજ્યું છે, તોપણ અત્યાર સુધીના અંગ્રેજી ગદ્યમાં તે નમૂનારૂપ બન્યું છે. પાંડિત્યનો તેમાં ભાર નથી, શિષ્ટતાની ફોરમ તેમાં છે. આ ગ્રંથથી ઈતર ધર્મોપદેશનાં તેનાં લખાણોમાં પણ તેનું સંયમી-સમતોલ વલણ વરતાય છે. અલબત્ત આ પ્રકારનાં લખાણમાં બુદ્ધિ કરતાં ઊર્મિને વિશેષ અપીલ છે. તેણે રોમના ચર્ચને અધિકૃત 'ચર્ચ ઑવ ક્રાઈસ્ટ' તરીકે સ્વીકાર્યું તેમાં તેનું પૂર્વગ્રહરહિત માનસ પ્રકટ થાય છે.

બે ધર્મોપદેશકો

હૂકર ધર્મોપદેશક તરીકે ખાસ ઝળક્યો નહિ. એ સ્થાનને શોભાવનારા તો બિશપ લૅન્સલૉટ ઍન્ડ્રુઝ (Bishop Lancelot Andrews) અને જ્હૉન ડન (John Donne) છે. ઍન્ડ્રુઝ વિદ્વાન ધર્મવેત્તા અને પંદર ભાષાનો જાણકાર હતો. તત્ત્વવેત્તા તરીકે બેકને તેને પ્રમાણ્યો હતો; અને જેમ વિદ્વત્તામાં તેમ દાનધર્મમાં પણ તેની ખ્યાતિ હતી. તેનાં સુદીર્ઘ ધર્મપ્રવચનોએ તેને માટે 'સ્ટાર ઑવ પ્રીચર્સ' (Star of Preachers) ને 'એન્જલ ઑવ ધ પુલ્પિટ' (Angel of the Pulpit)ના બિરુદ મેળવી આપ્યાં હતાં. એ લૅટિન અને ગ્રીકનાં અવતરણોથી પોતાના વક્તવ્યને પ્રૌઢ બનાવતો. એ પોતે વાગ્મિતા (rhetoric)નો ટીકાકાર હોવા છતાં એનાં વ્યાખ્યાનો વાગ્વૈભવથી સભર રહેતાં. વાક્પ્રભાવ દ્વારા શ્રોતાનાં ચિત્તને આકર્ષવા તે ઉત્સુક રહેતો. એનાં વ્યાખ્યાનોમાં શબ્દરમત અને તરંગબાજી ઊછળતી અને એનાં ધર્મપ્રવચનોની આકર્ષકતાનું એક કારણ તેની મનહર બાનીમાં રહેલું હતું.

સત્તરમા સૈકાના આરંભમાં બીજો એવો સફળ ધર્મોપદેશક જ્હૉન ડન હતો. એનાં કાવ્યોમાં વરતાતી સૂક્ષ્મ આધ્યાત્મિકતા એનાં વ્યાખ્યાનોમાં પણ રસાઈ જતી. ધર્મોપદેશકે પૂરી સજ્જતા વિના અથવા વિષયને પ્રતિકૂળ નીવડે તેવી તેમજ સાવ ધરાળુ કે ગ્રામ્ય ભાષામાં વ્યાખ્યાન કરવું નહિ એવું તેનું મંતવ્ય હતું. તેનાં પ્રવચનોમાં પાંડિત્ય, વાણીનો અપાર વૈભવ અને સંતો વિષેની કથાવાર્તા અવશ્ય પ્રકટ થતાં; તેમ છતાં એનાં કાવ્યોની દુર્બોધતા એનાં વ્યાખ્યાનોમાં પણ લક્ષણ બન્યા વિના રહેતી નહિ. ઉપમા-રૂપકોની તો તેનાં વ્યાખ્યાનોમાં ભરમાર રહેતી; ને પોતાના પ્રવચનમાં કયો મુદ્દો તેણે તાક્યો છે અથવા વક્તવ્યનો મર્મ શો છે તે ઘણી વાર અસ્પષ્ટ જ રહી જતું. મૃત્યુ અને કયામતના દિવસની વાતો એ તેનાં વ્યાખ્યાનોનો વારંવાર વિષય બની રહેતો અને રૂવાં ખડાં કરે તેવી કલ્પનાઓ તેના વક્તવ્યને ઈષ્ટ હતી.

બાઈબલનો અધિકૃત અનુવાદ

નવજાગ્રતિ કાળમાં સમગ્ર ધર્મલક્ષી ગદ્યસાહિત્યમાં, ઈ. ૧૬૧૧માં પ્રગટ થએલો બાઈબલનો અનુવાદ એક ઉત્તમ ગ્રંથ બની રહે છે. ઇંગ્લૅંડમાં બાઈબલના અનુવાદનું કાર્ય સાતમી સદીના અંતભાગથી આરંભાયું હતું. વ્હિટબીના સાધુ કૅડમને મૂળ કૃતિના થોડાક અંશો અંગ્રેજીમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો. એ પછી એના અનુવાદના પ્રયત્નો થતા રહ્યા હતા. પણ બાઈબલનું સંપૂર્ણ ભાષાંતર—લોકોને રોચક નીવડે તેવું ચૌદમી સદી સુધી સુલભ નહોતું. જ્હૉન વિક્લીફે (John Wyclif) (૧૩૩૦–'૮૪) એ કાર્ય પાર પાડવાનો પુરુષાર્થ કર્યો. ઑક્સફર્ડનો એ ધર્મવેત્તા હતો અને ધર્મસુધારક હતો. ચર્ચ અને પોપની સત્તા સામે તેનો વિરોધ હતો. માત્ર બાઈબલના આદેશોને જ તેણે અધિકૃત માન્યા હતા એટલે તેને લાગ્યું કે જો લોકોને એ પુસ્તક માતૃભાષામાં સુલભ

થાય તો જ એના આદેશોનું જ્ઞાન થાય.

વિક્લીફના આ કાર્યે બીજાઓને પણ બાઈબલના નવેસર અનુવાદ કરવાની પ્રેરણા આપી. નવજાગૃતિ કાળથી તો બાઈબલના અનુવાદ પ્રત્યે પ્રજામાં રસ વધ્યો અને ૧૫૨૨માં માર્ટિન લ્યૂથરે જર્મનમાં તેનું ભાષાંતર કર્યું. એ કાર્યથી પ્રેરાઈને વિલિયમ ટિન્ડેઈલે—William Tyndale(૧૪૯૪-૧૫૩૬)અંગ્રેજીમાં તેનો અનુવાદ કર્યો. પણ સત્તાધીશોની પરવાનગી વિના તેણે અનુવાદ પ્રકટ કર્યો હોવાથી તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ટિન્ડેઈલ પ્રૉટેસ્ટન્ટ્થી હતો, એટલે એને એની ધર્મવિષયક માન્યતાઓ સારુ બાળી મૂકવામાં આવ્યો! એ પછી કવરડેઈલ—Coverdale (૧૪૮૮-૧૫૬૯)નું ભાષાંતર હેન્રી ૮માએ મંજૂર રાખ્યું. ઈ. ૧૫૫૭માં કૅથોલિક રાણી મેરીના રાજ્યઅમલ દરમ્યાન કેટલાક દેશપાર થએલા પ્યૂરિટનોએ બાઈબલનું નવું ભાષાંતર--જીનિવા બાઈબલ પ્રકટ કર્યું; પણ ઈંગ્લૅંડના ચર્ચના ધર્માધિકારીઓને તે રુચ્યું નહિ એટલે તેમણે 'બિશપ બાઈબલ' પ્રકટ કર્યું અને ઈલિઝાબેથના અમલમાં તે ચર્ચમાં અધિકૃત પુસ્તક બની રહ્યું.

રાણી ઈલિઝાબેથના મૃત્યુ પછી ઈ. ૧૬૦૩માં સ્ટુઅર્ટ રાજા જેઈમ્સ અને તેના ધર્મગુરુઓએ ખાસ ઈંગ્લૅંડના ચર્ચના જ ઉપયોગ માટે સમગ્ર બાઈબલનું મૂળ હિબ્રુ બાઈબલની લગોલગ બેસે તેવું નવું ભાષાંતર કરવાનું ફરમાન કાઢ્યું. બિશપ ઍન્ડ્રૂઝના અધ્યક્ષપદ હેઠળ સુડતાલીસ વિદ્વાનો આ કાર્ય માટે નીમવામાં આવ્યા અને એ ભાષાંતર અત્યંત ચીવટપૂર્વક કરવામાં આવ્યું. આ ભાષાંતર તે બાઈબલનો અધિકૃત અનુવાદ ગણાયો. જોકે અનુવાદકોએ ભાષાંતર નવેસરથી કરવાનો કોઈ ઈરાદો રાખ્યો ન હતો. જૂના અનુવાદો સાથે રાખીને તેમાં સુધારા કરીને જ આ ભાષાંતર તૈયાર કરવામાં આવ્યું હતું. ટિન્ડેઈલના ભાષાંતરના તો તેમાં વારંવાર પડઘા સંભળાય છે. આ અનુવાદમાં ચુસ્તપણે મૂળ બાઈબલના શબ્દો પ્રયોજવામાં આવ્યા છે અને મૂળ બાઈબલની ભાષા જેવી જ સરળ, પ્રાસાદિક અને એનું જ અનુરણન સંભળાય તવી ભાષામાં આ અનુવાદ કરવામાં આવ્યો છે. એથી મૂળ ગ્રંથની અધિકૃતતા એમાં મહદંશે જળવાઈ રહે છે. એની પ્રભાવકતા પણ આ અનુવાદમાં યોગ્ય રીતે પ્રકટી છે. સમગ્ર અનુવાદ કાવ્યાત્મક છે. એ. એસ. કૂક (A.S. Cook)નામના એક વિદ્વાને તેની લાક્ષણિકતાઓ નીચે મુજબ વર્ણવી છે:

એક: સર્વ જનોને સુગમ અને રોચક નીવડવાની તેની શક્તિ. વિદ્વાનોથી માંડીને અભણ સુધીના લોકોનાં ચિત્તને ઉચ્ચ આનંદ આપી શકે તે તેની આગવી વિશેષતા છે.

બે: તેમાં રહેલી મૂર્તતા અને ભાષામાં પ્રકટ થતી ચિત્રાત્મકતા પણ તેનું વિશિષ્ટ આકર્ષણ છે. બાળકથી માંડીને કવિના ચિત્તને તે એકસરખી રીતે અપીલ કરી શકે છે. તત્ત્વચિંતકને પણ તે ચિંતન માટેની ઘણી બધી સામગ્રી પૂરી પાડે છે.

ત્રણ: એના રૂપની સરળતા. નાનાં ટૂંકાં વાક્યો ખૂબ સરળ છે.

ચાર: ભાષાથી નિરપેક્ષરીતે તેમાંથી પ્રકટતો લય.

બાઈબલના આ ગ્રંથની પ્રસિદ્ધિએ અંગ્રેજી પ્રજાની ચેતનાને તો વિકસાવી જ, પણ અંગ્રેજી ગદ્યના વિકાસમાં પણ તે ગ્રંથ મહત્ત્વના પ્રદાનરૂપ બની રહ્યો. દેશની વિશાળ જનતાને માટે તો તે સંજીવનીરૂપ બની રહ્યો.

(ચાલુ)

અનુસંધાન] **સેપ્ટોપસની ભૂખ** [પૃષ્ઠ ૧૧૫થી

અભિ પણ જેમતેમ કરી ઊઠયો અને 'માર ડાલા... સર્વનાશ!' કહેતોક ને બાદશા પાછળ દોડયો. હું ગોળી ભરેલી બંદૂક લઈ પેલા ઘર ભણી દોડયો. જઈને જોઉં તો બાદશા એક મસ મોટો કૂદકો મારી ખુલ્લી બારી ઉપર ચડયો અને અભિ રોકેટોકે તે પહેલાં જ અંદર કૂદી પડયો!

કાંતિબાબુએ ચાવી લઈ ઘરનાં બારણાં ખોલતાં જ સંભળાયો રામપુર હાઉન્ડનો મર્મભેદી આર્તનાદ!

અંદર જઈને જોયું—એક સૂંઢથી જાણે પૂરું પડતું ન હોય એમ બીજી ને પછી ત્રીજી સૂંઢ વડે સેપ્ટોપસ બાદશાને મરણપાશમાં બાંધતો હતો.

કાંતિબાબુ બૂમ પાડી બોલ્યા: 'તમે વધુ આગળ વધશો નહિ! પરિમલ, ગોળી ચલાવો!'

બંદૂક ઊંચકી જેવો ગોળી તાકવા જાઉં ત્યાં ચીસ સંભળાઈ: 'ઊભા રહો!'

અભિજિતને એના કૂતરાની કેટલી કિંમત હતી તે અત્યારે સમજાઈ. એ કાંતિબાબુની 'ના'ને બિલકુલ ન ગણકારતાં દોડીને આગળ ગયો, અને સેપ્ટોપસની ત્રણમાંની એક સૂંઢને એણે જકડી લીધી. ત્યારે એક અદ્‌ભુત દૃશ્ય જોઈ મારું લોહી તો થીજી જ ગયું!

ત્રણે સૂંઢથી એકસામટો બાદશાને છોડી એણે સીધો અભિજિત પર જ હુમલો કર્યો; અને બીજી ચાર સૂંઢ પણ જાણે માણસના લોહીના લોભે અચાનક સજાગ થઈ લોલુપ જીભની જેમ લબકારા લેવા માંડી! કાંતિબાબુ ફરી બોલ્યા: 'ચલાવો—ચલાવો ગોળી! એ પેલું માથું રહ્યું.'

સેપ્ટોપસના માથા પર જોયું કે એક ઢાંકણું ધીમે ધીમે ખૂલી રહ્યું હતું. ઢાંકણા નીચે ગહ્‌વર. અને અભિની સમેત એ સૂંઢો બધી ઊંચકાઈ એ ગહ્‌વર તરફ વળી રહી હતી!

અભિનું મોં લોહી ઊડી જવાથી ફિક્કુંફસ દેખાતું હતું. તેની આંખોના ડોળા યે બહાર નીકળી આવ્યા હતા.

ચરમ સંકટની ઘડીએ--મેં આ પહેલાં પણ જોયું છે—મારા સ્નાયુઓ બધા જાણે અચાનક કોઈ જાદુથી સંયત-સંહત થઈ જાય છે. મેં નિષ્કંપ હાથે બંદુક ઉઠાવી સેપ્ટોપસના માથાના બે ગોળ ચાઠાની વચ્ચે અચૂક નિશાનથી ગોળી છોડી.

છોડતાં જ—બીજી જ પળે, લાગે છે—ઝાડના માથામાંથી જોર જોરથી ઝીણી ઝીણી લોહીની ફુવાર જેવી એક સેર વછૂટી, અને મને બરાબર યાદ છે કે સૂંઢો પણ અભિને મુક્તિ આપી જમીન પર ઢળી પડી, અને એ સાથે પહેલાંની ગંધે અચાનક, તીવ્ર ભાવે વધી જઈ મારી ચેતનાને આચ્છન્ન—અવશ કરી દીધી.


ઉપરની વાતને ચાર મહિના વીતી ગયા છે. આટલા દિવસે ફરી હું મારી અધૂરી નવલકથા લઈને બેઠો હતો.

બાદશાને બચાવવો શક્ય નહોતું બન્યું. પણ અભિએ એટલા સમયમાં એક મેસ્ટીફ અને એક તિબેટી ગલુડિયું મેળવ્યું છે, ને બીજા એક રામપુર હાઉન્ડની તલાશમાં છે. અભિની થૉરૅક્સ-છાતીની બે પાંસળી તૂટી ગઈ હતી. બે મહિના પ્લાસ્ટરમાં રાખવાથી સારી થઈ ગઈ છે.

કાંતિબાબુ કાલે આવ્યા હતા. કહે: 'કીડાખાઉ ઝાડપાલા બધાને વિદાય કરવાનો વિચાર છે... આના કરતાં સાધારણ શાકભાજી વિષે જ શોધખોળ કરવી સારી: તૂરિયાં-કારેલાં-પરવળ, આ જ બધાની, બીજું શું? જો અત્યારે જોઈએ તો તમને એમાંના થોડા છોડ આપું. તમે મારા પર આટલો મોટો ઉપકાર કર્યો છે. આ લ્યો એક નેપેન્થિસ. કંઈ નહિ તો યે તમારા ઘરનાં જીવડાંને—'

હું વચ્ચેથી જ અટકાવી બોલ્યો: 'ના રે ના, એ બધાંને તમારે ફેંકવાં હોય તો ફેંકી દો. જીવડાં મારવા માટે મારે ઝાડની જરૂર નથી.'

કિંગ કંપનીના કૅલેન્ડરની પાછળથી અવાજ આવ્યો: 'ઠીક, ઠીક, ઠીક.'



કલાવાર્તા

નાગજીભાઇ ચૌહાણ

નટુભાઈ પરીખ

અમદાવાદના શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયની કલાપ્રવૃત્તિથી પરિચિત સૌ કોઈ નાગજીભાઈ અને એમની કલાશક્તિથી પણ પરિચિત છે, અને અન્ય કલારસિકોમાં પણ તેઓ અજાણ નથી.

એમનો જન્મ જામનગરમાં ઈ. ૧૯૩૮ની ૧૪મી નવેમ્બરે. પિતા વશરામભાઈનો વ્યવસાય કુંભકારનો. પોતાના કસબમાં અને એને અનુષંગી કલાચાતુરીમાં રસ. એમનું જોઈ પુત્ર નાગજી પણ માટીના પિંડા લઈ રમકડાં બનાવે એ માતા જમનાબેનને ગમે ખરું, પણ દીકરો ઘરમાં બધે માટીમાટી કરી મૂકે એ એમને કેમ પરવડે? એટલે સ્વાભાવિકરીતે જ નાના નાગજીને પોતાનો કસબ બતાવવા–અજમાવવા માટે માનો રોષ વહોરવો પડે, અને પરિણામે એમની સર્જનભૂખ વણછીપી રહી જાય. શાળાએ આવતાંજતાં માર્ગમાં એક શિલ્પી પોપટભાઈની દુકાન પાસે પણ એ અચૂક થોભી જઈ પોપટભાઈને કામ કરતા નીરખ્યા કરે. પોતાની દુકાન પાસે વારંવાર ખોડાઈ રહેતા આ છોકરા પ્રતિ પોપટભાઈનું પણ લક્ષ દોરાયું અને એમણે એને પોતાને ત્યાં આવવા છૂટ આપી. નાગજીભાઈ એમને મદદરૂપ થતા, પણ એથી એમનાં અરમાનો પૂરાં થયાં નહિ. એમની કલાભૂખને પોષક એવું વાતાવરણ તો શાળામાં મળ્યું. માધ્યમિક શાળા અને હાઈસ્કૂલમાં એમને સર્વશ્રી કોટેચા, ને ચંદુભાઈ જેવા કળા શિક્ષકો દ્વારા ઘણી પ્રેરણા મળી. આમાં યે ચંદુભાઈએ તો પોતાને ઘેર આવા કલારસિયા વિદ્યાર્થીઓ માટે એક ખાસ ખંડ અલગ રાખેલો. ગાંઠને ખર્ચે તેઓ વિદ્યાર્થીઓને રંગપીંછીયે આપતા. એમની પાસે ઉમદા ચિત્રકામનો વૈવિધ્યસભર સંગ્રહ પણ હતો. નાગજીભાઈને એમાંથી નવીક્ષિતિજોનાં દર્શન થયાં. ચંદુભાઈની સાથે એમણે દેશનાં અનેક કલાધામોનો પ્રવાસ પણ કર્યો. આ જ અરસામાં





△ એક જલરંગી સ્કેચ અને (જમણી બાજુ) ચહેરાઓના નવતર રજૂઆતનો પ્રયોગ △

એક સોની મિત્ર સુરેશભાઈ સાથે તેઓ મોડી રાત સુધી સ્ટેશન પર રોકાઈને વિધવિધ માનવપાત્રો વગેરેના અનેકવિધ સ્કેચો કરવા ઉજાગરા પણ કરતા. અને આ બધાંના પરિણામે એમની ચિત્રપ્રવૃત્તિ વધી પડી. અભ્યાસની નોટબુકોમાં ચિતરામણો વધવા માંડયાં. ને અત્યાર સુધી પહેલા પાંચ નંબરમાં પાસ થનાર નાગજીભાઈ અભ્યાસમાં પાછા પડવા માંડયા.

ઈ. ૧૯૫૬માં ચંદુભાઈ અને એમના સહશિક્ષક ગિરિનભાઈની પ્રેરણાથી અમદાવાદ જઈ નાગજીભાઈએ હાયર આર્ટની પરીક્ષા આપી. એમાં તો પાસ ન થયા, પણ અહીં કલાકાર શ્રી રસિકભાઈ પરીખનો પરિચય થયો અને એમને પોતાના ભાવિ ક્ષેત્રની ઝાંખી પણ થઈ.


ઘેર આવી એમણે ભણતર છોડી દઈ ચિત્રસાધના કરવાનો પોતાનો મનસૂબો રસિકભાઈને લખી જણાવ્યો. પણ તેમણે તો પ્રથમ ભણતર પૂરું કરવા સલાહ આપી. નાગજીભાઈએ એ સલાહ માની અને ઈ. ૧૯૫૮માં એસ. એસ. સી. પાસ થઈ ચિત્રશિક્ષકની તાલીમ લેવા એ અમદાવાદ આવ્યા; પણ એ વર્ગમાં જગ્યા ન મળતાં 'પેઇન્ટિંગ'નો અભ્યાસક્રમ સ્વીકારી તેમાં જોડાયા, અને તેમાં દ્વિતીય શ્રેણીમાં કેન્દ્રમાં પ્રથમ આવ્યા. અભ્યાસ ચાલુ રાખી ઈ. ૧૯૬૪માં એમણે ડિપ્લોમા લીધો અને '૬૫માં 'આર્ટમાસ્ટર' થયા.

છેક ૧૯૫૮માં મુંબાઈ રાજ્ય કલા-પ્રદર્શનમાં વિદ્યાર્થી શ્રેણીમાં 'ભરવાડ'ના શિલ્પ માટે એમને ઈનામ મળેલું, '૬૧માં રાજકોટમાં યોજાએલા 'ગુજરાત સાંસ્કૃતિક સમારોહ'માં રૌપ્યચન્દ્રક મળેલો અને ૧૯૬૪માં ફરી 'સૈનિક' શિલ્પ માટે ગુજરાત રાજ્યનું ઈનામ મળ્યું. આ ઉપરાંત મૈસુર અને અમૃતસરનાં પ્રદર્શનોમાં પણ એમને ઈનામો મળ્યાં છે.

ચિત્રશિક્ષકની તાલીમ પૂરી થઈ એટલે શ્રી રસિકભાઈના સૂચનથી તે વલ્લભવિદ્યાનગરમાં શ્રી રવિશંકર રાવળની પ્રેરણાથી શરૂ થએલા 'કલાકેન્દ્ર'માં અધ્યાપક તરીકે જોડાયા. દોઢેક વર્ષ ત્યાં કામ કર્યું એવામાં પિતાની તબિયત લથડતાં વતન જવું પડયું અને ઘરનો ધંધો સંભાળી લેવો પડયો. જોકે આ એમનું ક્ષેત્ર નહોતું જ, પણ આવી પડેલી પરિસ્થિતિ એમણે સ્વીકારી લીધી. એટલામાં રસિકભાઈનો પત્ર આવ્યો કે તુરત અમદાવાદ આવી જાઓ; અને ચી. ન. વિદ્યાવિહારના હાઈસ્કૂલ વિભાગમાં ખાલી પડેલી જગ્યા પર રસિકભાઈએ એમને રોકી લીધા. તે પછી એમની કલાપ્રવૃત્તિ એકધારી ચાલી. અંતે ૧૯૬૪–'૬૫માં કલામહાવિદ્યાલયમાં એમને સ્થાન મ[illegible]ું અને એમનું કાર્યક્ષેત્ર વિસ્તર્યું.

[illegible]ક્ષક તરીકે ખૂબ મળતાવડા નાગજીભાઈ પાસે જે અનેક વિદ્યાર્થીઓ તાલીમ પામ્યા છે

◁ નમી અધ્યયન. જૈન હસ્તપ્રતોમાં જોવા મળતી પ્રાચીન ગુજરાતી શૈલીમાં એક ચિત્રસંયોજન. એમાં ચંદન ઘસી રહેલી રાણીઓના કરકંકણના અવાજથી કષ્ટ પામતો બીમાર રાજા એ વિષે મંત્રીને પૂછે છે ને એ પછી રાણીઓ અડવે હાથે ચંદન ઘસે છે એ પ્રસંગનું ડાબી તરફના ચિત્રખંડમાં આલેખન કર્યું છે. વચ્ચે રાજ્ય છોડી જતા રાજાનું ને સાધુ થઈ ગયા પછીનું આલેખન છે. જમણી તરફ એક સમયે હૃષ્ટપુષ્ટ જોએલા બળદને ગળિયેલ થઈ ગએલો જોઈને કરકંડુને, એક વારના પ્રફુલ્લિત વૃક્ષને સુકાઈ ગએલું જોઇને નગ્ગતિ રાજાને તથા એ જ રીતે એક સમયના ઇન્દ્ર મહોત્સવના વૈભવને વિલાઈ ગએલો જોઇને દૃમિરાજાને આવેલા વૈરાગ્યના સૂચક ત્રણ ચિત્રખંડો છે. એક અભ્યાસનોંધ જેવા સંયોજનનું આ રેખાંકન છે. ચિત્રવસ્તુ કે કથાપ્રસંગોની એમાં એકસૂત્રતા નથી જળવાતી, પણ રેખાંકન અને શૈલીની અજમાયશમાં ચિત્રકારની સૂઝ અને કસબ જોવા મળે છે.



△ સાંચીના કલાપ્રવાસ દરમિયાન કરેલું ત્યાંના બૌદ્ધ સ્તૂપના એક તોરણદ્વાર પરના શિલ્પનું આ રેખાંકન છે. મૂળ તો એ લગભગ ત્રણેક મીટર ઉપરાંત લાંબું છે અને આ એનો માત્ર અર્ધ જેટલો ભાગ જ છે. અસલ કરતાં ઘણા નાના કદમાં એને ઉતારવા જતાં એમાંની બારીક રેખાઓની મઝા મારી જાય છે છતાં ચિત્રકારના બલિષ્ઠ આલેખનની ઝાંખી એમાંથી મળી રહે છે. [નીચે] તદ્દન ભિન્ન શૈલીનું એક ચિત્રસંયોજન. માનવજીવનના વિવિધ તબક્કાઓનું એમાં આલેખન છે. એમાં શૈલી અંગેની ચિત્રકારની પ્રયોગશીલતા, પાત્રગૂંથણીની સૂઝ અને કલમ પરનો કાબૂ પ્રકટ થાય છે. ▽



તેમાં આજના જાણીતા નવયુવાન કલાકારો અમૃત પટેલ, મહેન્દ્ર પટેલ, ગિરીશ ખત્રી નવીન ધગર વગેરે તેમના મોખરાના વિદ્યાર્થીઓ છે, વર્ષો સુધી ચિત્રકલાના પ્રાધ્યાપકપદે રહ્યા પછી હાલ તેઓ કલાવિદ્યાલયના શિલ્પવિભાગના વડા તરીકે કામ કરે છે.

સંસ્થાના અનેક કલાપ્રવાસો દરમિયાન એમણે મોઢેરાથી માંડી અજંતા, ઈલોરા, સાંચી, ખજુરાહો ને મહાબલિપુરમ સુધીનાં કલાધામોની સમૃદ્ધિનું પાન કર્યું અને તેનાં મબલખ ત્વરિતાલેખનો (સ્કેચ) તથા સુશ્લિષ્ટ આલેખનો (ડ્રૉઈંગ) કર્યા, જેમાં હાથ ખૂબ કસાયો. લગભગ ૧૮ જેટલા લાંબા પેપરરોલમાં ભારતનાં આવાં વિધવિધ સ્થળોની શિલ્પકૃતિઓની હારમાળાઓ એમણે આલેખી છે. તસવીરના ત્વરિતાલેખનમાં ગમે ત્યાંથી આરંભીને પૂરું કરવાની એમને હથોટી છે, અને શિલ્પમાં પણ એક જ દિવસમાં, શિલ્પની રીતે આગવી શૈલીમાં તેઓ તસવીર ખડી કરે છે.

ચિત્રકલામાં પ્રારંભમાં એમણે વાન ગૉઘ અને ગૅાગાંના શૈલીપ્રભાવમાં કામ કર્યું. પછી ચીન-જાપાનની પ્રશરીતિ અજમાવી ઉપરાંત ઈમ્પ્રેશનિઝમ, ક્યૂબિઝમ અને ઍબ્સ્ટ્રેક્ટ (અમૂર્તવાદ)ની રીતિઓ પણ અજમાવી, છેલ્લાં બેત્રણ વર્ષમાં પ્રકૃતિ અને સ્ત્રીદેહને અવનરીતે રજૂ કરવાના પ્રયોગો કર્યા છે. એમની ખરી શક્તિ તો એમનાં રેખાંકનોમાં દીપી ઊઠે છે. સૌરાષ્ટ્રની મેર કોમ, ડાંગના આદિવાસી, પંચમહાલના ભીલ તથા રાજસ્થાન ને દક્ષિણ ભારતનાં પાત્રોનાં સંખ્યાબંધ આલેખનો એમણે કર્યા છે.

આ સાથે એમની કેટલીક કૃતિઓ રજૂ કરી છે. કલાક્ષેત્રે પોતાના આગવા પ્રદાન માટે હજી એમને તક અને સમય જોઈએ છે. એ મળતાં તેઓ જરૂર પોતાની મહેચ્છા પાર પાડી શકશે.



△ માનવ ચહેરાના વૈવિધ્યના અભ્યાસ રૂપ ચિત્રનોંધનું એક સંયોજન. ચિત્રકારની આલેખનશક્તિ અને કલાદૃષ્ટિની દ્યોતક કૃતિ. (નીચે) ગ્રામજીવનમાં અનેક વાર જોવા મળતા એક કલામય દૃશ્યનું ત્વરિતાલેખન.



સાહિત્યસંપર્ક

શબ્દકથા: વહેવારિયો · શાહ · વેપારી

ઋગ્વેદમાં કંજૂસ તરીકે જાણીતા पणिને કેટલાક લોકોએ એક તરફથી વેપારનિપુણાત પ્રાચીન 'ફિનિશનો' સાથે, તો બીજી તરફ वणिज् સાથે સાંકળવાની અટકળ કરી છે. પણ તે નિરાધાર છે. ચાર વર્ણોમાંથી ત્રીજો વર્ણ वैश्य પ્રાચીન સમયમાં વેપાર અને ખેતીના વ્યવસાયની સાથે સંકળાએલો હતો, પણ વેપારી માટે સંસ્કૃતમાં वणिज्, सार्थवाह 'વણજારો', पण्याजीव 'વેપારની આજીવિકાવાળો', आपणिक 'દુકાનદાર', क्रयविक्रयिक 'લેવેચ કરનારો' એવા શબ્દો હતા. આમાંથી માત્ર वणिज् ('વાણિયો' વગેરે રૂપે) અર્વાચીન ભાષાઓમાં ઊતરી આવ્યો છે.

'વાણિયો' અને 'વણજારો' જ્ઞાતિવાચક, કે વિશિષ્ટ વ્યવસાયના અર્થમાં મર્યાદિત બની જતાં, મધ્યકાળમાં સં. व्यवहारक 'વ્યવહાર કરનાર' ઉપરથી 'વહોરો', व्यवहार ઉપરથી 'વહેવાર' ને તેમાંથી 'વહેવારિયો', व्यापार ઉપરથી 'વેપાર' અને પછી 'વેપારી', સં. साधु, પ્રા. साहु ઉપરથી પંજાબી, હિંદી 'સાહુ', ગુજરાતી 'શાહ', અને 'સાહુકાર' 'શાવકાર' (જે ધીરધારનો ધંધો કરનાર માટે વપરાતો થયો, અને તે જ અર્થમાં સં. महाजन, અરબીમાંથી આવેલ 'શરાફ'—અંગ્રેજી રૂપે 'શ્રૉફ અને ગુજ. 'નાણાવટી' પણ વપરાતા થયા), અને ફારસીમાંથી આવેલ 'સોદાગર' સમયેસમયે પ્રચારમાં આવ્યા.

આમાંથી 'વહોરો' (વોરા, હોરા)ને 'શાહ' (શા) અટક બની ગયા છે: 'શાવકાર', 'મહાજન', 'શરાફ' અને 'નાણાવટી' અટક તરીકે પણ વપરાય છે, 'વ[illegible]' [illegible] ગીતોમાં કાળગ્રસ્ત શબ્દ તરીકે સચવાયો છે, 'સોદાગર' પણ લોકકથાઓમાં જ મળે છે, અને કેવળ 'વેપારી' (કે તેને સંસ્કૃત વેશ પહેરાવીને બનાવેલું સ્વરૂપ 'વ્યાપારી') ચાલુ વપરાશમાં છે.

સં. व्यापारનો મૂળ અર્થ 'પ્રવૃત્તિ' છે. પણ वाणिज्यव्यापार જેવા પ્રયોગોમાં તે 'વ્યવસાય'નો અર્થ ધરાવતો થયો અને પછી છૂટો વપરાતો થયો. **હ. ચૂ. ભાયાણી**

ભાવોદ્રેકની ભરતી

ધીરુભાઈ પરીખ

લગભગ અઢી દાયકાથી સતત સર્જનશીલ રહેલા શ્રી 'ઉશનસ'ના આ* કાવ્યસંગ્રહમાં એમની લગભગ બધી લાક્ષણિકતાઓ પ્રકટ થવા પામી છે. એ લાક્ષણિકતાઓમાંની એક તે વિવિધ કાવ્યસ્વરૂપોનું સર્જન. અહીં સૉનેટ, ગીત, ગઝલ, મુક્તક, હાઈકુ વગેરે પ્રકારોનું વૈવિધ્ય છે, તોપણ મોટા ભાગની કૃતિઓ સૉનેટ સ્વરૂપમાં ઢળેલી છે. આ લગભગ પંચોતેર જેટલાં સૉનેટોમાં શેક્સપીઅરશાઈ (૪, ૪, ૪, ૨) પ્રકાર પ્રત્યે કવિનું વધુ આકર્ષણ અછતું રહેતું નથી; જો કે એમાં એમણે એ પ્રકારની પ્રાસયોજના (ab ab, cd cd, ef ef, g g)-નો દુરાગ્રહ રાખ્યો નથી. આ સુઘટ્ટ સ્વરૂપમાં એમણે પ્રકૃતિ અને પ્રણય—વધુ તો પ્રકૃતિ જ–નું નિરૂપણ સહજ અને સફળ રીતે કર્યું છે.

લગભગ સવાસો જેટલી આ રચનાઓ પૈકી પોણા ભાગની રચનાઓમાં પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો અને સ્વરૂપોનું ગાન થએલું છે, જે જોતાં વસંતઋતુ પ્રત્યેનું તેમજ તડકા પ્રત્યેનું તેમનું ખેંચાણ સ્પષ્ટરીતે ધ્યાન ખેંચે તેવું છે. એમની નિરૂપણરીતિ અને ભાવાભિવ્યક્તિ દર્શાવી આપે છે કે પ્રકૃતિરમણાની સાચ્ચી અનુભૂતિ એના મૂળમાં પડેલી છે. આથી જ પ્રકૃતિનો વિલાસ એમણે મન ભરીને માણ્યો છે ને ગાઈ જાણ્યો છે. ચિત્રો રજૂ કરવાની એમની શક્તિ અને ખૂબી ઇન્દ્રિયગ્રાહ્યતા જન્માવી ભાવકને પણ રસબસ કરી દે છે:

'તડક તડકચો તડ્કા-તંબૂ, તણાવ તસોતસ,'

... ...

'તડિત સરખી તિરાડોમાં તડાક દઈ તૂટ્યો
શિશિર સરનો સો સો સૂર્યસપાટિત આયનો.'

આવી પંક્તિઓમાં શ્રવણેન્દ્રિય અને નેત્રેન્દ્રિયને સંતર્પે એવો કલાકસબ સહેજે જોઈ શકાશે. એમનાં આ પ્રકૃતિચિત્રોમાં એમણે રૂપક, ઉત્પ્રેક્ષા ઉપમા આદિ અલંકારોનો આશ્રય લઈ સુંદર શબ્દચિત્રો ખડાં કરવાની સાથે સાથે વિવિધ ભાવવ્યંજનાઓ પણ સાધી છે તે કોઈ પણ સહૃદયને સંતોષ્યા વગર રહેશે નહિ. એમની અનુભૂતિ બહુધા રોમૅન્ટિક કક્ષાની રહી છે અને તેની અભિવ્યક્તિમાં ક્યારેક ક્લાસિક તો ક્યારેક રોમૅન્ટિક વલણ દેખાઈ આવે છે. અનુભૂતિ અભિવ્યક્તિનું એવું રોમૅન્ટિકપણું જોઈએ એક દૃષ્ટાંતમાં:

'હું નાભિના પ્રાણથી પૂર્ણ ફેફસે
અંધારનું આખું જ ફૂલ ઉચ્છ્વાસી
એવું સૂધું, એવું સૂધું હું દીર્ઘ કે
કે ફૂલ સંગે દૂંખ-ડાળીને ય
સૂંઘી લઉં હું
ને એમ કો શ્યામલ પેય-ઘેનમાં
બિચાર તારા પણ ગટ્ગટાવતો
ધીમે ધીમે શ્યામ-પતાલ-સ્વપ્નમાં
—ક્યારે ન તે નોંધી શકાઈ રે પલ—
ઊંઘી જઉં છું.'

એમની શૈલીમાં તત્સમ સાથે તદ્ભવ શબ્દોની ગૂંથણી, ક્યારેક અરૂઢ અવગ્રહો (આઘા'ઘા), ઉક્તિવૈચિત્ર્ય, કલ્પનાનાવીન્ય, બોલચાલની શબ્દ ભંગિઓ (ગમ્મે ત્યારે, બધ્ધુ જ, ગટ્ગટાવતો, ઠલ્વાતું), બોલચાલના લહેકા વગેરે ધ્યાન ખેંચ્યા વગર રહેતા નથી.

આ સંગ્રહની રચનાઓનું મુખ્ય આકર્ષણ છે ભાવોદ્રેકતાની પ્રતીતિકારકતા—પછી એ કૃતિ પ્રકૃતિપ્રેમની હોય, દામ્પત્યપ્રેમની હોય કે વતનપ્રેમની હોય. આ સાથેસાથે એમની અનુભૂતિના ફલકની વિશાળતા કરતાં વેધકતા ભાવકને વધુ રસવિદ્ધ કરે છે. નરી અનુભૂતિની બળકટ રચનાઓનો આ વિપુલ 'અશ્વત્થ' ઉશનસ્‌ની કાવ્યપ્રવૃત્તિનું રસસિદ્ધ પરિણામ છે.

*'અશ્વત્થ': પ્રકા. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૨૩, રૂ. ૮.૫૦.

નવાં પ્રકાશનો

ગુજરાતી-અંગ્રેજી કોશ: ગુજરાતી અને અંગ્રેજી ઉભય ભાષાઓનો પરસ્પર પરિચય વધતો જાય છે, વધુ અભ્યાસ થતો જાય છે ત્યારે આવા કોશની અત્યંત આવશ્યકતા રહે તે શ્રી પાંડુરંગ ગણેશ દેશપાંડેના આ શ્રદ્ધેય કોશથી પૂરી પડી રહેશે તેમાં શંકા નથી. ૪૫,૦૦૦ શબ્દો–રૂઢિપ્રયોગોનો આ દળદાર સંચય વિશેષે કરીને અનુવાદકોને ખૂબ ઉપયોગી થઈ પડશે. સારા કીમતી કાગળ પરની સુઘડ છપાઇ એની મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે. (પ્રકા. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ; વિક્રેતા બાલગોવિંદ બુકસેલર્સ, બાલાહનુમાન પાસે, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૯૬૨, રૂ. ૨૫.)

કવિતાની સમજ: કવિ તરીકે સારું સર્જન આપનાર શ્રી હેમન્ત દેસાઈના આ તદ્‌વિષયક વિવેચનગ્રંથમાં કાવ્યનાં વિવિધ અંગોની સદૃષ્ટાંત ચર્ચા કરવામાં આવી છે તે અત્યારે વધતી જતી કાવ્યાભિરુચિ અને કાવ્ય-

શિક્ષણના કાળે વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ અને ભાવકો સહુને ખૂબ ઉપયોગી થઈ પડશે તેમાં શંકા નથી. લખાવટ અને આયોજનમાં અધ્યાપકીય અસર વર્તાય તે સ્વાભાવિક છે ને સહેતુક છે તે પણ અહીં અનુભવી શકાશે. આપણા કવિતાવિષયક અભ્યાસગ્રંથોમાં આ પુસ્તકથી ગણનાપાત્ર ઉમેરો થશે એમ ચોકસપણે કહી શકાશે. (પ્રક.-વિક્રેતા ઉપર મુજબ; પાકું પૂઠું. પૃ. ૨૬૪, રૂ, ૧૩.)

મુદ્રણશાસ્ત્ર : ગુજરાતી ભાષા અને સાહિત્યના વિકાસની સાથેસાથે ગુજરાતી મુદ્રણનો પણ વિકાસ થતો રહ્યો છે. આજે તો મુદ્રણ એક કલા બની રહે તેવી ક્ષમતા સિદ્ધ કરતું જાય છે ત્યારે તદ્‌વિષયક જ્ઞાતાઓ સર્વશ્રી પ્રવીણ ઠક્કર અને અજય પટેલના સંયુક્ત લેખનશ્રમનું આ પુસ્તકમાં જે સુભગ પરિણામ આવ્યું છે તે મુદ્રણના વ્યવસાય સાથે સંકળાએલા સૌને સારીરીતે ખપ લાગશે. (પ્રકા.-વિક્રેતા ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૭૦૭, રૂ. ૩૫.)

અર્વાચીન ગુજરાતનું સાંસ્કૃતિક દિગ્દર્શન : ભારતમાં અંગ્રેજો આવ્યા અને વિદાય થયા તે ગાળા દરમિયાન ગુજરાતે સામાજિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, સાહિત્યિક વગેરે ક્ષેત્રે જે જે પ્રવૃત્તિઓ કરી અને પ્રગતિને સાધી તેનો સામાન્ય વાચકને ખયાલ મળી રહે તેવી રીતે તે અહીં રજૂ કરવાનો સ્વ. વિજયરાય વૈદ્યનો યત્ન મહદંશે સફળ થયો છે. (પ્રકા. રોહિણી પ્રતિષ્ઠાન, ૧૫૮૨ કૃષ્ણનગર, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૦.)

દિલની વાતો ભાગ બીજો : 'મુંબાઈ સમાચાર' દૈનિકમાં હપ્તે હપ્તે લખાએલી આ આત્મકથનાત્મક વાતો તેના લેખક સ્વ. રસિક ઝવેરીની વિવેકનશક્તિ અને સર્જકશક્તિનો પુરાવો છે. (પ્રકા. સોમૈયા પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ-૧૪; કાચું પૂઠું. પૃ. ૨૧૬, રૂ. ૧૫.)

ગાયત્રી સંહિતા : ગાયત્રીમંત્રનું સવિવરણ અને સચિત્ર માહાત્મ્ય સમજાવતા આ પુસ્તકના કર્તા અને ચિત્રકાર છે ઉમિયાશંકર ઠાકર. (પ્રકા. ગાયત્રી સદન, ઘોરી ફળિયું, આણંદ; પાકું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૮-૨૫

—અને છેલ્લે

તેલુગુ ભાષાના ગરીબ ખેડૂત કવિ પોતનાએ બારે શ્રમને અંતે શ્રીમદ્ ભાગવત સ્વભાષામાં ઉતાર્યું તે જાણી એક મિત્રે સલાહ આપી કે કોઈ રાજા કે શ્રીમંતને એ આપે તો કાયમને માટે દળદર ફીટી જાય. એ સાંભળી કવિએ તીવ્ર ઉત્તર આપ્યો કે મારી સુકોમળ કાવ્યકન્યાને કોઈ રાજા કે શ્રીમંતને વેચવા કરતાં જીવનભર ખેતી કર્યા કરું એ બહેતર છે.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. રમણલાલ ચી. શાહ

જન્મ : વડોદરા પાસે પાદરામાં, ઈ. ૧૯૨૬માં. મુંબાઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાંથી ૧૯૫૮માં બી. એ. થઈ એ જ કૉલેજમાં બે વર્ષ માટે ફેલો; બળવંતરાય ઠાકોર સુવર્ણચન્દ્રક વિજેતા બનવા સાથે ૧૯૫૦માં એમ. એ.; ૧૯૬૧માં 'નળદમયંતીની કથાનો વિકાસ' એ મહાનિબંધ લખી પીએચ. ડી. થયા. ૧૯૫૧ થી ૧૯૭૦ સુધી મુંબાઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક અને એન. સી સી. ઑફિસર તથા હવે મુંબાઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ. 'મનીષા', 'ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન', 'એવરેસ્ટનું આરોહણ', 'જંબૂસ્વામી રાસ', 'શ્યામ રંગ સમીપે', Shraman Bhagavan Mahavir and Jainism' ઈત્યાદિ પંદરેક પુસ્તકોના લેખક. 'કુમાર'માં એમની ઘણી નાટિકાઓ અને ઉત્તર ધ્રુવના માર્ગની શોધ વિષેના લેખો પ્રગટ થઈ ચૂક્યા છે. એશિયા, આફ્રિકા, યુરોપ અને અમેરિકામાં વિસ્તૃત પ્રવાસો કર્યા છે. અનેક યુનિવર્સિટીઓની અને સાહિત્યિક, સાંસ્કારિક સંસ્થાઓની વિવિધ સમિતિઓના સભ્ય છે.

૧ સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ અધ્યાપક લેખે આપનો અનુભવ?

ઉ. એ ગુજરાતી વિષય પૂરતો મર્યાદિત છે. મુંબાઈમાં ઉચ્ચ શિક્ષણમાં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર જેવા વિષયો જેટલું પ્રાધાન્ય ભાષાઓને નથી અપાયું. પરિણામે સાહિત્ય અને શિક્ષણનો સાચો રસ અને વિદ્યાર્થીમાનસનો સારો પરિચય ન હોય તો અહીં ગુજરાતીના અધ્યાપકને તો નિરાશા જ સાંપડે. સદ્‌ભાગ્યે સારી કૉલેજ, સારા વિદ્યાર્થીઓ, સાહિત્યનો રસ અને એન. સી. સી ના કારણે મને હમેશાં સુખદ અનુભવ થયો છે. સ્નાતક કરતાં અનુસ્નાતક કક્ષાએ ઓછા તથા ગંભીર અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ સાંપડતા હોવાથી અધ્યાપનમાં વધુ રસ પડે છે.

૨ ઉચ્ચ શિક્ષણ સુધારવા માટે આપ શું સૂચવો છો?

ઉ. વર્ગ દીઠ ઓછા વિદ્યાર્થીઓ, સારા પગારે તેજસ્વી, સંનિષ્ઠ અધ્યાપકો અને વિદ્યાભ્યાસની વખતોવખત સાચી કસોટી કરે એવી પરીક્ષા-પદ્ધતિ.

૩ કયા ગુજરાતી લેખકોનો આપના પર સૌથી વિશેષ પ્રભાવ છે?

ઉ. ગાંધીજી અને કાકા કાલેલકરનો.

૪ એન. સી. સી ની તાલીમ માટે આપનો શો અભિપ્રાય છે

ઉ. એ તાલીમથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, નિયમિતતા, હિંમત, ખડતલપણું, આત્મવિશ્વાસ, નેતૃત્વ, કાર્યસૂઝ ઈત્યાદિ ઘણા ગુણો ખીલવા સાથે રાષ્ટ્રીય અસ્મિતા, એકતા અને સમૂહજીવનની ભાવનાને ખીલવવા અને દૃઢ કરવાની પણ તક મળે છે. ત્રણચાર વર્ષની તાલીમને અંતે કેટલા યે સાધારણ વિદ્યાર્થીઓને ખૂબ તેજસ્વી બનેલા મેં જોયા છે. અલબત્ત, એન. સી. સી. પાછળ સરકાર જે નાણું ખર્ચે છે તેના પ્રમાણમાં તેટલો લાભ વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવાતો નથી.

૫ યુવાનો માટે લશ્કરી તાલીમ ફરજિયાત ન બનાવી શકાય?

ઉ. ચીની આક્રમણ વખતે ફરજિયાત બનાવી હતી, પરંતુ અનેક કારણોસર એનું જોઈએ તેવું સારું પરિણામ આવ્યું નહિ. વળી, હાલના તબક્કે આર્થિક દૃષ્ટિએ પણ આપણા દેશને એ પોસાય એમ જણાતું નથી.

૬ મુંબાઈમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે આપ સેવા આપો છો. તો સાહિત્યના ક્ષેત્રમાંથી ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્ર તરફ કેવી રીતે વળ્યા?

ઉ. સાહિત્યક્ષેત્રમાં મારું કાર્ય હજી ચાલુ જ છે. પરંતુ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો અભ્યાસ વધવા સાથે ધર્મના સિદ્ધાન્તો સમજવાની જરૂર ઊભી થતાં એ ક્ષેત્રમાં મારો પ્રવેશ થયો, જે માટે સ્વ. પૂ. પુણ્યવિજયજી મહારાજનો હું ખૂબ ઋણી છું. ધાર્મિક વાચનથી, વળી એવી પ્રતીતિ પણ થતી ગઈ કે આધ્યાત્મિકતાનો આનંદ ઘણી વાર સાહિત્યના આનંદ કરતાં વધુ ચડિયાતો અને જીવનને વ્યાપકપણે સ્પર્શતો છે.

રમણલાલ ચી. શાહ

પચ્ચીસ વર્ષ પહેલાં

કલા

એપ્રિલ ૧૯૫૧-સળંગ અંક ૩૨૮

'કલા અને ઉદ્યોગ' એ વિષય ઉપર એ સમયે શ્રી રવિશંકર રાવળે આકાશવાણી ઉપરથી આપેલો વાર્તાલાપ આજથી પચીસ વર્ષ પહેલાં-ના અંકમાં ચિત્રો સાથે આવેલો તે યથાવત્ આજે પણ ઉપયોગી લાગશે:

પુરાણી વસ્તુઓનું એકાદ સંગ્રહસ્થાન જોવા તો તમે ગયા હશો જ. નહિ તો યે પુરાણી કથાઓ ને કાવ્યો તો સાંભળ્યાં હશે. તેમાં વિવિધ પ્રકારના પ્રસંગોનાં વર્ણનોમાં રૂપાળાં ઘરો, કોટ-કાંગરાં, રંગબેરંગી વસ્ત્રો, ચૂંદડીઓ, અવનવા નામવાળા અલંકારોની શોભા, ઘરના ટોડલા ઉપર કોતરેલાં પશુંપંખીઓ, હિંડોળા-ખાટો, ભીંત પરનાં ચાકળાં-તોરણો, તેમજ સુંદર બેઠકો ને ધજાપતાકાવાળાં વિમાન વાહનો વગેરેનાં વર્ણનો કરતાં એ કવિઓની કવિતા રસે ચડે છે. માનવજાતિએ હાથનાં આંગળાંથી કોઈ કામ એવું નથી છોડયું કે જેમાં તેણે કલ્પનાથી કોઈ નવી રચના કરી ન હોય ને પાછળથી તે પર રંગ અને નકશી મૂકયાં ન હોય.

હજારો વર્ષ પહેલાંના જંગલી માનવીએ વાળમાં ખોસવાની હાડકાની સળી ઉપર હરણનું મોં, સર્પ કે મોરની આકૃતિ પાડયા પછી જ તેની પૂર્ણતા માની છે. ટનના ટન પથ્થરે.થી બંધાએલા ઇજિપ્ત, સુમેર અને આસીરિયાનાં ખંડેર મંડપો માત્ર પશુ પરિશ્રમ નથી, એના પથ્થરે પથ્થર પર સલાટોનાં ટાંકણાએ સંસ્કૃતિનો ઇતિહાસ આલેખ્યો છે. સંસ્કૃતિની વાતો કરનારા આજે તો પુસ્તકો ને કાગળના થોકડા લઇને ચર્ચા કરે છે, અગર ભીંત પરનાં છાપેલાં ચિત્રો કે ફોટોગ્રાફો લઇને સંસ્કૃતિનો સ્વાદ અનુભવે છે; પણ તેઓ ભાગ્યે જ વિચાર કરે છે કે છાપખાનાએ પ્રચારેલી સંસ્કૃતિનો કાળ તો છેલ્લાં ૨૦૦-૫૦૦ વર્ષનો છે. તે પહેલાં હજારો વર્ષના માનવસંસારમાં તો જીવનના પ્રત્યેક વહેવારમાં. પ્રત્યેક પદાર્થમાં સંસ્કૃતિનાં રૂપો દ્વારા સૌન્દર્યનો ઉચ્છ્વાસ મહેકી રહ્યો હતો; કળા ને ઉદ્યોગ એકબીજાની તાળી ઝીલતાં હતાં. ભૂમિ તળ ઉપર કુંભારનો ચાકડો મંડાયો કે તરત તેનાં આંગળાંએ ઘડાના ઘેરાવ ને ગોળાવ પર સુંદરીઓનાં દેહલાલિત્યનો પ્રસાદ પાથર્યો. ક્રીટ, ગ્રીસ, મીસર, ચીન અને ભારતના પ્રાચીન ઘડાઓ જગતની કળાસમૃદ્ધિ બન્યા છે. પાણી ભરવાનાં પાત્રો જ માત્ર નહિ પણ ધૂપદાનો, યજ્ઞપાત્રો વગેરે પણ માનવીની પ્રિય ભાવનાનાં સ્વરૂપો બની ગયાં. અલંકારો, માળાઓ, કટિમેખલાઓ તેમજ વસ્ત્રયુગના આવવાની સાથે ફૂલ-વેલી અને ચિત્રભાતો માનવ-ઉદ્યોગોનો સળંગ પરિવાર કહી શકાય. કોઈ કાળે ઉદ્યોગ અને કળાનો સંબધ છૂટયો નથી.

પણ હજારો વર્ષના એ સુખદ સંપર્કનો અંત છેલ્લાં થોડાં જ વર્ષોમાં માણસની જ શોધોથી આવી ગયો છે. યંત્રોનાં ચક્રોએ ઉદ્યોગોને માણસના હાથમાંથી છીનવી લીધા એટલે હાથ-કરામત ને બુદ્ધિથી પદાર્થમાં તથા ઘાટમાં જે સામાજિક તત્ત્વ ઊતરી આવતું તે જોવાની આશા નષ્ટ થઈ. યંત્રથી નીકળતી વસ્તુઓમાં વ્યક્તિનું કૌશલ્ય, શોખ કે ભાવના પ્રગટ કરવાનું અશકય બન્યું. પરિણામ એ આવ્યું કે હાથઉદ્યોગની આખી સંસ્કૃતિનો વિનાશ થયો.


હાથથી ઉદ્યોગ ચાલતા ત્યારે કારીગર અને તેના ગ્રાહકો વચ્ચે એક પ્રકારનો સજીવ સંબંધ રહેતો હતો. શ્રીમંતો કારીગરોને પોતાના ઘર આગળ બેસાડી, ઘરનાં સૌ માણસોની રુચિ, વિચાર અને પસંદગીના ઘાટ કરાવતા અથવા તેમનાં ઘર-કારખાનામાં જઇને પસંદ પડતા નમૂના કરાવતા. તેથી કળાકૃતિઓમાં બનાવનાર અને વાપરનારનો સંબંધ વ્યક્ત થતો અને જનતામાં કારીગરીની પરખબુદ્ધિ આપોઆપ કેળવાતી. એ વખતે પ્રત્યેક જન કારીગરની કરામત અને વસ્તુની ઉત્તમતા સમજી શકતો.

યંત્રના યુગમાં પરિસ્થિતિ બદલાઈ છે. યંત્ર માલ કાઢવાનું એક સાધન છે; પણ તે તો મોટા જથ્થામાં એક જ પ્રકારનું ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે. આવું પ્રબળ સાધન માણસોએ જ ઉત્પન્ન કર્યું છે, અને એક માણસ તેનાં ઓજારો પર કાબૂ મેળવીને જે કૌશલ બતાવતો હતો તેવી રીતે યંત્રને પણ કાબૂમાં લેવાની યોજનાઓ વિચારાઈ રહી છે. નિષ્ણાત વિચારકો ચિંતવે છે કે વિશાળ પાયા પર માલ તૈયાર કરવાની સાથે માણસના જીવનના આદર્શો અને ઉદ્યોગ વચ્ચે ફરીવાર સંબંધ સ્થાપવા શું કરીએ જેથી સંતોષ અને આનંદની પ્રાપ્તિ થાય?

આપણે જોઈએ છીએ કે ઉદ્યોગની જંજાળમાં પડેલા માનવીઓને મન સૌંદર્ય, એ આજના યુગને માફક નહિ એવું કોઈ તત્ત્વ લાગે છે; અથવા એ કંઈક એવું છે, કે જે માત્ર પ્રદર્શનો તથા સંગ્રહસ્થાનોમાં પૂરી રાખવાનું છે! એમાં રસ લેનાર કોણ અને કેટલા? પુસ્તકો વાંચવાની નવરાશ હોય તે વળી તેમાંથી જાણે કે પ્રાચીન ભારત, ગ્રીસ કે મીસરમાં એક વખત સંસ્કૃતિ અને સૌંદર્ય હતાં, અને એ સૌંદર્ય છેલ્લાં બસો વર્ષમાં યંત્રો આવતાં અલોપ થઈ ગયાં. થોડા શ્રીમંતો અને સરકારોએ વળી પ્રાચીન ખંડેરોમાંથી થોડા વેરવિખેર નમૂના લાવી સંગ્રહસ્થાનો પણ બ[illegible] ખેતરમાં કામ કરતા ગ્રામજનો, મિલના કામદારો કે શહેરોની બસોમાં ભીડ કરતા ઉતારુઓમાંથી કોઈને આ સંગ્રહોનાં સૌન્દર્ય જોવાની પડી નથી. એટલે હવે તો બે ઉપાય છે: કાં તો સમયનું ઘડિયાળ પાછળ મૂકીને યંત્રોનો નાશ કરીને સુંદર પદાર્થો બનતા તે યુગની સાહાઈ પર ચાલ્યા જઈએ; અગર તો એવા જ કારીગરી અને સુંદરતાવાળા તથા મનોહર આકૃતિવાળા નમૂના યંત્રો પ સેથી કઢાવીએ. પણ ઇતિહાસક્રમથી વિચારીએ તો કેટલીક વાતો અશકય લાગશે. આજના જીવનમાં ઝડપ અને



△ દક્ષિણ હિંદની આરતી



-કોલોનિયલ કાળની અમેરિકન ખુરશી▷





ઈટાલીની યુદ્ધ-ઢાલ

ગતિ વધ્યાં છે. એમાં પણ યંત્રોનો પ્રબળ વિકાસ દેખાય છે. આ સાધનોથી માણસ આજે જગતનાં ઘણાં તત્ત્વો પર વિજય મેળવી શક્યો છે અને ઘણાની જરૂરિયાતો પૂરી પાડવા સમર્થ થયો છે. આવી પરિસ્થિતિને હાથની ગતિથી માનવી હવે પહોંચી શકે તેમ તો નથી જ. છતાં તેણે જીવનમાં સૌન્દર્યનાં કેટલાંક નવાં મૂલ્યો પારખ્યાં છે. આજે રસ્તે જતો માણસ પણ અજ્ઞાતપણે એ મૂલ્યો સમજવા લાગ્યો છે. તે મૂલ્યો સંગ્રહસ્થાનમાં રજૂ થએલા સૌન્દર્યયુક્ત પદાર્થોથી અથવા સંસ્કૃતિના અભ્યાસીઓ જેને 'કળા' કહેતા આવ્યા છે તેનાથી ભિન્ન પ્રકારનાં છે; તે દ્વારા યંત્રોએ પોતાનો દરજ્જો અને અધિકાર વધારી દીધા છે.


રોજબરોજ બજારોમાં મોટરોના નવાનવા ઘાટ આપણે જોઈએ છીએ. ટેલિફોન, રેડિયો અને એવા બીજા વપરાશના પદાર્થોમાં પ્લાસ્ટિક જેવી નવી રસાયણી બનાવટો અને નવાં જ રૂપો આપણે જોઈએ છીએ. એ બધાંની પાછળ જે તત્ત્વો છે તે ગણાવીએ તો સફાઈદાર ચોકસાઈ, સદી આકૃતિ, રચનામાં કરકસર અને જરૂરજોગું સુશોભન પણ દેખાશે.

આપણે જાણીએ છીએ કે ઔદ્યોગિક બનાવટો ચાલુ વપરાશ અને ઉપયોગના હેતુ માટે બનાવેલી હોય છે, એટલે તેનું મુખ્ય લક્ષણ તો એ જ હોય કે તેનાથી જ કાર્ય કરવાનું છે તે સગવડપૂર્વક અને સરસ રીતે થવું જોઇએ.





ચંપલ, મોજડી અને સપાટમાં સુધ્ધાં માનવીએ રસવૃત્તિ દાખવી તેને કલાથી અંકિત કરી છે.






એ પછી જ; તેના પ્રતિ માણસનું આકર્ષણ થાય તથા જોવાથી અણગમો ન થાય તેવાં રૂપ અને શણગાર તેને આપવામાં આવે છે, એટલે કે કળા તેને દેહ ઘડી આપે છે, આમ કરતાં તેનાં પ્રમાણોનો, કદના કે સમાવેશ-શક્તિનો હિસાબ કરવો જોઇએ, એ બધાં બરોબર સંચવાવાં જોઇએ. આટલા વિચાર સાથે આપણે નવી મોટરો, એરોપ્લેનો અને એન્જિનો તરફ નજર કરીશું તો તેમનાં યંત્રોને યુક્તિપૂર્વક ઢાંકીને તેમનાં કલેવર ઉપર સુંદરતા, સફાઈ ને સગવડ આપવા નવીન કળાતત્ત્વ પ્રકટ થયું છે. આથી સમજાશે કે યંત્રયુગમાં આવી બધી પ્રયોજનયુક્ત વસ્તુઓની રચના કરવાની સાથે તેને કલામય રૂપ આપનાર વળી બીજી જ વ્યક્તિ હોય છે. તે એ યંત્રની વિચિત્રતાઓ ઢાંકવા માટે સૌન્દર્યનાં તત્ત્વોની યોજના કરે છે.


પહેલાંના વખતમાં તો વસ્તુ તૈયાર કરનારમાં પોતાનામાં જ ક્રિયાશક્તિ અને કળાશક્તિ એકીસાથે હતાં, એટલે તે પોતાનાં ઓજારોથી વણાટ કે શિલ્પમાં કલાપૂર્ણ નમૂના ઊપજાવી શકતો ને પોતાના ઘરાકની ઇચ્છાઓ સીધા સંપર્કથી સમજી શકતો. પણ આપણે હવે ગયા જમાનાની નકલ પર જઈ શકીએ તેમ નથી, જે અલંકારો અને આકૃતિઓ અમુક યુગમાં શોભતાં હતાં, તે પછીના યુગમાં સ્વાભાવિક રીતે બદલાતાં રહ્યાં છે.

પ્રત્યેક યુગે યુગના ઉદ્યોગની બનાવટોમાં તે તે યુગના ચાલુ જીવનમાં કામ લાગે અને સાથે શોભી ઊઠે એવી છાપ પ્રકટવી જોઈએ. આની કાળજી રાખવી તે એ બનાવટો બહાર પાડનાર માલિકો ને કારીગરોના જ હાથની વાત છે. એટલે તેમના મનમાં એવો ખટકો હોવો જોઇએ કે તેમના નમૂનામાં વપરાતા પદાર્થોની રચના અને આકારમાં કોઈ પણ જાતનું ખુટામણ તથા શિથિલતા ન આવે.

આપણે જોયું કે હવે એકલો કારીગર કે કારખાનદાર દુનિયાની વધતી જતી માગણીને પહોંચી શકે તેમ નથી અને સંચાનું સાધન વાપર્યે જ છૂટકો છે સાથે બીજો એ પણ ભય છે કે સંચા પર ચઢાવેલો નમૂનો ખરાબ કે બેડોળ આકૃતિવાળો અગર વધુપડતા અલંકાર-







યંત્રયુગ આવ્યા પછી માનવીએ યંત્રની રોજિંદા વપરાશની ચીજોની બનાવટમાં વિચિત્રતાઓ ઢાંકીને કલાનાં સ્વરૂપો દાખલ કર્યાં છે. એ પ્રયોજનયુક્ત કલામાં તે તે વસ્તુ પોતાની કામગીરી વધુમાં વધુ પ્રમાણમાં, સરળતા-સગવડ સાથે ઓછામાં ઓછી જગ્યા રોકે એવા વિચારપૂર્વકની સાદી સુરૂપતા આપવાના પ્રયત્ન થાય છે તેને અંગ્રેજીમાં 'સ્ટ્રીમ લાઈન' કહે છે. ઉપર ડાબી બાજુથી સ્ટ્રીમ લાઈન્ડ ટાઈપ રાઈટર, ચાની કિટલી ને ટેબલલૅમ્પ.

વાળો તેમજ નમાળીપોચી બનાવટનો થયો તો તેના પરિણામે ઉદ્યોગ પાછળ નભતા સર્વ પરિવારને શોષવું પડે છે; એટલું જ નહિ પણ કોઈ ધનલોભી કે મૂર્ખના હાથમાં યંત્ર પડેલું હોય તો કલાને દેશવટો દેવાઇને કદરૂપા આકારો ને બનાવટોનો ફેલાવો મોટા પ્રમાણમાં થઈ જાય ને લોકોને હલકી વસ્તુ વાપરવાનો ચેપ લાગે ને સુરુચિનો નાશ થાય. પણ જો કળાના સિદ્ધાંતો પ્રમાણે સુરૂપતા વ્યવસ્થિત રચના તથા વપરાશમાં પૂર્ણ સગવડવાળી બનાવવામાં આવે તો તે ધંધાની દૃષ્ટિએ લાભકર્તા તેમજ પ્રજાની સંસ્કૃતિમાં અભિવૃદ્ધિ કરનાર બને.

સામાન્ય માણસ પણ તેના રોજના વપરાશના પદાર્થો સગવડભર્યા ને સાથે સુંદર ઘાટના વાપરી શકે એવો આદર્શ આજના ઉદ્યોગપતિઓનો હોવો જોઇએ. તેમની નજરમાં માત્ર વેચાણ કરનારની શકિત જ ન હોય. પણ જાહેર જનતાને રાહત, સસ્તાઈ અને શોભાવાળી વસ્તુ પહોંચાડવાની તેમની ફરજ છે. આ હેતુ પાર પાડવાને બનાવટનો મર્મ સમજનારા સર્જક કળાકારોનો સાથ મેળવવા તેમણે આગ્રહ રાખવો પડશે. એવા કળાકારોની તાલીમ અને સમજ માટે યોગ્ય સંસ્થાઓ નિર્માણ કરવી પડશે અને તે માટેના ખર્ચમાં સરકારે પ્રજાને પૂર્ણ સાથ આપવો જોઈશે. આપણા ઉદ્યોગમાં જો કોઈ મોટી ખામી હોય તો તે રૂપરચનાનો અભાવ અને ખરાબ વસ્તુઓનો વપરાશ છે. તે સાથે કારીગરોનાં શોભાવિહીન નિવાસગૃહ ને કચરાપટ્ટીવાળા લત્તા નાબૂદ કરવા જોઈએ. તેમનાં શિક્ષણ, તાલીમ તેમજ જીવન-સુધારણાના અભાવે તેમની પાસેથી ઉત્તમ બનાવટોની આશા વ્યર્થ છે.

પણ આપણે ધીરજ રાખવી પડશે. શરૂનાં દસ હજાર વર્ષના ઇતિહાસ પછી હજી હમણાં છેલ્લાં દોઢસો વર્ષમાં જ યંત્રોએ આપણા જીવનમાં પ્રવેશ કર્યો છે. તેમાં પણ છેલ્લાં ત્રીસ વર્ષોનું આક્રમણ જગતમાં એક ચમત્કારિક ક્રાન્તિ કરી રહ્યું છે. તેને લીધે આપણે આપણા સ્વાભાવિક જીવનધોરણ પરથી લથડી ગયા છીએ, ને સૌંદર્યસર્જનની પ્રાણપ્રેરક ચીજથી વિખૂટા પડી ગયા છીએ. આપણે જલ્દી સજાગ બનવું જોઈશે અને આપણા કલાકારો અને કારીગરોને તાલીમ આપી યંત્ર પાસેથી ઉત્કૃષ્ટ કામ લેતા કરવા પડશે.

યંત્રનો ઉપયોગ સ્પર્ધા કે ભાવ કાપવાની શક્તિ કે હાથકૃતિઓની નકલ માટે થાય તે નિંદનીય ગણાવું જોઈએ. વળી યંત્રો દ્વારા કદરૂપી ને આડંબરી વસ્તુઓનું ઉત્પન્ન કાયદાના અંકુશ નીચે મૂકવું જોઈએ. કોઈને અરૂપતા કોઈ રીતે ગમતી હોય જ નહિ. તેનું અસ્તિત્વ હશે ત્યાં સુધી તેની આકરી ને માઠી અસર પ્રજાના દરેક ઘરને ઊધઈની જેમ કોરી ખાશે. યંત્રો દ્વારા કલાત્મક સુંદર વસ્તુઓ સામાન્ય જનતાને જથ્થાબંધ મળતી થશે ત્યારે ઘરેઘરમાં જીવનની નવી હવા મળશે.


માનવીની કેળવણીમાં દરેક પ્રકારનાં સ્વરૂપો દ્વારા સૌંદર્યબુદ્ધિનો વિકાસ કરવો બહુ જરૂરી છે. શિશુવયથી જ બાળકોને પ્રત્યેક પદાર્થ તપાસવાની, સરખાવવાની તથા તેની કિંમત સમજવાની તાલીમ મળવી જોઈએ. આંખની આવી શક્તિ તેના મનને ઉત્તમ અનુભવો આપનારી થશે. માણસે બનાવેલ કે કુદરતે સર્જેલ સૌંદર્ય પ્રતિ આકર્ષણ થવાથી તેના નૈતિક બંધારણમાંયે ઘણો મહત્ત્વનો ફાળો મળે છે. લોકો રોજની વપરાશ માટે જે પદાર્થો ભેગા કરે છે તે બધા સુંદર ઘાટના હોય તો તેના દર્શનથી આનંદ થાય છે અને સાધારણ અજંપો કે ઉકળાટ ઓછો કે દૂર થઈ શકે છે. કયા અને કેટલા ધંધામાં થોડા કે વધતે અંશે કળાનો હિસ્સો કે અસર છે તેનો વિચાર કરો; તે વડે ધંધાઉદ્યોગમાં કેટલો લાભ ઊતર્યો છે તે પણ જુઓ; પછી દેશભરમાં કળાની નવી તાલીમ અને સિદ્ધાંતો કારીગરોનાં શિક્ષણમાં દાખલ કરો. તે પછી ખાત્રી થશે કે ધંધામાં તે કેટલું ફળદાતા બને છે. બીજી પ્રજાઓ જોઈ શકી છે કે કળાના સંપર્કથી તેમના ઉદ્યોગધંધામાં તેઓ આપણા દેશના ઉદ્યોગપતિઓ કરતાં વધારે લાભ મેળવી શકે છે.

યંત્રોનાં પ્રબળ સાધનોથી સજ્જ અને વ્યાપક શક્તિ ધરાવતા આજના ઉદ્યોગો ધારે તો કળાની સ્વભાવસિદ્ધ વરદ છાયા જનતા ઉપર પ્રસારી શકે. સૌથી અસરકારક સાધન તેમની પાસે આજે છે, ને ઉદ્યોગોની આબાદી માટે પણ એ જ ખરો માર્ગ છે. નગરો, ઘરો અને પદાર્થોમાં વ્યવહારની સરળતા, સગવડ, સાદાઈ અને ટકાઉપણા સાથે સૌંદર્ય પણ રોજના જીવનનાં વપરાશ અને દર્શન માટે મેળવવાથી સંતોષ, સુખ અને આનંદ મળતાં પ્રજામાં શક્તિ અને ઉલ્લાસ વધશે. કળા અને ઉદ્યોગનો સંબંધ એટલા ખાતર ખાસ આવશ્યક બને છે. □

શતરંજનો કોયડો

સુરેશ મોદી

ટી. આર. ડૉસન રચિત આ એક Fairy chess કોયડો છે. એમાં g4, g7, h4 અને h7 ખાનાં પર કાળા ઊંધા ઘોડા છે. તેને Nightrider (N) કહે છે. આ N એક જ દિશામાં ઘોડાની બે કે ત્રણ ચાલ એકસાથે પણ ચાલી શકે છે. દા. ત. g4 પરનો N, E5 અને c6 પર થઇને છેક a7 પરના કાળા પ્યાદાનું રક્ષણ કરે છે. અલબત્ત, જો E5 કે c6 પર કોઈ મહોરું આવી જાય તો કાળા પ્યાદાને Nનું રક્ષણ રહે નહિ. આ રીતે જો E3 પર કાળું પ્યાદુ ન હોત તો કાળો N(g4) c2 પરના સફેદ ઘોડાને મારીને શેહ આપી શકત



કાળાના કોઈ પણ બચાવ સામે સફેદે તેને બે જ ચાલમાં મ્હાત કરવાનો છે. (ઉકેલ નીચે)

ઉકેલ: અહીં ઘોડા-Knight માટે જર્મન શબ્દ Springen ટૂંકા રૂપ 'S'નો ઉપયોગ કર્યો છે. જ્યારે નાઈટરાઈડર (ઊંધા દર્શાવેલા ઘોડા) માટે Nનો.

Key Move: 1 Qa8. (ધમકી નથી–Waiting move છે) મુખ્ય Variations–વિકલ્પો આ પ્રમાણે છે:

1..., Rc6 કે RE5; 2 Qa×7.

1..., RE6 કે RC5; 2 R×a4.

1..., Rd6 કે Rf5 યા Nh4b7; 2Q(×)b7.


1..., Rf6 કે Rd5 યા Nh7b4; 2S(×)b4.

1..., Nb7f6 કે Ng7E6 યા Ng4c6, અથવા Nh4d6 કે પછી Rb6; 2 R(×)b6.

1..., Nb4f5 કે Ng4ES અથવા Nh7d5 યા Ng7c5; 2 B×b5.

આ વિકલ્પોમાં જે છ મ્હાત બતાવ્યા છે. તેમાંથી એક પણ કાળાની ચાલ પહેલાં શક્ય નથી. પણ કાળો ગમે તે ચાલે તેનું એક મ્હોરું બીજા કોઈ મ્હોરાની લાઈનમાં આડું આવે છે અને તેનો અમુક ખાના પરનો કાબૂ નષ્ટ થાય છે. પરિણામે મ્હાત શક્ય બને છે. નાઈટરાઈડર ને હાથી વચ્ચેનું આ આઠ ખાનાં પરનું mutual interference છે. આ કોયડાના ઉકેલમાં ૬ Thematic વિકલ્પ અને છ વિવિધ મ્હાત છે. ટી. આર. ડૉસનનો આ કોયડો Organpipe deluxe નામે ઓળખાય છે.

વૃક્ષ-વેલ-પરિચય (૪૪) ઊંડી



ઊંડી કહીએ તો તદ્દન અજાણ્યું નામ લાગે, પણ 'નાગચંપો' કે 'સુલતાન ચંપો' પરિચિત લાગશે. ઊંડીનાં જ એ નામ છે. ગમે તેવી પાનખરમાં યે લીલું કુંજાર રહેતું એ સદાપર્ણી વૃક્ષ છે.

ભારતમાં મુખ્યત્વે દરિયાકાંઠાના પ્રદેશમાં અને આંદામાન ટાપુઓ, સીલોન, બ્રહ્મદેશ, મલાયા, ઑસ્ટ્રેલિયા, પૉલીનેશિયા ને પૂર્વ આફ્રિકામાં જાણીતા આ વૃક્ષનું કદ મધ્યમ કદનું ને ભરાવદાર. એકબીજાં સામે જોડમાં ઊગેલાં, પહોળા અંડાકાર ને ટોચે પાછી વળતી ગોળ ખાંચવાળાં, જાડાં ને ઘેરા લીલા રંગનાં ચળકતાં તથા અર્ધા વેઢા જેટલી લાંબી જાડી ચપટી દાંડીવાળાં પાનથી આ વૃક્ષ બહુ શોભે છે.

ઊંડીનાં ફૂલ છૂટાં પણ જથ્થામાં, લાંબી ફૂલદાંડી પર લગભગ ગોળાકાર જેવી ચાર શ્વેત-પાંખડી અને મધુર સુવાસવાળાં. એના અનેક પુંકેસર ચારથી છના જૂથમાં જોડાએલાં તથા સ્ત્રીકેસર બિલાડીના ટોપ જેવી ટોચવાળાં. ફળ ત્રણેક સેન્ટીમીટરનું ગોળ લીસું અને પાકે ત્યારે પીળું, ઓછા ગર્ભે ને અંદર બીજવાળું. આ બીજ વડે ઊંડી ઊગે.

બીજમાંથી લીલાશપડતું ચીકણું ને અપ્રિય વાસ ને સ્વાદવાળું તેલ નીકળે છે. બાળવામાં, સાબુ તથા વૉર્નિશ બનાવવામાં અને ઘારાં, ખસ, સંધિવા વગેરેમાં ઓષધ તરીકે ઉપયોગી. એનો કડવો ખોળ ખાતર તરીકે વપરાય.

ઊંડીની છાલ લીસી ને રાખોડી. એમાંથી પીળાશ પડતો લીલો સુગંધી ગુંદર ઝરે છે. અત્તરમાં એ વપરાય. ઘામાં દુઃખ ઓછું કરનાર ને જલ્દી મટાડનાર પણ મનાય છે. વળી, તીક્ષ્ણ સ્વાદવાળી, ઉષ્ણ અને ગ્રાહી હોઈ ઊંડીની છાલ કફનાશક વાત-તથા બાધક હોઈ આંતરિક રક્તસ્રાવમાં ઉપયોગી ગણાય છે.

ઊંડીનું લાકડું રાતું-ભૂરું, સાધારણ કઠણ અને ખૂબ ટકાઉ હોઈ થાંભલા, વહાણના સઢના થંભ, હાથશાળ, ઘાણી, કોલુ, બાંધકામ ને રાચરચીલાં માટે ઉત્તમ ગણાય છે.

રસ્તાઓની આજુબાજુ ઉગાડવા માટે આ એક સુંદર વૃક્ષ છે.



અગ્રપૂજકો

આદર્શે અનુરક્ત ભક્ત હૃદયો સદ્ધર્મસેવા તણી
આરંભી શુભ સાધના શુચિ મને, આવે સમો તે સમે
આનંદે વ્રતવેદિની ભભકતી આગે સ્વસર્વસ્વનું
આપી દે બલિદાન, પ્રાણ પરની પ્રીતિ ત્યજી પામરા.

—પૂજાલાલ

ચંદ્રવદન મહેતા પંચોતેરમે

ઇંડિયન નૅશનલ થીએટરે તાજેતરમાં મુંબાઈમાં ભારતીય વિદ્યાભવનમાં 'કુમાર'ના સુપરિચિત ચંદ્રવદન ચીમનલાલ મહેતાની ૭૫મી જન્મજયંતીનિમિત્તે અમૃત મહોત્સવ ઊજવ્યો. (જન્મ: સૂરતમાં ૬-૪-૧૯૦૧ને દિને). 'સી. સી.', 'ચં. ચી.' યા 'ચાંદામામા'ના હુલામણા નામે સૌ ગુજરાતી-બિનગુજરાતીઓમાં પણ તેઓ સુપરિચિત છે. કવિતા, નાટક, નવલકથા, વિવેચન, નવલિકા, ચરિત્રો, ચરિત્રાત્મક રેડિયોરૂપકો, સંશોધનો, એકાંકીઓ, જીવનકથા અને આત્મકથા જેવાં સાહિત્યનાં વિધવિધ સ્વરૂપો એમની કલમનો કલાત્મક સ્પર્શ પામ્યાં છે. એના ફલસ્વરૂપ છેલ્લાં પચાસ વર્ષોમાં એમણે પંચોતર જેટલાં પુસ્તકો આપણને આપ્યાં છે. આજે ૭૫ વર્ષની વયે પણ યુવાનોને વિચારતા કરી મૂકે એવા તરવરાટથી ફરતા-હરતા આ ચિર-પ્રવાસી નિત નવું, નવલું કંઈક ને કંઈક ખોળતા ખંખોળતા જ રહે છે. ગયે વર્ષે મુંબાઈ યુનિવર્સિટીના ઉપક્રમે એમણે ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળામાં 'વાક્' ઈત્યાદિ પાંચ વિષયો ઉપર તલસ્પર્શી, વિદ્વત્તાપૂર્ણ ને સંશોધનસભર આપેલાં વ્યાખ્યાન આના ઉદાહરણ રૂપ છે. તાજેતરમાં ઇજિપ્તની ભૂમિમાંથી ચાર હજાર વર્ષ પહેલાંનું, ગ્રીક નાટકો કરતાં ય જૂનું, એક નાટક એ શોધી લાવ્યા છે.

પ્રવૃત્તિએ નિત્યયુવાન, પ્રકૃતિએ ધૂની, મસ્તરામ અને આખાબોલા; સાવ સ્વતંત્ર મિજાજ અને એની માવજતની અપાર ખુમારી, અને એની સુરક્ષા માટે ગમે તે હદે જવા તૈયાર; ટીખળી, મશ્કરા, આનંદી; સમયની પાબંધીને જીવલેણ રોગ વળગ્યો હોવાની બાપોકાર જાહેરાત કરનાર ને એ માટે ગમે તેવી કડવાશ વહોરવા-વેઠવા સદૈવ તત્પર; પ્રચાર, પ્રસાર અને પ્રવાસ અને એના આયોજનની કલાના એક અજોડ નિષ્ણાત; અને એમના જ એક પુરોગામી સુરતી ફક્કડ લાલા સહેલાણી વીર નર્મદે જેમ કલમને ખોળે માથું મૂક્યું તેમ રંગદેવતાને ખોળે માથું મૂકનાર ચંદ્રવદનનું નાટ્યસૃષ્ટિના એક અનુપમ સર્જક લેખે સન્માન થાય તે સર્વથા સમુચિત છે.

ટ્રેવેલીઅનના 'ધ પર્લ ટ્રી'નો 'પ્રેમનું મોતી' નામે અનુવાદ કરી ૧૯૨૫માંએ ભજવ્યું ત્યારથી તે ૧૯૭૪માં પ્રકટ થએલાં 'ચંદ્રવદનનાં પ્રતિનિધિ એકાંકીઓ' સુધીમાંથી છવ્વીસ જેટલી કૃતિઓ તો નાટકની જ છે. આમાં યે છ-એક તો સંગ્રહો છે. આ ઉપરાંત, લખાઈ, ભજવાઈ ચૂકેલાં પરંતુ હજી ગ્રંથસ્થ ન થએલાં નાટકોની સંખ્યા પણ ઘણી મોટી છે. આમ, સ્થળ-સંખ્યાની દૃષ્ટિએ જોતાં પણ ચંદ્રવદનનું નાટ્યપ્રદાન અત્યંત ધ્યાનપાત્ર છે. ગુજરાતીના બીજા કોઈ નાટકકારે કદાચ એકધારાં પચાસ વર્ષો સુધી નાટકો નહિ લખ્યાં હોય! ભાગ્યે જ કોઈ કે એમના જેવું આહ્લાદક અને આસ્વાદ્ય નાટ્યવૈવિધ્ય ગુજરાતને ચરણે ધર્યું હશે. આ દૃષ્ટિએ એમને ગુજરાતના એક અપ્રતિમ નાટ્યતપસ્વી કહેવામાં વાંધો નથી.



આનંદ અને ગૌરવ લેવા જેવી એક હકીકત એ છે કે ગુજરાતના આ નાટકકારે છેલ્લા બે દાયકામાં આંતરરાષ્ટ્રીય નાટ્યક્ષેત્રે અને

—આપણાં વ્રત-ઉત્સવ—

ગંગાસપ્તમી

કેટલાંક વ્રતો કાલક્રમે સમાજસ્મૃતિ અને માનવ વ્યવહારોમાંથી લુપ્ત થતાં ગયાં છે. તેમાંનું એક છે વૈશાખ સુદ સાતમનું ગંગાસપ્તમી વ્રત. 'પૃથ્વીચંદ્રોદય' નામક ગ્રંથમાં, આ દિવસે ગંગાની ઉત્પત્તિ થએલી એ રીતે, તેનો મહિમા કરી ગંગાની પૂજાનો વિધિનિર્દેશ કરવામાં આવ્યો છે. પૌરાણિક કથા કહે છે કે વૈશાખ સુદ સાતમને દિવસે જાહ્નુ નામના ઋષિ ક્રોધાવેશથી ગંગાને પી ગયા હતા, અને પછી ક્રોધશમન થતાં પોતાના જમણા કાનમાંથી ગંગાને બહાર કાઢ્યાં હતાં. આથી પ્રજા-જીવનમાં અને પ્રજાહૃદયમાં ઉચ્ચ સ્થાન પામનાર જીવનપોષક માતૃ-સ્વરૂપ આ નદીના વ્રતને ગંગાસપ્તમી નામ અપાએલું.

આ દિવસે ગંગાપૂજનનો મહિમા બતાવાએલો છે. 'હરિવંશ' પણ કહે છે કે એક વર્ષ સુધી પ્રાતઃસ્નાન કરી વ્રતને અંતે દાન વગેરેથી તેની ઉજવણી કરવી. આ વ્રત તે જ ઉમાદેવીનું વ્રત છે. પરોઢિયે ગંગાજળથી જે સ્ત્રી એક વર્ષ સુધી સ્નાન કરે છે તે ઇચ્છિત ફલને પ્રાપ્ત કરે છે અને પોતાના પુણ્યોદયથી ૨૧ કુળને તારે છે. વળી, આખું વર્ષ આ વ્રત શક્ય ન હોય તો શુભ સંકલ્પથી વૈશાખ સુદ સાતમના દિવસે ગંગાસ્નાન કરી બ્રહ્મપૂજા કરી યથાશક્તિ દાન કરવું. આમ, એક દિવસ પણ આ વ્રતને પાળનાર મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થાય છે. વળી, આ ગંગાસપ્તમી મધ્યાહ્ન સુધી પહોંચતી હોય તે જ લેવી એમ પણ કહેવાયું છે; પરન્તુ જો બે સાતમ હોય અને બન્ને બપોર સુધી વ્યાપ્ત હોય અથવા બન્ને બપોર સુધી ન પહોંચતી હોય અથવા બન્ને બપોર સુધી થોડી જ પહોંચતી હોય તો પહેલી સાતમને જ 'ગંગાસપ્તમી'ના વ્રત તરીકે ગણવી.

આ રીતે જીવનપોષક નદીનો મહિમા દર્શાવનાર આ વ્રત માનવ-જીવનમાં ત્યાગનું મહત્ત્વ પણ પ્રકટાવી જાય છે. દાન દ્વારા સ્વનો હક જતો કરવાની વ્રતોત્સવોની રીતરસમ આપણા સામાજિક ઉત્થાનમાં સવિશેષ મહત્ત્વનું પ્રકરણ બની રહે છે. એ સંભવિત છે કે મનવાંછિત ફલપ્રાપ્તિની લાલચનો માર્ગ બતાવી અન્યને માટે—ખાસ તો બ્રાહ્મણને માટે, કે જેઓ સમાજ અને વ્યક્તિશિક્ષણમાં પોતાનું જીવન સમર્પતા હતા—પોતા-નામાંથી થોડો હિસ્સો કાઢવાનો સામાજિક ખયાલ આમ માનસશાસ્ત્રીય રીતે કામયાબ કરવાનો આરંભમાં પ્રયાસ થયો હોય. અને જેમ જેમ માનવનો વધુ વિકાસ થતો ગયો, તેની સમજશક્તિ વધુ પાંગરતી ગઈ તેમતેમ ફલની આશા વગર પણ ત્યાગની ભાવના કેળવવાનો બોધ અ-પાતો-ગ્રહાતો ગયો. આ વ્રત પણ આ રીતે ગંગા દ્વારા પ્રતીકાત્મક રીતે નદીની ઉપયોગિતાનો, દાનદ્વારા સામાજિક ભાવનાનો અને વ્યક્તિજીવન તેમજ મનની શુચિતાનો મહિમા ચીંધી રહે છે. □

વિદેશમાં નાટકશિક્ષણક્ષેત્રે ભારતના પ્રતિનિધિ લેખે ગજબનું ગજું કાઢ્યું છે અને ચર્ચાગોષ્ઠિ, સભાપરિષદ, સંવાદપરિસંવાદ અને નાટ્ય રજૂઆતો તથા સર્વેના સંચાલન સંકલન સમાપન ઈત્યાદિનાં સૂત્રો સંભાળી ભલભલા વિદેશી નાટ્યમનીષીઓનાં માનસન્માન ને વહાલ-વાહવાહ મેળવ્યાં છે. નાટ્ય-કલાના એક અધિકારી ભારતીય તરીકે થએલો ચંદ્રવદનનો સર્વદેશીય સ્વીકાર, આપણા સૌ માટે ગર્વગૌરવ-નો વિષય અવશ્ય છે.

મોડા મોડા તો ય માભોમમાં પણ ચંદ્રવદનનાં સમુચિત સન્માન થયાં છે ખરાં. 'પદ્મશ્રી'નું માન અને ૧૯૭૨ના એક જ વર્ષમાં નજીવા સમયાંતરે સાહિત્ય અકાદમી અને લલિતકલા અકાદમી તરફથી એમને મળેલા કેન્દ્રના પુરસ્કારો એમની અવિરત સાહિત્યોપાસના ને વિશિષ્ટ નાટ્યસેવાને અંજલિરૂપ છે. વર્ષો પૂર્વે ઘરઆંગણે એમને થએલાં મહત્વ-નાં અર્પણ તે રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રક. રાજ્ય દ્વારા એક નિશ્ચિત વર્ષ દરમિયાનની અથવા ચોક્કસ સમયાવધિ દર-મિયાનની ઉત્તમ સાહિત્યકૃતિઓને પ્રાપ્ત થતા પુરસ્કારો પારિતોષિકોથી પણ એમની કૃતિઓ અલંકૃત બની છે.

સદ્‌ગત સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ અને કેશવ હર્ષદ ધ્રુવ જેવી ધુરંધર વિભૂતિઓ ચંદ્રવદનના સાહિત્યક્ષેત્ર-પ્રવેશ માટે નિ-મિત્ત બની હતી અને ત્રીસી દરમિયાનના ગાંધીજીના સત્યાગ્રહ સંગ્રામ સાથે એક વિશિષ્ટ રીતે સંકળાવાને કારણે ચંદ્રવદનને ગુજરાતી ભાષા પાસેથી જે રીતે કામ લેવું પડ્યું હતું એ યાદ કરીએ છીએ ત્યારે એમનાં લખાણોમાં 'ક્લાસિસીઝમ', 'રોમાન્ટિસીઝમ' અને 'ફોક'ના ત્રિવેણી-સંગમના રહસ્યની કંઈક ઝાંખી આપણને થઈ જાય છે. એમની 'ગઠરિયાં'-માં ભાષાની ભવ્યતા, ભાવમયતા અને ભદ્રતા અદ્‌ભુતરૂપે મુખરિત થઈ છે. ગુજરાતી ગદ્યનાં કેટલાંક ખૂબ સોહામણાં મણિમૌક્તિકો 'ગઠરિયાં'-નાં અનેક પાનાંમાં ઠેરઠેર વેરાએલાં સહેજે જોઈ શકાય છે.

નાટક વિષેની ચંદ્રવદનની લગની-લગન નાટ્યસર્જનની વિપુલતામાં જ પર્યાપ્ત નથી થતાં. 'નાટ્યરંગ' અને 'રૂપ ગઠરિયાં' સાક્ષી પૂરે છે તેમ એમણે આપણાં તેમજ પારકાં-પરદેશી અસંખ્ય નાટકો જોયાં છે ને એ સ-ર્વેના રસમય સારરહસ્ય-કલાનિયોજન એમણે માણ્યાં પ્રમાણ્યાં ને પીર-સ્યાં છે. એ નાટ્યકાર, નાટ્યજ્ઞ, નાટ્યવિવેચક, સંશોધક ને સંયોજક પણ છે. નિર્માતા, અભિનેતા તથા સૂત્રધાર સ્વરૂપે પણ એ અનેક વાર ઝળક્યા છે. 'આગગાડી', 'નર્મદ', 'રંગલીલા', 'નરસૈંયો' ઈત્યાદિ રજૂઆતો ગુજરાતની નવી રંગભૂમિનાં સોપાનો અને અવિસ્મરણીય સીમાચિહ્ન હોવા વિષે બે મત ભાગ્યે જ હશે. આજે બે દાયકાથી પણ વધુ સમય થયાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (વડોદરા) અને ગુજરાત વિદ્યા-પીઠ (અમદાવાદ) સાથે એ સંકળાએલા છે અને એક અધ્યાપકની હેસિયતથી આ બે સંસ્થાઓને માનાર્હ સેવાઓ આપે છે. આ રીતે પોતાના આજીવન અભ્યાસવિષય સાથે તાદાત્મ્ય જાળવી રાખવાનું સુગમ બન્યું છે એ એમના જીવનનું પરમ સૌભાગ્ય છે. ભાતીગળ જીવનનું આ એક અત્યંત સુમધુર અને સુખદ સંભારણું હોવા વિષે એ પોતે ય જરૂર સંમત થશે. છેલ્લાં અનેક વર્ષોના વિદેશ-વાસ-પ્રવાસે એમને અનેક દેશોની અનેક નાટકશાળાઓ જોઈ લેવાની, સમકાલીન નાટ્યપ્રવૃત્તિના સર્વાંગીણ નિરીક્ષણની, અનેકવિધ ઉત્તમોત્તમ લેખકો, દિગ્દર્શકો અને નાટકની સંવિધાનકલા તથા તંત્રવિદ્યાના અડીખમ અને અનેરા મર્મીઓ સાથે ગાઢ, પ્રત્યક્ષ, પરિચયમાં આવવાની એવી અનેરી અને સોનેરી તક પૂરી પાડી છે કે 'ગઠરિયાં'ના વિવિધ ભાગોનું વાચન આપણને અ-નાયાસ જ એ મનોહારી રૂપસૃષ્ટિની ભીતરમાં લઈ જઈ એનું રંગેગુલાલ ભર્યું દર્શન કરાવી દે છે.

ક્યારેક ક્યારેક સવાલ થઈ આવે છે કે ગુજરાત એમને સદૈવ હોંસેહોંસે યાદ કરશે તે કયા સ્વરૂપે? ગુજરાતની ભૂમિ-ભૂગોળ-ભાષાને અજબની સજીવતા અર્પતા કલાકાર તરીકે? કવિ, કથાકાર, વિવેચક, વિ-શિષ્ટ ગદ્યના સર્જક, ચરિત્રકાર, રેડિયો નાટક-રૂપકના અપ્રતિમ સર્જનહાર કે નાટકકાર તરીકે? નિર્માતા, અભિનેતા, દિગ્દર્શક કે સૂત્રધાર તરીકે? કે ગુજરાતી ભાષાનું સામર્થ્ય સુપેરે પ્રકટ કરનાર બહુશ્રુત વક્તા તરીકે? કે ના-ટ્યાચાર્ય તરીકે? એમની પ્રકટ કૃતિઓમાં 'ગઠરિયાં', ને સર્વોચ્ચ સ્થાને સ્થાપીએ તો પણ એમાં સાંપડતો એમની સર્જનાત્મક કલાનો સર્વોત્તમ અંશ તો નાટકનો જ છે. એ નિસ્સંદેહ છે કે ગુજરાત એમને નિરંતર સંભારશે તે એક અનોખા, અનેરા નાટકકાર તરીકે જ.

મોગરો

બગીચાઓમાં હવે ઠેર ઠેર સફેદ અને સુગંધીદાર મોગરાની બહાર ફેલાશે. તેનું લૅટિન નામ છે Jasminum Sambac. તેનાં ગોળાકાર અને ચમકતાં પાન સામસામાં હોય છે. ઉપપત્ર હોતાં નથી. તેના વેલ-

મોગરો, બટ-મોગરો, સાદો મોગરો વગેરે પ્રકારો પ્રચલિત છે. તેની મધુર સુગંધને લીધે તે સર્વપ્રિય છે અને સૌ તેને વિવિધરૂપે ધારણ કરે છે, પણ તેના ઔષધીય ગુણો બહુ ઓછા જાણે છે. તે જોઈએ :

૧) ઘા જલદી રુઝાતો ન હોય તો તેનાં પાનને વાટીને લૂગદી બનાવી તે ઘા પર મૂકી પાટો બાંધી દેવો. દરરોજ ઘા તેના પાનના ઉકાળાથી સાફ કરવો. થોડા દિવસોમાં જ ઘા રુઝાઈ જાય છે. ૨) નવપ્રસૂતા સ્ત્રીઓને બાળક ગુજરી જાય ત્યારે સ્તનમાંથી દૂધ આવ્યા જ કરે છે. તે સૂકવવામાં ન આવે તો સ્તનપાક થાય છે. મોગરાનાં ફૂલ પીસીને તેનો લેપ સ્તન પર કરવાથી દૂધ સુકાઈ જાય છે. ૩) ગોવામાં મોગરાની જંગલી જાતનાં મૂળનો ઉપયોગ સ્ત્રીઓને માસિક ધર્મ ન આવે તો તે લાવવા માટે થાય છે. ૪) પ્રસવ બાદ આર્તવ અનિયમિત હોવાથી ગર્ભાશયમાં અશુદ્ધિ રહી જાય છે. તે સમયે પણ મોગરાનાં મૂળનો ઉપયોગ કરવાથી માસિક સ્રાવ નિયમિત બને છે અને ગર્ભાશયની શુદ્ધિ થાય છે. ૫) ઝાડા વાટે લોહી પડતું હોય તો મોગરાનાં કોમળ તાજાં પાન ઠંડા પાણીમાં વાટી ૨-૩ તોલા જેટલું પાણી સાકર નાખીને પીવાથી લોહી પડતું બંધ થાય છે. ૬) આંખના રોગોમાં મોગરાનાં ફૂલની ચટણી કરી સવાર-સાંજ ૧૦-૧૦ ગ્રામ પાણી સાથે આપવાથી સારો લાભ થાય છે. ૭) ચામડીના રોગોમાં પણ મોગરાનાં ફૂલની ચટણી કરી ૧૦-૧૦ ગ્રામ સવાર-સાંજ લેવી. ખોરાકમાં મીઠા વગરનો હલકો—મગ-ભાત અથવા દૂધ-ભાત જેવો ખોરાક લેવાથી સારો લાભ થાય છે. ૮) ઊલટીઓ થતી હોય અથવા હેડકી આવતી હોય તો મોગરાનાં ફૂલ અથવા પાનની ૧૦ ગ્રામ જેટલી ચટણી પાણીમાં મેળવીને આપવાથી ઊલટીઓ બંધ થાય છે અને હેડકી બેસી જાય છે.

(લોકજીવન) —'દઢબલ'

ધૂમકેતુ

ધૂમકેતુ (પૂછડિયા તારા) જ્યારે સૂર્યની નજીક આવવા લાગે ત્યારે તેને પૂછડી ફૂટે છે. તે પહેલાં તો એ પદાર્થનો ટુકડો જ હોય છે-લગભગ અરધા માઈલના વ્યાસનો, ને ક્યારેક ઓળખી પણ શકાતો નથી. સૂર્યની નજીક આવતાં જ તેની ગરમીને કારણે તેનો પદાર્થ પીગળવા લાગે છે. તેમાંનો બરફ પીગળીને વાયુમાં ફેરવાઈ જાય છે, જે આકાશમાં લાખો માઈલ સુધી પથરાઈ જાય છે, ને જેને ધૂમકેતુની પૂંછડી રૂપે જોઈ શકાય છે. આ પૂંછડીને કે ધૂમકેતુને પોતાનો પ્રકાશ નથી. તે સૂર્યના પ્રકાશનું પરાવર્તન કરે છે. વળી ધૂમકેતુમાં બરફ હોવાથી તે વધુ પ્રકાશિત લાગે છે.

ધૂમકેતુને ગ્રહો, તારા કે ઉપગ્રહો સાથે ન સરખાવી શકાય. તેઓ કદમાં ઘણા જ નાના હોય છે, એટલું જ નહિ પણ સૂર્યની આસપાસ ધૂમકેતુઓ ઘણી જ લંબગોળ કક્ષામાં ફરે છે—એટલી બધી લંબગોળ કક્ષામાં કે તેઓ નજીક આવે ત્યારે સૂર્યથી થોડા લાખ માઈલ જ દૂર રહે છે, અને દૂર જાય ત્યારે પ્લુટોના ગ્રહથી પણ વધુ દૂર જતા રહે છે.

પરંતુ બધા જ ધૂમકેતુ કંઈ આ રીતે નથી ફરતા. કેટલાક ધૂમકેતુઓ એવા છે જેઓ તારાઓની આસપાસ ફરે છે. મતલબ કે તેઓ એક તારાની મુલાકાત લીધા બાદ સૅંકડો પ્રકાશવર્ષ દૂર આવેલા બીજા તારાની મુલાકાત લેવા જતા રહે છે. આમ તેઓ આકાશગંગાના તારાઓની મુલાકાત લેતા રહે છે. આવા ધૂમકેતુ દારૂડિયા જેવા હોય છે. ક્યારેક તેઓ કોઈક તારા તરફ સીધી લીટીમાં ધસી જાય છે અને તેમાં પટકાઈ પડીને નાશ પામે છે. આવા ધૂમકેતુ જ્યારે આપણા સૂર્યની મુલાકાત લેવા આવે છે ત્યારે તેમની ઝડપ કલાકના હજારો માઈલ હોય છે.


ઇતિહાસમાં અનેક ધૂમકેતુની નોંધ લેવાઈ છે, પરંતુ આ બધામાં હેલીના ધૂમકેતુ જેવો પ્રભાવશાળી ધૂમકેતુ બીજો એક પણ નથી. બ્રિટનના એડમન્ડ હેલીએ આ ધૂમકેતુ શોધી કાઢ્યો હતો. જોકે એ પહેલાં પણ આ ધૂમકેતુ દેખાયો હોવાની નોંધ મળી આવે છે. હેલીનો ધૂમકેતુ દર ૭૬ વર્ષે દેખાય છે. હવે એ ૧૯૮૬ની સાલમાં દેખાશે. ૧૯૧૦માં દેખાયા બાદ તે સૂર્યને ચક્કર લગાવી, ૧૯૫૬માં દૂર દૂર વરુણ (નેપ્ચ્યુન)ની કક્ષા ઓળંગી પ્લુટો નજીક પહોંચી ગયો હતો. હવે તે ત્યાંથી વળાંક લઈ પાછો સૂર્ય તરફ આવી રહ્યો છે એમ ગણિત કહે છે. ૧૯૬૭ના અંતમાં વરુણની કક્ષા વટાવી પ્રજાપતિ તરફ ધસી રહ્યો હતો. હવે આ ૧૯૮૦માં તે પ્રજાપતિની કક્ષાને વટાવી જશે અને ઈ. ૧૯૮૫માં શનિની કક્ષાને ઓળંગી ગુરુ સુધી આવશે, અને ૧૯૮૬માં તે ફરી પાછો પૃથ્વી નજીક આવશે ત્યારે એ નરી આંખે જોઈ શકાશે. (ગુજરાતમિત્ર)

આપણા ખોરાકમાં કૅલરી-ગરમીનું પ્રમાણ

દર ૧૦૦ ગ્રામે	કૅલરી
ઘઉ, બાજરી, જુવાર આદિમાં તથા કઠોળમાં	૩૪૦-૩૪૫
ઘી તથા ખાદ્ય તેલોમાં	૯૦૦
ખાંડ-ગોળમાં	૪૦૦
તલ-મગફળીમાં	૫૫૦
ભાજીઓ અને બીજાં શાકમાં	૩૦ થી ૪૦
બટાટામાં	૧૦૦
ફળોમાં	૪૦ થી ૬૦
ભૅંસના દૂધમાં	૧૦૦
માંસ-ઈંડાંમાં	૧૮૦ થી ૧૯૦

સુધારો : માર્ચ અંકમાં 'પૃથ્વી'ના લેખમાં પૃ. ૭૮ ઉપર 'પૃથ્વીનું ભૂ—આવરણ' એ પૅરેગ્રાફના છેલ્લા વાક્યમાં છાપભૂલથી 'અહીં ઉષ્ણતામાન ૧૦૦ ડિગ્રી ફેરનહાઈટથી પણ નીચે જાય છે' છપાયું છે, તેના બદલે '—૧૦૦ ડિગ્રી (શૂન્યથી નીચે) ફેરનહાઈટ' જોઈએ.


આકાશ-દર્શન





ઉત્તર આકાશમાં 'સપ્તર્ષિ' અને 'ધ્રુવમત્સ્ય'ની વચ્ચે વળ ખાઈને પડેલા નાગના આકારે ગોઠવાએલા તારાઓનું એક મંડળ છે. કૃષ્ણે નાથેલા નાગના નામ પરથી આપણે એને 'કાલિય' નામ આપ્યું છે. હાલમાં રાત્રિના આરંભમાં તો નહિ પણ મોડેથી એનું પૂર્ણ દર્શન થઈ શકશે. એના સર્પ સમા આકાર પરથી પશ્ચિમમાં પણ એને 'ડ્રૅગન' કે ડ્રૅકો (Draco) કહે છે. કાલિયમાં બે તારા નોંધનીય છે: 'કાલિય क' અને 'કાલિય ग'. એક જ મંડળના તારાઓને જે તે મંડળના આલ્ફા, બીટા, ગામા (क, ख, ग) વગેરે સંજ્ઞાથી ઓળખવાની એક સર્વમાન્ય પ્રથા છે. આમાંના ખાસ મહત્ત્વના તારાઓને કોઈ ને કોઈ ખાસ નામ પણ અપાયાં છે. કાલિયના ख (બીટા Rastaban) અને ग (ગામા Etamin) તારા આ મહાસર્પની આંખના સ્થાને છે. આમાંનો ग તારો પ્રાચીન મિસરમાં પૂજનીય સ્થાને હતો. પણ કાલિય कનું મહત્ત્વ આ બંનેથી ભિન્ન છે. Thuban નામે એ ઓળખાય છે. પાંચેક હજાર વર્ષ પહેલાં આ તારો ધ્રુવતારો હતો. એવું જણાયું છે કે ઇજિપ્તના પિરામિડોની રચનામાં ધ્રુવતારક તરીકે એની ગણના પણ ખયાલમાં રખાઈ હતી. આના આધારે એ પિરામિડો પણ પાંચેક હજાર વર્ષ પહેલાંના અંદાજાય છે.

પણ આજે કાલિય क ધ્રુવતારો નથી. આપણે જાણીએ છીએ કે પૃથ્વી પોતાની ધરી પર સહેજ ત્રાંસી રહી ફરે છે; એટલે કે પૃથ્વીની ધરી સૂર્યની આસપાસના પ્રદક્ષિણા પથની સપાટીને કાટખૂણે નહિ પણ સહેજ ઢળતી રહે છે. પૃથ્વીના ઉત્તર-દક્ષિણ ગોળાર્ધમાં ઋતુઓના ફેરફાર અને રાતદિવસની લંબાઈની વધઘટ આ ત્રાંસી અક્ષના કારણે જ થાય છે. પોતાની આર પર ઢળતા રહીને ઘૂમતા ભમરડાની ટોચ ત્રાંસમાં ફરવાથી એનાથી એક વર્તુળ પણ રચાય છે. પૃથ્વીની પોતાની અક્ષ પર ઘૂમવાની ગતિ પણ આવી જ છે જેને 'વિષુવાયન' કહે છે. આનાથી રચાતા વર્તુળને 'ધ્રુવચક્ર' કહી શકીએ, અને ૩૬૦ અંશના આ પૂરા ચક્ર દરમિયાન પૃથ્વીની ધરી આકાશમાં જે બિંદુ તરફ તકાએલી રહે એ બિંદુ એ સમયનું ધ્રુવબિંદુ ગણાય, તથા એ બિંદુ પર જ એની તદ્દન નજીક જે તારો હોય તે આકાશમાં અચળ દેખાવાથી એ કાળનો ધ્રુવતારક કહેવાય. પૂરાં ૨૬૦૦ વર્ષે આવું એક ધ્રુવચક્ર પૂરું થાય છે. આમ, કાલિય क એક કાળે ધ્રુવતારક હતો. આજે ધ્રુવતારક Polaris એના સ્થાને છે. જો કે એ પણ હજી ખરા ધ્રુવબિંદુથી એકાદ અંશ દૂર છે. ઈ. ૨૦૦૦ના અરસામા એ ખરા ધ્રુવબિંદુની વધુમાં વધુ નજીક આવશે અને પછી પાછો દૂર ખસતો જશે. એ પછી ૩૦૦૦ વર્ષ બાદ 'વૃષપર્વા' તારામંડળનો ग તારો (Erbai), ૬૦૦૦ વર્ષ બાદ 'વૃષપર્વા क' (Alderamin), ૧૨૦૦૦ વર્ષ પછી 'અભિજિત' (Vega) અને ૨૧૦૦૦ વર્ષ બાદ ફરી 'કાલિય-क' તથા (Thuban) ૨૬૦૦૦ વર્ષ પછી પાછો આજનો ધ્રુવતારક ધ્રુવસ્થાને આવશે. આ રીતે ૨૬૦૦૦ વર્ષે પૂરા થતા વિરાટ ધ્રુવચક્રનું જે મધ્ય બિંદુ તે 'કદંબ' નામે ઓળખાય છે. આ કદંબ-બિંદુ કાલિયના અંગવળાંકમાં આવેલું છે. એની નજીકમાં NGC 6543ની સંજ્ઞાથી ઓળખાતી આપણા તારાવિશ્વ જેવી એક નિહારિકા છે. નાના દૂરબીન વડે એ જોઈ શકાય છે.

ટિકિટસંગ્રહ 'મિસ્ટર વૉટસન, અહીં આવો તો, મારે તમારું કામ છે.'—બરાબર એક સો વર્ષ પર ઈ. ૧૮૭૬ની ૧૦મી માર્ચે ટેલિફોન પર સંભળાએલું એ સર્વ પ્રથમ વાક્ય. ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલની ટેલિફોનની શોધની સફળતાનો એ પુરાવો. એની શતાબ્દી નિમિત્તે એના શોધકની છબિ સાથે ભારતે એક ખાસ ટપાલટિકિટ બહાર પાડી. ◖ બીજી ખાસ ટિકિટ છે કર્ણાટકના મહાન સંગીતકાર મુત્તુસ્વામી દીક્ષિતારની જન્મશતાબ્દી નિમિત્તની. પાંચેક વર્ષના વારાણસીના નિવાસને કારણે હિંદુસ્તાની સંગીતની છાપ સહિત, દેવીદેવતાઓ પર એમણે સેંકડો કૃતિઓ, રાગમાલિકાઓ, બહુભાષી રચનાઓ, નૃત્યરચનાઓ તથા તુર્યવૃંદ માટેની સુગમ ધૂનોની એમણે કરેલી રચનાઓનો રાશિ જેમ વૈવિધ્યપૂર્ણ તેમ વિસ્તૃત છે. એ રચનાઓના રાગ સજીવ, પરિશુદ્ધ અને પૂર્ણ ચિત્ર ઉપસ્થિત કરે છે. શાસ્ત્રીય આલાપ-પરંપરાના એ આચાર્ય. કેવળ વીણા પર જ પ્રકટ થઈ શકે એવું લાલિત્ય ને મીંડ એમની રચાનાઓમાં પ્રકટ થાય છે. ઈ. ૧૮૩૫માં એટ્ટયાપુરમ્‌માં એમનું અવસાન થયું. ◖ ત્રીજી ખાસ ટિકિટ છે વિશ્વ આરોગ્ય દિન (૭ એપ્રિલ) નિમિત્તે. આ વર્ષેએનું સૂત્ર છે: 'દૂરંદેશી અંધતા નિવારે છે'. ઉપચાર યોગ્ય ને અસાધ્ય દૃષ્ટિવિહીનતા એ ભારતની પણ એક મોટી સમસ્યા છે. ટિકિટ પરનું આલેખન પણ આ વિષયને બરાબર અનુરૂપ થયું છે.







(પ્રેષક: ડાહ્યાલાલ પરમાર - અમ.)

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૧ ભારતમાં પહેલવહેલી પોસ્ટલ સેવિંગ્સ બૅન્કની પ્રથાને આરંભ થયો, ૧૮૮૨.

તા. ૩ દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટની ઉપરથી પહેલી વાર વિમાન ઊડ્યું. ૧૯૩૩.

તા. ૪ યુનાઇટેડ સ્ટેટ્સનો તારાંકિત અને પટાદાર રાષ્ટ્રધ્વજ અસ્તિત્વમાં આવ્યો, ૧૮૧૮

તા. ૬ રૉલેટ કાયદા સામે ગાંધીજીએ હિંદમાં પહેલી દેશવ્યાપી હડતાળ પડાવી, ૧૯૧૯.

પ્રસંગવિશેષ

તા. ૧૪ કિનટાસ્કોપ સિનેમાની આદિ રજૂઆત, ૧૮૯૪. ન્યૂ યૉર્કના બ્રૉડવે વિસ્તારમાં



પગરખાંની એક દુકાનમાં ઘટતા ફેરફાર કરીને 'કિનેટોસ્કોપ' નામની એક અદ્‌ભુત શોધની જાહેરમાં રજૂઆત કરવામાં આવી. એમાં છીંક ખાતો માણસ, નાચતી છોકરી અને એ અરસાની વિખ્યાત બંદૂકબાજ ઍન ઓકલેની નિશાનબાજીનાં હાલતાંચાલતાં ચિત્રો દેખાડવામાં આવતાં હતાં. આ આશ્ચર્યજનક 'ચલચિત્ર'ની શોધ વિખ્યાત વિજ્ઞાની એડિસનની પ્રયોગશાળામાં 'બ્લૅક મેરી' નામના એક ડબા જેવા સાધન વડે કરેલી ફોટોગ્રફીથી થઈ હતી. પંદરપંદર સેકંડ ચાલતાં એ ચલચિત્રો વારાફરતી એક એક માણસ ખાસ કાણામાંથી નજર માંડીને જોઈ શકતો. આગળ જતાં આજની જાણીતી સિનેમૅટોગ્રાફીની શોધ અને વિકાસ થયાં. આ સિનેમૅટોગ્રાફીના શોધક ઑગસ્ટ લ્યૂમીએરની અવસાન તિથિ (તા. ૧૦, ઈ. ૧૯૫૪) પણ આ જ માસમાં આવે છે. અને પ્રથમ જાહેર ફિલ્મ શો પણ ઈ. ૧૮૯૬ની આ જ માસની ૨૩મી તારીખે ન્યૂ યૉર્કમાં બતાવાયો હતો.

તા. ૧૬ વિશિષ્ટ વ્યક્તિવિશેષોનાં મીણનાં આબેહૂબ પૂતળાં બનાવનાર અને એના જ એક સંગ્રહસ્થાન-વેક્સ મ્યૂઝિયમની સ્થાપક માદામ તુસૉનું અવસાન, ૧૮૫૦. આ વૅક્સ મ્યૂઝિયમનું નવું મકાન પણ આ જ માસ(તા. ૨૬, ૧૯૨૮)માં લંડનમાં ખુલ્લું મુકાએલું.

તા. ૧૮ ઈ. ૧૮૫૭ના બળવાના છેલ્લા વીર તાત્યા ટોપેને સિપ્રી મુકામે ફાંસી અપાઈ, ૧૮૫૯.

તા. ૨૦ જર્મનીને બીજા વિશ્વયુદ્ધમાં ઘસડી જનાર ઍડાલ્ફ હિટલરનો જન્મ, ૧૮૮૯. અને આ યુદ્ધને અંતે જર્મનીની હાર નિશ્ચિત બની જતાં એણે ૧૯૪૫ની આ જ માસની ૩૦મી તારીખે આપઘાત કર્યો.

તા. ૨૧ પાણીપતના યુદ્ધમાં બાબરે પઠાણોને હરાવ્યા, ૧૫૨૬. યુરોપ અને તુર્કસ્તાનમાં ત્યારે વપરાતી થએલી તોપોનો એણે અહીં હિંદુસ્તાનમાં પહેલી વાર ઉપયોગ કર્યો. વળી, સુલતાન ઈબ્રાહિમની સામે બાબરનું યુદ્ધકૌશલ અને યોજનાબદ્ધ આક્રમણ પણ ખાળી શકાય તેવું નહોતું. સાંજ થતાંમાં તો પોતાના હજારો સૈનિકો સાથે ઈબ્રાહિમ પણ મરાયો ને બાબરની જીત થઈ દિલ્હી તેના કબજામાં આવ્યું. આગળ જતાં ઇતિહાસમાં મોટો વિસ્તાર આવરી લેતી મુઘલ સલ્તનતનો હિંદુસ્તાનમાં પાયો નખાયો.

તા. ૨૮ બીજા વિશ્વયુદ્ધમાં પરાસ્ત બનનાર જાપાને પોતાની રાજાશાહી પુનઃ પ્રાપ્ત કરી, ૧૯૫૨. એના રાજા સમ્રાટ હીરોહીટોનો જન્મ પણ આ જ માસમાં ઈ. ૧૯૦૧માં ૨૯મી તારીખે થએલો.

વ્યક્તિવિશેષ

તા. ૨૯ પૌરાણિક પાત્રો અને દેવ દેવીઓનાં ચિત્રો દ્વારા દેશભરમાં ખ્યાતિ પામનાર ચિત્રકાર રાજા રવિવર્માનો જન્મ, ૧૮૪૮. હિંદી ચિત્રકળાના લાંબા અંધકારયુગ પછી તેમની કળાએ હિંદી ઘરોમાં સૌભાગ્ય અને દીપ્તિ વધારીને હિંદુ સંસ્કૃતિની ઉષ્મા સજીવન કરી હતી.

તા. ૩૦ જ્યૉર્જ વૉશિંગ્ટન સ્વતંત્ર અમેરિકાના સંયુક્ત રાજ્યોના પહેલા પ્રમુખ ચૂંટાયા, ૧૭૮૯.



ખેડૂત શેઠે નવા રાખેલા માણસને એક ઍલાર્મ ક્લૉક આપતાં કહ્યું: 'આ તારી પાસે રાખ અને રોજ સવારે બરાબર પાંચ વાગે ઊઠી જઈ કામ પર આવી જજે.'

પણ પહેલે જ દિવસે ઍલાર્મ વાગ્યું નહિ, અને મોડું થવા બદલ ખેડૂતે એને કારણ પૂછ્યું: 'કેમ, મેં કહ્યું હતું તો યે સમયસર ન અવાયું?'

'પણ શેઠ, તમે આપેલા ઘડિયાળનું ઍલાર્મ જ વાગ્યું નહિ એટલે મોડું થયું.'

'અરે હા. હું તને કહેતાં ભૂલી ગએલો. એ ઘડિયાળ જરા જૂનું છે ને એટલે, ક્યારેક એનું ઍલાર્મ વાગતું નથી. પણ હવે કાલે જો ન વાગે તો તું એને જરા હલાવજે એટલે વાગશે.'

નેતા : બધાં જ ક્ષેત્રોમાં મારે પલટો જોઈએ. મારે લૅન્ડ રિફૉર્મ જોઈએ...હાઉસિંગ રિફૉર્મ જોઈએ...એડ્યુકેશન રિફૉર્મ જોઈએ. મારે...મારે...

એક શ્રોતા : ક્લૉરોફૉર્મ જોઈએ.

'તારા થકી તો મારા જીવનમાં ઉલ્લાસ છે. તારા થકી મારી પ્રત્યેક પળ ખુશનુમા છે. તારા વિના મારા જીવનમાં ઝંઝાવાત ફરી વળશે. તારા વગર જીવન વાદળોથી ઘેરાએલું...'

'તમે લગ્નનો પ્રસ્તાવ મૂકી રહ્યા છો કે હવામાનનો અહેવાલ આપો છો?'

શ્રીમતી 'અ': ને તમને વેનિસ કેવું લાગ્યું?

શ્રીમતી 'બ': વેનિસ? અમને ત્યાં રોકાવું ઠીક ન લાગ્યું. એક તો વરસાદ હતો અને ત્યાંના રસ્તાઓમાં બધે પાણી ભરાયું હતું.



('જનસત્તા'માં શિવ)

ધન, જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક,
ચારે જો ભેળાં મળે અનરથ કરે અનેક.

બીજા વિશ્વયુદ્ધની જગવિખ્યાત અલામીનની લડાઈ જીતનાર અંગ્રેજ સેનાપતિ મૉન્ટગૉમરીને એ દિવસોમાં પારી(સ)માં તે વિષે કોઈએ એનાં ખૂબ વખાણ કરતાં અભિનંદન આપ્યાં, ત્યારે એણે બધો જશ પોતાના સૈનિકોને આપતાં નમ્રતાથી માત્ર એક જ વાક્ય કહ્યું : 'હા, જવાનોએ સારી કામગીરી બજાવી.' અંગ્રેજ પ્રજાના લાડીલા એ સેનાપતિ 'મૉન્ટી'નું હમણાં ગઈ ૨૪મી માર્ચે ઉંમરમાં જ અવસાન થયું.

માર્ક ટ્વેઇને એક દિવસ નિખાલસભાવે એક સ્ત્રીની પ્રશંસા કરી : 'તમે બહુ સુંદર છો.' ત્યારે પેલીએ અભિમાની મરડાટથી કહ્યું : 'પણ હું દિલગીર છું કે તમને એવા કહી શકતી નથી.'

ટ્વેઇને આ ટોણાનો ઉત્તર વાળતાં કહ્યું : 'કંઈ નહિ; તમે પણ મારી જેમ ખોટું બોલી દોને!'

કહેવતોના અર્થ : કીટ ગાંગરતાં જ પલાણીએ—પોતાની સામેના વિરોધ, અસંતોષ કે બખડાટને ગણકાર્યા વિના પોતાનું ધાર્યું કામ કર્યે જવાનું નિર્દેશતી આ કહેવતને મળતી બીજી કહેવત તો બહુ જાણીતી છે : 'કરતા હોઈએ તે કરીએ, ને છાશની દોણી ભરીએ.'

અનેકાર્થી શબ્દ : જાગ = હવન કે યજ્ઞ; જાગવું તે, જાગૃતિ; માતાના પૂજન માટે જવારા વાવવા તે; આઠ દિવસનું અનુષ્ઠાન; રન્નાદે; વાટ કે રસ્તો; વહાણના ભંડારનો રક્ષક; ચેતવણી, અગાઉથી આપેલી ખબર; વિષ્ણુના ૧૭ માંનો ૧૪મો અવતાર; સ્થળ કે જગ્યા; ઘર કે મકાન; તદ્દન કાળા રંગનું કબૂતર.

ગણિત-ગમ્મત

૨૫૨૦ની સંખ્યા એવી છે કે તેને ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ એ બધા જ અંક વડે નિઃશેષ ભાગી શકાય છે.

તુલસીની માંજરો પાકતાં તેમાંથી જે બી નીકળે છે તે બી વાટી, તેમાં ગોળ ભેળવી બનાવેલી વટાણા જેવડી ગોળી શક્તિપ્રદ ટૉનિકનું કામ કરે છે.

માણસના જીવનમાં બે સમય એવા છે કે જ્યારે તેણે સટ્ટો ન ખેલવો : એક તો જ્યારે તેનું ગજું ન હોય ત્યારે; અને બીજું, જ્યારે ગજું હોય ત્યારે.
(માર્ક ટ્વેઈન)


हस्तस्य भूषणं दानम्
सत्यं कण्ठस्य भूषणम् ।
श्रोत्रस्य भूषणं शास्त्रम्
भूषणैः किं प्रयोजनम् ॥

હાથનું ઘરેણું દાનશીલતા છે, કંઠનું ભૂષણ સત્યભાષણ છે. શાસ્ત્રચર્ચા એ કાનનું આભૂષણ છે : પછી બીજાં આભૂષણોની શી જરૂર છે ?



ટિકિટ-કથા: લગભગ ૭૫ વર્ષ પહેલાં ફ્રાંસમાં છાપેલી સામગ્રીની ટપાલ પર આ ઓછી કિંમતની ટિકિટ લગાડાતી. એમાં એક હાથમાં, ત્રાજવું અને બીજામાં ઑલિવની ડાળ સાથે ટપાલ સૂચક બ્યૂગલ પકડીને બેઠેલી પાંખવાળી સ્ત્રી એ ટપાલનું દ્યોતક આલેખન છે. એના ડિઝાઈનર જોસેફ બ્લૅન્કના નામ પરથી આ ટિકિટો સંગ્રાહકોમાં 'ટાઈપ બ્લૅન્ક' નામે ઓળખાય છે. એનો વપરાશ લગભગ ત્રીસેક વર્ષ રહ્યો. એ દરમ્યાન છાપ-પદ્ધતિ, કાગળ તથા રંગ આદિના ફેરફારને લીધે એમાં ઘણું વૈવિધ્ય હોઈ સંગ્રાહકો માટે એ સમગ્ર સેટ રસપ્રદ બની રહ્યો છે. ઍલેક્ઝાંડ્રિયા, પોર્ટ સઈદ વગેરે જેવાં દરિયાપારનાં ફ્રેંચ મથકોના વપરાશ માટે પણ એ પ્રમાણેના ઉલ્લેખવાળી આ ટિકિટોનો પણ એ વૈવિધ્યમાં સમાવેશ થાય છે.

કૂતરો એ એકમાત્ર એવું પ્રાણી છે કે જે દુનિયાના એકેએક દેશના એકેએક ખૂણામાં એકેએક જાતિમાં અને એકેએક હવામાનમાં મળી આવે છે.




અમેરિકન વિજ્ઞાનીઓએ બનાવેલા આ 'બેકમૅન-વ્હિટલી' કૅમેરા દ્વારા એક સેકંડમાં ૧૪ લાખ ફોટો લઈ શકાય છે. આ રીતે એના દ્વારા કેવળ એક જ મિનિટ સુધી ઉતારેલી ૩૫ મિ.મી.ની ફિલ્મને સિનેમાઘરોમાં દર્શાવાતાં ચલચિત્રની ઝડપે રજૂ કરવામાં આવે તો એ ૪૦ દિવસથી યે વધુ ૨ નય સુધી ચાલે.

અંકસંદર્ભ—'ત્રણ': પ્રાણાયામનાં ત્રણ અંગ—પૂરક, કુંભક, રેચક; ત્રણ સ્થિત્યંતર—ઉત્પત્તિ, સ્થિતિ, લય; ત્રિફળા (ઔષધ)—હરડાં, બેડાં આમળાં; ત્રિકટુ (ઔષધ)-સૂંઠ, મરી, પીપર; દેહાધાર ત્રય: આહાર, નિદ્રા, બ્રહ્મચર્ય; ત્રિપુટી-બ્રહ્મ, માયા, જીવ; સત્યમ્, શિવમ્, સુન્દરમ્.

'હું માનું છું કે તમારી પત્ની સારા કુટુંબમાંથી આવે છે.'

'અલબત્ત, આવી જ છે; અને તે સારા કુટુંબને સાથે પણ લેતી આવી છે.'



કલાક્ષિતિજ : ઈ. સ.ની પહેલી સદીમાં ઇજિપ્તમાં વપરાતો માટીનો દીવો.

ફિનલૅન્ડની ભાષામાં સાબુ વેચનારાને માટેનો શબ્દ છે Saippuakauppias, જે બંને બાજુથી એકસરખો વાંચી શકાય છે !

'અનિલ' ડાયરી — રતિલાલ 'અનિલ'

કામચોરને પકડે એવી કોઈ પોલીસ જ ભારતમાં નથી.
કિસ્મતવાળાં બારણાંને તો ગમે તે દિશામાં જવાની છૂટ!
સફેદ સદની હોડી શરણે જ આવે એવું થોડું છે?